णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક-સંગ્રહ : ૨૪

# અષ્ટાહ્નિકા—માહાત્મ્ય

દેશનાકાર :—

પૂ૦ આગમોદ્ધારક–આચાર્યપ્રવર–

શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :

શ્રીજૈન–પુસ્તકપ્રચારક–સંસ્થા, સુરત.

નકલ ૫૦૦ ] [ મૂલ્ય : રૂા. ૨–૦૦

વિક્રમ સંવત્ ૨૦૨૮ ] વીર સંવત્ ૨૪૯૮ [ આગમોદ્ધારક સંવત્ ૨૨

: પ્રાપ્તિસ્થાન :

જૈન આનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૂ૦ આગમોદ્ધારક-આચાર્યદેવ-શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ૦ના અંતેવાસીશિષ્ય મુનિવરશ્રીગુણસાગરજી મ૦ ની શુભપ્રેરણાથી

## દ્રવ્ય-સહાયકોની નામાવલી

૨૫૧-૦૦ ૫૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ૦ ના શિષ્ય ઉપાધ્યાયજી શ્રીક્ષમાસાગરજી મ૦ ના પ્રશિષ્ય મુનિરાજશ્રી શશિપ્રભસાગરજીની શુભપ્રેરણાથી શીરપુરનિવાસી અમૃતલાલ દગડુ શાહ તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૧-૦૦ અજીતનિવાસી (મારવાડ) સ્વ૦ પુનમચંદજી હંસરાજજી તથા તેમના ધર્મપત્ની સ્વ૦ છોગીબાઈના સ્મરણાર્થે શાહ બુધમલ ચંદ્રભાણ નંદરબારવાળા તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૦-૦૦ શીરપુરનિવાસી કંકુચંદ હીરાચંદ તથા તેમના ધર્મપત્ની રૂક્ષ્મણીબેન તથા તેમના સુપુત્રો કીર્તિકુમાર, પ્રદ્યુમ્નકુમાર તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ.

૫૧-૦૦ બદનાવરનિવાસી સુંદેચા કસ્તુરચંદજી સરૂપચંદજી ના સ્મરણાર્થે તેમના સુપુત્ર નાથુલાલજી તથા પૌત્ર કનકમલ, ભરતકુમાર નરેન્દ્રકુમાર, અભયકુમાર તરફથી જ્ઞાનભક્તિ નિમિત્ત ભેટ.

વિદુષી સાધ્વી સમેતશિખર-તીર્થોધ્ધારિકા કાર્યદક્ષા સા૦ શ્રી રંજનશ્રીજી મ૦ ના પરમવિનયી સુશિષ્યા જેમણે વર્ધમાનતપની ૧૦૦ ઓળી પૂર્ણ કરેલ તપસ્વી સાધ્વીશ્રી પ્રવીણશ્રીજી મ૦ ની શુભપ્રેરણાથી પુસ્તક-પ્રકાશનમાં નીચે પ્રમાણે ભેટ મળેલ છે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૦૧–૦૦ જલગામનિવાસી સમરથમલ ભાગીરથજી ગાંધીના ધર્મપત્ની અ૦ સૌ૦ સજ્જનબેને કરેલ ઉપધાનની તપસ્યા નિમિત્તે તેમના સુપુત્રો પારસમલજી, શાંતિલાલજી, કાંતિલાલજી તથા દીલીપકુમારજી તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૧–૦૦ ધુલીયાનિવાસી ભૂદીબેન શાંતિલાલના શ્રેયાર્થે તેમના પુત્ર હીંમતલાલ તથા પુત્રવધૂ લીલાવતીબેન, પૌત્ર અનીલકુમાર, દીનેશકુમાર નીશીથકુમાર તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૧–૦૦ વિક્રમ સંવત્ ૨૦૨૭ નંદરબાર ચાતુર્માસમાં વિદુષી સાધ્વી રંજનશ્રી મ૦ ના સુશિષ્યા પરમવિનયી સાધ્વીશ્રી પ્રવીણશ્રીજી મ૦ તથા તેમની શિષ્યાઓ તથા પ્રશિષ્યાઓ સા૦ મૃદુતાશ્રીજી, સા૦ સુજ્ઞતાશ્રીજી, સા૦ ભાવિતાશ્રીજી, સા૦ હીતપ્રજ્ઞાશ્રીજી, સા૦ હર્ષપૂર્ણાશ્રીજી, સા૦ હર્ષિતાશ્રીજી, સા૦ વિશ્વજ્ઞાશ્રીજી, સા૦ રમ્યપ્રજ્ઞાશ્રીજી, સા૦ રત્નપ્રજ્ઞાશ્રીજી, સા૦ વર્ધમાનશ્રીજી, સા૦ વિદ્વતાશ્રીજી, સા૦ સુજેતાશ્રીજીના ચાતુર્માસમાં થએલ જ્ઞાનખાતાની આવકમાંથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૧–૦૦ ધુલીયાનિવાસી અ૦ સૌ૦ મથુરાબેન હેમચંદના શ્રેયાર્થે તેમના સુપુત્ર જીવણલાલ તથા પુત્રવધૂ નિર્મલાબેન તરફથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ.

૧૦૧–૦૦ સ્વ૦ યોગનિષ્ઠ પૂ૦ આચાર્યદેવશ્રી કેસરસૂરીશ્વરજી મ૦ સા૦ ના પટ્ટધર શિષ્ય આચાર્યદેવશ્રી ચંદ્રસૂરીશ્વરજી મ૦ ના આજ્ઞાવર્તીની વિદુષી સાધ્વીશ્રી નેમશ્રીજી મ૦ સા૦ ની નવપદજીની ઓળી તથા સા૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરૂણપ્રભાશ્રીજી મ૦ ની વર્ધમાનતપની ૨૬મી ઓળી, સા૦ મંજુલાશ્રીજી ની વર્ધમાનતપની ૫૧મી ઓળી, સા૦ ત્રિલોચનાશ્રીજીની વર્ધમાનતપની ૮૦મી ઓળી, સા૦ વારિષેણાશ્રીજી ની સળંગ વીસસ્થાનકની બે ઓળી, સા૦ વજ્રસેનાશ્રીજીની વીસસ્થાનકની ૧૫મી ઓળી, તથા સા૦ રત્નત્રયાશ્રીજીની વર્ધમાન-તપની ૧૧મી ઓળી, સા૦ વિરતિધરાશ્રીજી સિદ્ધિ-તપ તથા નવપદજીની ઓળી, સા૦ મેરૂશીલાશ્રીને વર્ધમાનતપનો પાયો, તથા નવપદજીની ઓળી, સા૦ શાસનરસાશ્રીજી ને દોઢમાસીઆદિ તપશ્ચર્યા નિમિત્ત જ્ઞાનભક્તિમાં ભેટ.

*

મુદ્રક : વસંતલાલ રામલાલ શાહ, પ્રગતિ મુદ્રણાલય,
ખપાટિયા ચકલા, સૂરત.
પ્રકાશક : શ્રી પાનાચંદ સાકેરચંદ મદ્રાસી, શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા
ગોપીપુરા, સૂરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય-નિવેદન

અમારી આ "જૈન પુસ્તક-પ્રચારક સંસ્થા" પૂર્વાચાર્યોની અને પરમતારક ગુરૂદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની કૃતિઓનું પ્રકાશન કરે છે. અને ભવિષ્યમાં પણ પૂર્વાચાર્યોની તથા પૂ૦ ગુરૂદેવશ્રીની તેમજ શાસનોપયોગી બીજી આધુનિક કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના રાખે છે. તે પૈકી પૂ૦ ગુરૂદેવશ્રીએ આપેલ અઠ્ઠાઈના વ્યાખ્યાન તે **'અષ્ટાહ્નિકા-માહાત્મ્ય'** આગમોદ્ધારક સંગ્રહ ૨૪ મા ગ્રંથરત્ન તરીકે પૂ૦ ગુરૂદેવશ્રીના પ્રખર અનુરાગી મુનિરાજ **શ્રીગુણસાગરજી** મહારાજની પ્રેરણાથી પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથના વિષયને સમજવા માટે વિષયાનુક્રમ અપાયેલ છે.

પૂ. મુનિ મહારાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

સિદ્ધચક્ર-માહાત્મ્ય.
સુધા-સાગર ભા-૧-૨
સાગર-સમાધાન ભા-૧-૨.
શ્રી નવ સ્મરણાનિ ગૌત્તમરાસશ્ચ.
સૂયગડાંગ સૂત્ર. ( વ્યાખ્યાન. )
પર્વ-દેશના.
ઉપાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ.
સ્થાનાંગ-સૂત્ર.
( વ્યાખ્યાન સંગ્રહ ભા-૧ )
ષોડશક પ્રકરણ.
( વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧ )
આગમીયસૂક્તાવલ્યાદિ.
લઘુતમનામકોષ અને
લઘુસિદ્ધપ્રભા-વ્યાકરણ
પ્રશમરતિ અને સંબંધકારિકા.
( વ્યાખ્યાન સંગ્રહ )
નવપદ-માહાત્મ્ય.

આચારાંગ સૂત્ર.
(અ૦ ૪. વ્યા૦ સંગ્રહ ભા. ૧)
આરાધનામાર્ગ. (ગુજરાતી ભાવાર્થ)
શ્રી તીર્થંકરપદવી-સોપાન.
( વીસસ્થાનકના વ્યાખ્યાનો )
આગમોદ્ધારકશ્રીની અમોઘ-દેશના વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત-વાણી વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત-દેશના વ્યાખ્યાન
નવપદ-માહાત્મ્ય.
આગમોદ્ધારક-લેખસંગ્રહ.
પર્વ માહાત્મ્ય (પર્વોના વ્યાખ્યાનો)
તપ અને ઉદ્યાપન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપદેશ રત્નાકર. ( મૂળ ભવાર્થ ) | આનંદ–સુધાસિન્ધુ ભા–૨
શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા (હારિભદ્રીય) | તાત્વિક–પ્રશ્નોત્તર ( સંસ્કૃત )
તાત્વિક–પ્રશ્નોત્તર. | આરાધનામાર્ગ ભા-૧ (સં. ભાવાર્થ)

આ પુસ્તકનું સંશોધનાદિ કાર્ય પૂ૦ **આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય–પટ્ટધર** શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં, તથા રાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનાર તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રા કરીને બંગાલ, બિહાર. ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ખાનદેશ મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાની વિશાળ જગ્યામાં બંધાયેલ ગુરૂમંદિરમાં પૂ૦ આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ૦ આગમોદ્ધારકશ્રીના રચેલા ગ્રંથોનું સંપાદન કરનાર વર્તમાનશ્રુતના જ્ઞાતા, વિદ્યાવ્યાસંગી, મૂળીનરેશ–પ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યભગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના પરમવિનયી શિષ્યરત્ન શતાવધાની **ગણીવર્ય શ્રીલાભસાગરજી** મહારાજે કરેલ છે. તથા આ પુસ્તક પ્રકાશનમાં **સહાયભૂત** થનાર મુનિશ્રી અરૂણોદયસાગરજી મ૦ મુનિશ્રી શશિપ્રભસાગરજી મ૦ મુનિશ્રી પુણ્યોદયસાગરજી મ૦ તથા બાલમુનિ શ્રીમહાબલસાગરજી મ૦ ના અમો ઋણી છીએ. અંતમાં આ અઠ્ઠાઈના વ્યાખ્યાનોના વાંચન–મનન દ્વારા ભવ્ય જીવો આરાધના કરો એજ અભ્યર્થના

વિ. સં. ૨૦૨૮ માગશર વદી ૧૦ રવિવાર
પાર્શ્વનાથ–જન્મકલ્યાણકદિન
સુરત

લિ૦
**મદ્રાસી પાનાચંદ સાકેરચંદ**
**ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અવતરણ

પરમતારક ગુરૂદેવશ્રી આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રીઆનંદ-સાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીએ પર્યુષણના પ્રથમ ત્રણ દિવસનાં આપેલાં વ્યાખ્યાનો **'અષ્ટાહ્નિકા-માહાત્મ્ય'** તરીકે આ પુસ્તકમાં પ્રસિદ્ધ થાય છે. પુસ્તક તથા તેના લેખકના અંગેનો પરિચય ચાલુ સમયમાં આપવાની પ્રથા છે.

પરમ પૂજ્ય ગુરૂદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજનાં નામ તેમજ તેઓશ્રીનાં શાસનપ્રભાવક કાર્યોથી જૈનજગત્ સુપરિચિત છે. જૈનેતર વિદ્વાનો પણ એમનાં જ્ઞાનની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. 'આગમોનાં ઉદ્ધારનું' ભગીરથ કાર્ય એમણે વર્ષો સુધી પૂરેપૂરી જહેમત લઈને સારી રીતે પાર ઉતાર્યું.

અદ્ભૂત સ્મરણશક્તિ અને વકતૃત્વશક્તિ-દ્રવ્યાનુયોગનું સરળ અને સચોટ નિરૂપણ કરતાં એમનાં વ્યાખ્યાનોમાં વિવિધ કિસ્સા-કહાણીઓને સમુચિત સ્થાન અપાયેલું હોવાથી તેમજ જાતે પ્રશ્નો ઉઠાવી તેનાં ઉત્તરો મનમોહક-શૈલીમાં આપવાની પદ્ધતિનો અમલ કરાયાથી શ્રોતાજનો અનેરો આનંદ મેળવે છે. એમનાં વ્યાખ્યાનો લિપિબદ્ધ કરાયાં છે, અને હવે તેનું પ્રકાશન પણ થઈ રહ્યું છે. તેથી જે જિજ્ઞાસુઓ એમનાં રૂબરૂ પરિચયમાં આવી શક્યા નથી કે આવી શકતા નથી. તેવાઓને પણ એમનાં જ્ઞાનનો લાભ મળી શકે છે. એમની વકતૃત્વશક્તિ ભલભલાને હેરત પમાડનારી છે. એમની સ્મરણશક્તિ અદ્ભૂત હતી. સંસ્કૃત અર્ધમાગધી, પ્રાકૃત, હિન્દી તેમજ ગુજરાતી ભાષા ઉપરનો તેમનો કાબુ અજેય છે. એ બધી ભાષાઓનાં વ્યાકરણમાં તેઓ પારંગત હતા.

આજે શ્રી જૈનસંઘમાં જે અનેક આચાર્યો, ઉપાધ્યાયો તેમજ સાધુ મહારાજાઓ મોજુદ છે. તે સર્વેમાં આગમોનાં જ્ઞાનની બાબતમાં આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરિજીનું** નામ મોખરે આવે છે. વર્તમાન જૈનજગત્ ઉપર એમનો ઉપકાર અદ્વિતીય છે. એમના હાથે દીક્ષિત થયેલાની સંખ્યા તેમજ એમનાં સમુદાયનાં મુનિરાજોની તેમજ આજ્ઞાવર્તી સાધ્વીજીઓની સંખ્યા ઘણી વિશાલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**આગમો અને જિનાલયો**–આગમો શિલારૂઢ કરી એમને ક્યાં સુરક્ષિત રાખવા એ પ્રશ્ન ઉપસ્થિત થતાં ખૂબ ખૂબ મનોમંથનનાં પરિણામે પૂ૦ ગુરૂદેવશ્રીનાં હૃદયમાં નિશ્ચય થયો કે **શ્રી સિદ્ધગિરિજી**ની શીતલ છાયામાં ભવ્ય જિનાલય ઉભું કરી તેમાં આ શિલારૂઢ આગમો દીવાલો ઉપર ચોંટાડાય તો આગમો સલામત રહે અને શ્રી સિદ્ધગિરિજીની યાત્રાએ આવનારા મુમુક્ષોઓ એનાં દર્શન કરી પાવન થાય. આ નિશ્ચયનાં પરિણામે પાલીતાણામાં **'શ્રી વર્ધમાન જૈનાગમમંદિર'** ની રચના વિક્રમ સં. ૧૯૯૪માં શરૂ થઈ. અને વિ. સં. ૧૯૯૯ નાં મહા વદી ૫ નાં દિવસે એ મંદિરમાં મૂલનાયક ભગવાન્ **શ્રી ઋષભદેવાદિ** મનોહર જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ. તે પછી તાપીનદીને તટે આવેલા **સુરત** શહેરનાં મધ્ય ભાગ રૂપ ગોપીપુરામાં ઉપસાવેલા અક્ષરો વડે અંકિત કરાવાયેલાં તામ્રપત્રોમાં જૈન આગમો બિરાજીત કરવા માટે **શ્રી આગમોદ્ધારક–સંસ્થા દ્વારા 'શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર–આગમમંદિર'** બંધાવવામાં આવ્યું છે. અને તેમાં પ્રગટ પ્રભાવી ભગવાન્ શ્રી **મહાવીર–સ્વામીજી** આદિ નયનમનોહારી જિનબિંબોની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૨૦૦૪નાં મહા સુદ ૩ ને શુક્રવારનાં રોજ થઈ. આ પ્રસંગોનાં પ્રતિષ્ઠા મહોત્સવો દરમ્યાન ભારતભરનાં આગેવાન જૈન–નરનારીઓએ પાલીતાણા તેમજ સુરત પધારી શોભામાં વૃદ્ધિ કરી હતી. અને એમાં ભાગ લેનાર સૌ કોઈને જીવનમાં કદી ન ભૂલાય તેવાં આનંદનો અનુભવ થયો હતો. મહાન્ પુણ્યોદયે જ આવા કલ્યાણકારી પ્રસંગોમાં ભાગ લેવાનું સદ્ભાગ્ય મુમુક્ષુજનોને પ્રાપ્ત થાય છે. ૫૦ પૂ૦ આચાર્ય દેવેશ **શ્રી આનંદસાગર–સૂરીશ્વરજી** મહારાજે રચેલા સંસ્કૃત પાકૃત ગ્રંથોમાંથી પૂજ્ય આચાર્ય ભગવાન્ શ્રી ગચ્છાધિપતિ **માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજે નીચે પ્રમાણે જણાવેલ ગ્રંથોનું સંપાદન કાર્ય કરેલ છે. અને હજી પણ પૂર્વાચાર્યોનાં તથા પૂ૦ ગુરૂદેવશ્રીનાં ગ્રંથોનું સંપાદન કાર્ય ચાલુ જ છે.

*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આગમોદ્ધારક-કૃતિસન્દોહ

## વિભાગ-૧

(૧) તાત્ત્વિક-વિમર્શઃ
(૨) પર્યન્તકલ્પવાચનમ્
(૩) અધિગમસમ્યક્ત્વમ્
(૪) પર્યુષણાપરાવૃત્તિઃ
(૫) અવ્યવહારરાશિઃ
(૬) સંહનનમ્
(૭) ક્ષાયોપશમિકભાવઃ
(૮) અર્હચ્છતકમ્
(૯) ઉદ્યમપંચદશિકા
(૧૦) ક્રિયાદ્વાત્રિંશિકા
(૧૧) અનુક્રમપંચદશિકા
(૧૨) ક્ષમાવિંશતિકા
(૧૩) અહિંસાવિચારઃ
(૧૪) આચેલક્યમ્
(૧૫) ઉપકારવિચારઃ
(૧૬) મિથ્યાત્વવિચારઃ
(૧૭) ઉત્સૂત્રભાષણવિમર્શઃ
(૧૮) જ્ઞાનપંચવિંશતિકા
(૧૯) ઈર્યાપથિકા-નિર્ણય
(૨૦) સામાયિકેર્યાસ્થાન-નિર્ણયઃ
(૨૧) ઈર્યાપથપરિશિષ્ટમ્
(૨૨) શ્રુતશીલચતુર્ભંગી
(૨૩) ચૈત્યદ્રવ્યોત્સર્પણમ્
(૨૪) દેવાયભંજકશિક્ષા
(૨૫) ઉત્સર્પશબ્દાર્થવિચારઃ
(૨૬) દેવનિર્માણમાર્ગઃ
(૨૭) અચિત્તાહારદ્વાત્રિંશિકા
(૨૮) પૌષધપરામર્શઃ
(૨૯) પૌષધપરામર્શઃ
(૩૦) શ્રમણો ભગવાન્ મહાવીરઃ
(૩૧) શ્રીવીરવિવાહવિચારઃ
(૩૨) સલ્લક્ષણાનિ.
(૩૩) પર્યુષણાપ્રભા
(૩૪) ઇર્યાદ્વાપચાશિકા
(૩૫) જયસોમસિક્ખા
(૩૬) દુષ્પ્રાતકારવિચારઃ
(૩૭) શ્રમણધર્મસહસ્રી
(૩૮) સિદ્ધગિરિસ્તવઃ

## વિભાગ-૨

(૧) મંગલાદિ વિચારઃ
(૨) નયવિચારઃ
(૩) નયષોડશિકા
(૪) નિક્ષેપશતકમ્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૫) લોકોત્તરતત્ત્વદ્વાત્રિંશિકા
(૬) વ્યવહારસિદ્ધિષટ્ત્રિંશિકા
(૭) કર્મફલવિચારઃ
(૮) પરમાણુપંચવિંશતિકા
(૯) ભવ્યાભવ્યપ્રશ્નઃ
(૧૦) અષ્ટક–બિંદુઃ
(૧૧) સ્યાદ્વાદદ્વાત્રિંશિકા
(૧૨) અનંતાર્થાષ્ટકમ્
(૧૩) પર્વવિધાનમ્
(૧૪) સૂર્યોદયસિદ્ધાન્તઃ
(૧૫) સાંવત્સરિકનિર્ણયઃ
(૧૬) પર્યુષણારૂપમ્
(૧૭) જ્ઞાતપર્યુષણા
(૧૮) શ્રુતસ્તુતિઃ
(૧૯) જ્ઞાનભેદષોડશિકા
(૨૦) અનાનુગામુકાવધિઃ
(૨૧) પ્રજ્ઞપ્તપદદ્વાત્રિંશિકા
(૨૨) અનુયોગપૃથક્ત્વમ્
(૨૩) નિષદ્યાવિચારઃ
(૨૪) સમ્યક્ત્વષોડશિકા
(૨૫) સમ્યક્ત્વભેદવિચારઃ
(૨૬) સમ્ય ત્વભેદાઃ
(૨૭) સમ્યક્ત્વજ્ઞાતાનિ
(૨૮) ક્ષાયિકભવસંખ્યાવિચારઃ
(૨૯) શમનિર્ણયઃ
(૩૦) પ્રતિમાપૂજાદ્વાત્રિંશિકા
(૩૧) પ્રતિમાપૂજા
(૩૨) પ્રતિમાપૂજાસિદ્ધિઃ
(૩૩) પ્રતિમાષ્ટકમ્
(૩૪) જિનવરનુતિઃ
(૩૫) દેવદ્રવ્યદ્વાત્રિંશિકા
(૩૬) રાત્રિચૈત્યગમનમ્
(૩૭) દેવતાસ્તુતિનિર્ણયઃ
(૩૮) ગુરુસ્થાપનાસિદ્ધિઃ


## વિભાગ-૩


(૧) યતિધર્મોપદેશઃ


## વિભાગ-૪


(૧) દાનધર્મઃ
(૨) યથાભદ્રકધર્મસિદ્ધિઃ
(૩) ધર્મોપદેશઃ
(૪) સચૂલચારિત્રધર્માષ્ટકમ્
(૫) મૌનષટ્ત્રિંશિકા
(૬) ભિક્ષાષોડશકમ્
(૭) માસકલ્પસિદ્ધિઃ
(૮) વેસમાહપ્પં
(૯) શિષ્યનિષ્ટ્રેટિકા
(૧૦) ક્રિયાસ્થાનવર્ણનમ્
(૧૧) સદનુકરણમ્
(૧૨) શરણચતુષ્કમ્


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(૧૩) મોક્ષપંચવિંશતિકા
(૧૪) આર્યાનાર્યવિચાર:
(૧૫) વ્યવહારપંચકમ્
(૧૬) લોકાચાર:
(૧૭) ગુણગ્રહણશતકમ્
(૧૮) ગર્ભકૃત્યમ્
(૧૯) ધનાર્જનષોડશિકા
(૨૦) સૂતકનિર્ણયપંચવિંશતિકા
(૨૧) વર્ધાપનાનિ
(૨૨) સત્સંગવર્ણનમ્
(૨૩) શિષ્ટવિચાર:
(૨૪) વિવાહવિચાર:
(૨૫) પાપભીતિ:
(૨૬) રાત્રિભોજનપરિહાર:
(૨૭) પંચાસરપાર્શ્વનાથસ્તવ:
(૨૮) જિનસ્તુતિ:
(૨૯) જિનસ્તુતિ:
(૩૦) ઇડરનગરશાન્તિનાથસ્તવ:
(૩૧) પંચસૂત્રવાર્તિકમ્

## વિભાગ-૫

( ૧ ) જૈન-ગીતા
( ૨ ) આગમ-મહિમા
( ૩ ) મુનિવસનસિદ્ધિ:

## વિભાગ-૬

( ૧ ) શ્રમણદિનચર્યા
( ૨ ) જિનમહિમા
( ૩ ) કર્મસામ્રાજ્યમ્
( ૪ ) ગર્ભાપહારસિદ્ધિષોડશિકા
( ૫ ) નગ્નાટશિક્ષાશતકમ્
( ૬ ) ત્રિપદીપંચસપ્તતિકા
( ૭ ) ગણધર સાર્ધશતક સમાલોચના
( ૮ ) તીર્થપંચાશિકા
( ૯ ) સિદ્દિષટ્ત્રિંશિકા
(૧૦) સિદ્ધગિરિપંચવિંશતિકા
(૧૧) ગિરનારચતુર્વિંશતિકા
(૧૨) ગણધરપટ્ટ-દ્વાત્રિંશિકા
(૧૩) અનેકાન્તવાદવિચાર:
(૧૪) અમૃતસાગર-ગુણવર્ણનમ્
(૧૫) અમૃતસાગર-કૃતતીર્થયાત્રા
(૧૬) અમૃતસાગર-સ્તુત્યષ્ટકમ્
(૧૭) અમૃતસાગર-સ્તવ:

## વિભાગ-૭

( ૧ ) પંચસૂત્રતર્કાવતાર:
( ૨ ) પંચસૂત્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વિભાગ–૮

| | |
|---|---|
| ( ૧ ) पुरुषार्थजिज्ञासा | ( ५ ) वाद–विवरणम् |
| ( २ ) कर्मार्थः (कर्मग्रन्थसूत्राणि) | ( ६ ) तिथिदर्पणः |
| ( ३ ) पर्वतिथ्यनुष्ठानम् | ( ७ ) युगमासतिथ्यादिविचारः |
| ( ४ ) तिथ्युपनिषद् | ( ८ ) पर्वतिथिः |

આ સિવાય અન્ય તાત્વિક–પ્રશ્નોત્તર ભા. ૧ ગુજરાતીમાં, આચારાંગ-સૂત્રના વ્યાખ્યાનો ભા. ૧ માં, નવપદ માહાત્મ્યના વ્યાખ્યાનમાં, તથા બીજા પુસ્તકોમાં પૂજ્યશ્રીની કૃત્તિઓ પ્રસિદ્ધ થયેલી છે. તથા તાત્ત્વિક પ્રશ્નોત્તરાણિ, ન્યાયાવતાર ટીકા, લોક–વિંશતિવિંશિકા ખંડ ૧–૨ તથા અધિકાર–વિંશિકાની ટીકા છપાયેલ છે.

ખરેખર આ દુઃષમકાળમાં સંસારસમુદ્ર તરવાના બે સાધનો શ્રી જિનબિંબ અને જિનાગમ એ બંનેનો સુભગ મેળ સધાયેલ ઉપર મુજબના બે જિનાલયોની સ્થાપના દ્વારા પૂ૦ આગમોદ્ધારકશ્રીએ વર્તમાન અને ભાવિ જૈન–સંઘની મહાન સેવા કરી છે.

ઓગણસાઠ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના ઉપદેશથી અનેકવિધ ધર્મકાર્યો થયા છે. કેટલીએ વિવિધ ધાર્મિક સંસ્થાઓ સ્થપાઈ છે. શ્રી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ શ્રી આગમોદય સમિતિ શ્રી ઋષભદેવ કેશરીમલજી જૈન પેઢી અને એવી બીજી સંસ્થાઓ દ્વારા અનેક ધાર્મિક પુસ્તકો તથા આગમોનું પ્રકાશન એમની સતત દેખરેખ નીચે થયું છે. શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા દ્વારા શ્રી આગમોદ્ધારક–સંગ્રહ નામથી પુસ્તકમાળા પ્રસિદ્ધ થઈ રહી છે. પૂ૦ સાધુ–સાધ્વીજીઓના અભ્યાસ માટે સુરતમાં શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી જૈનપાઠશાળા તથા શ્રાવિકાઓમાં જૈન ધર્મના અભ્યાસ માટે શ્રી તત્વબોધ જૈનપાઠશાળા વિગેરે જ્ઞાનાભ્યાસની સંસ્થાઓ તેમના ઉપદેશથી સ્થપાઇ છે. સુરતમાં જૈનાનંદ–પુસ્તકાલયમાં એમનો મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો, પુસ્તકોનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંગ્રહ શ્રીજૈન-સંઘ માટે સુસમૃદ્ધ પુસ્તકાલય છે. જામનગરમાં શ્રી જૈન આનંદજ્ઞાનમંદિરમાં પણ મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો, પુસ્તકોનો સંગ્રહ જૈન-સંઘની જ્ઞાનપિપાસા પૂર્ણ કરી રહ્યો છે. પાલીતાણા (સિદ્ધક્ષેત્ર)માં શ્રમણસંઘ પુસ્તકસંગ્રહમાં મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો, પુસ્તકોનો ઘણો વિશાલ સંગ્રહ છે.

પૂ૦ આગમોદ્ધારકશ્રીએ જુદી જુદી ભાષામાં અનેક ગ્રંથો રચ્યા છે. તથા અનેક ગ્રંથો સંપાદિત કર્યા છે. જીવનના અંત સુધી જ્ઞાન-સાધના ચાલુ હતી. ગ્રંથ રચનાઓ ચાલુ હતી.

*

## પૂજ્યશ્રીની અપૂર્વ ભાવના

પૂ૦ ધ્યાનસ્થ ગુરૂદેવશ્રીની ભાવના આગમોમાં આવતી પૂ૦ મહાપુરૂષોની વાર્તાઓને આરસમાં ભાવવાહી ચિત્રો ચીતરાવીને ભવ્ય અને કલાયુક્ત સચિત્ર આગમમંદિર બંધાવવાની ભાવનાથી આગમોમાંથી વાર્તાઓની નોંધ સુરતમાં શેઠ મંછુભાઈ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયે) કરાવતાં હતાં, પણ તે નોંધ અધૂરી રહી અને પૂ૦ આગમોદ્ધારક-આચાર્યદેવ-**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ તેજ ઉપાશ્રયમાં ૧૫ દિવસ અર્ધપદ્માસને મૌનપણું અંગીકાર કરીને વિ૦ સં૦ ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ શનિવારે અમૃત ચોઘડીએ ક. ૪. મી. ૩૨ ના નિર્વાણ પામ્યા.

તે થએલ નોંધ ઉપરથી પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય-પટ્ટધર** પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજની શુભ-નિશ્રામાં તૈયાર થએલ ૪૨ ભવ્ય-ચિત્રો પાલીતાણા આગમમંદિર નજીક બંધાયેલ 'સ્વાધ્યાય-હોલ' માં વિ૦ સં૦ ૨૦૨૬ ના મહા વદ ૫ ગુરૂવારે પધરાવવામાં આવેલ છે.

*

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સુરતના ગુરૂમંદિરના અપૂર્વદશ્યો અને ભવ્ય-પ્રતિમા

## શ્રીઆગમોદ્ધારક–ગુરૂમંદિર

આ મંદિર આગમોદ્ધારક આચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ વિ૦ સં૦ ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સુરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી **શેઠ મંછુભાઈ દીપચંદની** ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રીઆગમોદ્ધારકસંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો તે જ આ જગ્યા ઉપર **શ્રીઆગમોદ્ધારક-ગુરૂમંદિર** બાંધી **વિ૦ સં૦ ૨૦૦૭ના મહા સુદ ૩ ને શુક્રવારના** દિવસે પ૦ પૂ૦ આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ૦**ની પ્રતિમાજીની પ્રતિષ્ઠા તેમના **અનન્ય-પટ્ટધર** આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી**ના વરદ હસ્તે કરાવવામાં આવી છે.

આ ગુરૂમંદિર બાંધવામાં કુલ ખર્ચ લગભગ અઠ્યાસી હજાર રૂપિયાનો થયો છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર **ધ્યાનસ્થ ગુરૂદેવનું** તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર આચાર્યદેવ **શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી** મ૦ નિર્વાણ પહેલાં પંદર દિવસ આગળથી કાઉસગ્ગમુદ્રાએ ધ્યાનમાં રહેલા તેનું છે. તેઓ તે દરમિયાન અહેલતા પણ ન હતા અને સૂતા પણ ન હતા. જે સ્થિતિમાં ધ્યાનમાં રહ્યા હતા તેનું આબેહૂબ આ તૈલચિત્ર છે.

રંગમંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ ગુરૂદેવશ્રીના દીક્ષાથી માંડી અંત સુધીનાં **ચાતુર્માસોની અને જીવનના મુખ્ય પ્રસંગોની** નોંધ આપવામાં આવી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર શ્રીઆગમોદ્ધારકે આપેલી **વાચનાનું** દશ્ય છે

રંગમંડપમાં પશ્ચિમ તરફની બન્ને બાજુની દીવાલો ઉપર **આગમોદ્ધારકના** રચેલા **સંસ્કૃત–પ્રાકૃત ગ્રન્થો અને સંકલિત ગ્રન્થોનાં** નામો આરસમાં અંકિત કરાવવામાં આવ્યાં છે.

ગભારાના પ્રવેશદ્વાર ઉપર **રાજપ્રતિબોધનું** દશ્ય છે. આમાં મધ્યે **ગુરુદેવશ્રી**, ડાબી બાજુએ **શૈલાનાનરેશ** છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી પડહનો પટ્ટક છે.

રંગમંડપમાં ઉત્તર તરફના દ્વારની ઉપર (૧) **સ્કંદિલાચાર્યે** આપેલી **માથુરીવાચના** છે ને (૨) **દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે** કરાવેલ પુસ્તકારોહણરૂપ **વલ્લભીવાચના** છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બન્ને બાજુએ ચાર દશ્યો છે. પૂ૦ આગમોદ્ધારકઆચાર્યદેવશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના સદ્‌ઉપદેશથી સ્થપાયેલ શેઠ દેવચંદ લાલભાઈ **જૈન** પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ સચિત્ર **'બારસાસૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે.** તે એક અદ્‌ભુત વસ્તુ શ્રી આગમોદ્ધારક–ગુરૂમંદિરમાં દર્શન કરવા લાયક બનેલ છે.

રંગમંડપના ઘુમટમાં ગુરુદેવશ્રીના દેહની જેવી **સ્મશાનયાત્રા** નીકળેલી હતી, તેવી આબેહૂબ તેમાં આલેખવામાં આવી છે.

| | |
|---|---|
| વિ. સં. ૨૦૨૮ માગશર<br>વદી ૧૦ રવિવાર<br>પાર્શ્વનાથ–જન્મકલ્યાણક દિન. | લી.<br>**આ. શ્રી આનંદસાગરસૂરીશ્વર-**<br>**શિષ્ય**<br>ગુણસાગર |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ


| | પૃષ્ઠ |
|---|---|
| છેલ્લા ચાર વ્રતોને શિક્ષા-વ્રત શાથી કહ્યાં ? | ૧ |
| સામાયિકાદિ વ્રતો શિક્ષાથી જ, ટેવથી જ સાધ્ય છે. | ૨ |
| સ્યાદ્વાદની વ્યાખ્યા. | ૫ |
| સ્યાદ્વાદની વ્યાખ્યા સ્યાદ્વાદી જ કરી શકે ? | ૫ |
| જૈનના ત્રણ નિશ્ચય. | ૬ |
| અઠ્ઠાઇનું વર્ણન. | ૭ |
| અઠ્ઠાઇ બે શાશ્વતી, ચાર અશાશ્વતી એ શી રીતે ? | ૮ |
| અનુકૂલ વેપાર રોકડિયો કે ઉધારિયો ? | ૯ |
| સૂતરમાં ક્યાં છે ? | ૧૧ |
| જીવાભિગમસૂત્રમાં શું કહે છે ? | ૧૧ |
| ચૈત્ર, આસોની અઠ્ઠાઇને અંગે. | ૧૨ |
| છ અઠ્ઠાઇ માટેનું વિધાન. | ૧૨ |
| પર્યુષણાની અઠ્ઠાઇમાં આરાધનાનું વિધાન. | ૧૨ |
| અમારીપટહ. | ૧૩ |
| સાધર્મિક-વાત્સલ્ય. | ૧૩ |
| પરસ્પર ખામણાં. | ૧૫ |
| ચંદનબાલા-મૃગાવતીનું દૃષ્ટાંત. | ૧૫ |
| ક્ષુલ્લક તથા કુંભારના મિચ્છામિ-દુક્કડં જેવો | |
| મિચ્છામિ-દુક્કડં નકામો છે. | ૧૭ |
| અઠ્ઠમ તપ. | ૧૭ |
| તપના ફળ. | ૧૮ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| તપ નિઃશલ્ય જોઇએ. | ૧૮ |
| લક્ષ્મણા–સાધ્વીનું દષ્ટાંત. | ૧૯ |
| કાયોત્સર્ગ–ફલ. | ૨૧ |
| ચૈત્યપરિપાટી, શાસનોન્નતિને અંગે વજ્રસ્વામીનું દષ્ટાંત. | ૨૨ |
| અમારીપડહ, શ્રી વિજયહીરસૂરીશ્વરજીના ઉપદેશથી અકબર–બાદશાહનો હૃદયપલટો. | ૨૩ |
| બાદશાહ પાસે સૂરિજીએ શું માગ્યું ? | ૨૫ |
| બાદશાહે કરેલો અમલ. | ૨૬ |
| વાચક શ્રીશાંતિચંદ્રજીના ચમત્કારો (૧) મોતી શી રીતે મળ્યાં ? | ૨૭ |
| નહિ કલ્પેલું જોવું. | ૨૯ |
| સંસ્કારનું ફળ. | ૩૦ |
| બાદશાહને બાપ બતાવ્યો, ચમત્કાર બીજો. (૨) | ૩૧ |
| ચમત્કાર ત્રીજો, (૩) ઇચ્છામાત્રમાં કિલ્લો સર. | ૩૩ |
| બાદશાહનો અડગ વિશ્વાસ. | ૩૫ |
| ઉપાધ્યાયજીની તાકાત. | ૩૫ |
| કાર્ય કરનારનું ધ્યેય. | ૩૫ |
| ગુરૂથી ચેલા વધ્યા. | ૩૭ |
| અમારીના છ માસ. | ૩૮ |
| અમારીપડહો. | ૩૯ |
| અમારીપડહાથી નરક–નિવારણ. | ૩૯ |
| શ્રેણિકનો ઉદ્યમ. | ૪૦ |
| યાકિનીમહત્તરાસૂનુ–વચન. | ૪૧ |
| યાત્રા–પંચાશકમાં અમારીનું વિધાન. | ૪૧ |
| દ્રવ્યવ્યયથી પણ અમારીની જરૂર. | ૪૧ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્યથી પણ અમારીપડહાની કર્તવ્યતા. ... ૪૨
ચૂર્ણિકાર–મહારાજનું કથન. ... ૪૪
અમારીપડહાનું સૂત્રમાં વિધાન. ... ૪૪
વાર્ષિકપર્વનું મહત્વ. ... ૪૬
વાર્ષિકકૃત્યો. ... ૪૮
તે અગીઆર કૃત્યોનાં નામ. ... ૪૮
શ્રી સંઘાર્ચન–પ્રથમ કૃત્ય. ... ૪૯
સંઘપૂજાના પ્રકાર. ... ૪૯
મહાલાભ. ... ૫૧
'क्षमा वीरस्य भूषणम्' ... ૫૧
યૌવનમાં વ્રત. ... ૫૨
સાધર્મિક–વાત્સલ્ય, બીજુ કૃત્ય. ... ૫૩
શ્રાવિકાની ભક્તિમાં પણ ન્યૂનતા ન જોઈએ. ... ૫૪
પેટમાં આવેલા ને પાડતાં વાર ન કરે! ... ૫૬
લોકે, લોકોત્તરે સ્ત્રીઓ નિંદ્ય. ... ૫૮
એકાંતે સ્ત્રીઓ નિંદ્યજ હોત તો એકે ય સ્ત્રી મોક્ષે ન જાત. ... ૫૯
ત્રીજું કૃત્ય યાત્રા. ... ૬૦
ચોથું કૃત્ય–સ્નાત્રમહોત્સવ. ... ૬૩
દેવ–દ્રવ્ય–વૃદ્ધિ પાંચમું કૃત્ય. ... ૬૩
છઠ્ઠું કૃત્ય મહાપૂજા. ... ૬૫
સાતમું કૃત્ય રાત્રિજાગરણ. ... ૬૫
આઠમું કૃત્ય શ્રુતપૂજા. ... ૬૫
નવમું કૃત્ય ઉદ્યાપન. ... ૬૫
પરંપરાને નહિ માનનારને જૈનશાસનમાં સ્થાન જ નથી. ... ૬૬

દશમું કૃત્ય તીર્થ પ્રભાવના. ૬૬
અગીઆરમું કૃત્ય આલોયણા. ૬૭
પૌષધોપવાસ ૬૯
આઠ વર્ષની મુદત કોના માટે. ૭૧
પૌષધ શું પર્વદિવસેજ થાય ? એ અર્થ ઉચિત નથી. રોજ કરાય.
પર્વે અવશ્ય. ૭૩
ઉદાયન રાજાનું અંતિમ રાજર્ષિપણું. ૭૫
આરાધે તે આરાધક. ૭૬
ઉદાયનરાજર્ષિનું વૃત્તાન્ત, કુમારનંદિ તથા નાગિલનું વૃત્તાન્ત. ૭૭
હાસા–પ્રહાસા મેળવવાની સોનીને લાગેલી તાલાવેલી. ૭૮
હિંસાદિકને પડખે ચઢતાં હજી બચાય પણ
કામને પડખે ચઢતાં ન બચાય. ૭૯
ક્રોડ સોનૈયા. ૭૯
'નવી' લાવનારા 'જુની' નો વિચાર કરે છે ? ૮૦
સોનીભાઈ તો સપડાયા. ૮૦
સળગી મરવું પડશે ? ૮૧
શ્રાવક–મિત્રનો ઉપદેશ. ૮૧
નાગીલે કરેલી આરાધના. ૮૨
હાસા–પ્રહાસાના માદળીયા કોટે વળગ્યાં. ૮૩
સોનું સૌને જોઈએ છે પણ
લાલચોળ તપાવેલી લગડી લેવા કોઈ તૈયાર નથી. ૮૪
હાથકંકણુને આરસીની શી જરૂર ? ૮૫
દાનો દુશ્મન સારો તો દાના દોસ્તની શી વાત ! ૮૫
જીવિતસ્વામિની મૂર્તિની ઉત્પત્તિ. ૮૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| પ્રતિમાનો પ્રભાવ. | ૮૬ |
| પ્રભાવતી રાણીએ પેટી ઉઘાડી, | |
| પ્રતિમાને રાજમહાલયના ચૈત્યમાં સ્થાપે છે. | ૮૬ |
| દ્રવ્યપૂજાનો નિષેધ કરનારા શાસનથી વિરૂદ્ધ છે. | ૮૭ |
| રાણી પ્રભાવતીની સાવચેતી. | ૮૮ |
| ભરત મુજબ પ્રતિબોધ. | ૮૯ |
| દિવ્ય ગુટિકાથી કુબ્જિકા સુવર્ણ ગુલિકાબને છે. | ૯૦ |
| મૂર્તિ અને દાસી ઉપાડનાર ચંડપ્રદ્યોતન. | ૯૧ |
| દાસીપતિ. | ૯૨ |
| મૂર્તિ ત્યાં નહિ આવે. | ૯૨ |
| ક્ષમાપના. | ૯૩ |
| ઉદાયનરાજા, રાજર્ષિ થયા. | ૯૪ |
| તીવ્ર તપશ્ચર્યા વિષ અપાય છે, સંહરાય છે, | |
| આખરે વિષ વ્યાપે છે, કેવલજ્ઞાન, મોક્ષ. | ૯૪ |
| ભેરા–નગર ધુલથી દટાયું. | ૯૫ |
| પર્વારાધનનું અવશ્ય કર્તવ્ય. | ૯૫ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી આગમોદ્ધારક સંગ્રહ ૨૪

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

# —: અષ્ટાહ્નિકા–માહાત્મ્ય :—

—દેશનાકાર—

આગમોદ્ધારક-આચાર્ય શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

## ...પ્રથમ–દિન–દેશના....

अथ सामायिकप्रमुखशिक्षाव्रतभृद्भिर्नूनं षडष्टाह्निकापर्वा-ण्यासेव्यानीत्याह—

### છેલ્લાં ચાર વ્રતોને શિક્ષાવ્રત શાથી કહ્યાં ?

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ વિજયલક્ષ્મી-સૂરીશ્વરજીમહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટાહ્નિકા-વ્યાખ્યાનની રચના કરતાં થકાં તેનો સંબંધ જણાવે છે. પૂર્વા-ચાર્યોનો એ નિયમ કે કોઈ પણ ગ્રંથની રચના કરતાં પહેલાં, કારણ તથા સંબંધ બેય જરૂર જણાવવા જોઇએ એ નિયમાનુસાર અહીં પણ પ્રથમ સંબંધ જણાવે છે, કારણ આગળ જણાવવાના છે, કારણ જણાવતાં પહેલાં સંબંધ જણાવે છે. પ્રથમના અધિકારમાં સામાન્યથી ચાર શિક્ષાવ્રતો જણાવવામાં આવ્યા છે તેની સાથે હવેના વ્યાખ્યાનનો સંબંધ છે. સામાયિક, દેશાવગાશિક, પૌષધ તથા અતિથિસંવિભાગવ્રત એ ચાર શિક્ષાવ્રતો છે. એ ચાર વ્રતોને શિક્ષાવ્રતો કહેવામાં આવ્યા છે. એ ચારને શિક્ષાવ્રત શાથી કહ્યાં? તે સમજવાનું છે. દુનિયામાં કારીગર જેમ જેમ કારીગરી કરતો જાય તેમ તેમ તે સિદ્ધહસ્ત થતો જાય છે. છોકરો પ્રથમ તો એકડો વાંકોચૂંકો કરે છે પણ અભ્યાસે તેજ છોકરો સીધો એકડો કરી શકે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. સામાયિકાદિને શિક્ષાવ્રતો એટલા જ માટે કહ્યા કે એ વ્રતો શિક્ષાથી, વારંવાર અભ્યાસથી, ટેવથી સાધી શકાય તેવાં છે.

'शिक्षा नाम यथा शैक्षकः पुनः पुनर्विद्यामभ्यसति एवमिमाणि चत्तारि सिक्खावयाणि पुणो पुणो अब्भसिज्जंति (आव. चू. पृ. ૨૯૮. ભા. ૨) ગૃહસ્થ આરંભ, સમારંભ, પરિગ્રહમાં ચોવીસે કલાક એવો તો રાચેલો માચેલો છે, એવો તો તલ્લીન છે કે એ પહેલવહેલું સામાયિક કરે ત્યારે શરીર તો સામાયિક કરે પણ ચિત્ત તો બીજે દોડયાજ કરે છે. અહીં શાસ્ત્રકાર ફરમાવે છે કે દોડતા ચિત્તને રોકવાનો ઉદ્યમ કરવો પણ તેટલા માત્રથી દોડતા ચિત્તને કારણે તમારે વ્રતથી દોડી ભાગવું નહિ. 'મારૂં મન ઠેકાણે રહેતું નથી' એમ કહી સામાયિક છોડવું નહિ.

**સામાયિકાદિ વ્રતો શિક્ષાથીજ, ટેવથીજ સાધ્ય છે.**

આચાર્ય શ્રીદેવેંદ્રસૂરિજીમહારાજ સામાયિકના છ પચ્ચક્ખાણ જણાવે છે કે–'मनसा न करोमी' त्यादिषट् प्रत्याख्यानानि (श्राद्धदिन० पृ० ११६) મનથી કરવું નહિ, મનથી કરાવવું નહિ વચનથી કરવું નહિ, વચનથી કરાવવું નહિ, કાયાથી કરવું નહિ, કાયાથી કરાવવું નહિ.

'मणवयणकाएहिं पच्चक्खामि' એમ એકજ વિભક્તિથી ન જણાવતાં 'मणेणं' વગેરે શબ્દ પ્રયોગથી ભિન્ન ભિન્ન વિભક્તિઓ દ્વારા કેમ વિધાન કર્યું ? પચ્ચખ્ખાણ છ છે, તે છ પ્રકાર જણાવવા માટે એ રીતે કહેવામાં આવ્યું. એમ કરવાથી કાંઈ લાભ છે ? તેમાં ગ્રંથકારોનો આશય એ છે કે છ પ્રકારના પચ્ચખ્ખાણમાં ચિત્ત દૂર ગયું તો પણ પાંચ પ્રકારનાં પચ્ચખ્ખાણ તો રહ્યા ને ! મન વશ ન રહે એ ખરૂં પણ મનને વશ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. મન વશ ન રહે એવા મિષથી ક્રિયા માત્ર છોડાય નહિ. શિક્ષા વ્રતનો અર્થજ એ છે કે ધીમે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધીમે અભ્યાસથી એટલે શિક્ષાથી એ વ્રતો સાધ્ય છે. છોકરો એકદો ઘૂંટે કે તરત હોંશીયાર થાય ખરો ? વર્ષો સુધી શિક્ષણ લ્યે ત્યારે તે હોંશીયાર થાય છે. અહીં જો આ નિયમ છે તો અનાદિકાલના મોહને ખસેડવો શું સ્હેલો છે ? તેમાં કેટલો સમય જોઇએ ? માટે એ ચારે વ્રતોને અંગે ઉંચી કોટિમાં આવવા વારંવાર તે વ્રતો લાંબાકાળ સુધી કરવાં જોઇએ. દુનિયામાં પણ જેવો રોગ તેવી દવાના સમયની મર્યાદા છે. રોગ મહિનાનો બે મહિનાનો, વર્ષનો જૂનો હોય તો કાંઇ એક બે દિવસની દવાથી ચાલ્યો જાય ? વૈદ્ય, ડોક્ટરો કે હકીમ, ગમે તેવો નિષ્ણાત હોય પણ કહીજ દે કે રોગ જૂનો છે માટે અમુક સમયપર્યંત દવા લેવી પડશે. આ જીવને પણ અનાદિકાલથી અવિરતિનો રોગ લાગુ થયો છે તે સંકલ્પમાત્રથી દૂર થાય ? એ અનાદિકાળના રોગને ટાળવા માટે વારંવાર સામાયિકાદિ શિક્ષાવ્રતો કરવાં જોઇએ એમ ઉપકારી શાસ્ત્રકારો જણાવે છે.

'जत्थ वा वीसमति अच्छति वा णिव्वावारो सव्वत्थ करेति सव्व' (આવ૦ ચૂ૦ પૃ૦ ૨૯૯ ભાગ ૨).

वपण कारणेणं बहुसो सामाइयं कुज्जा (આવ૦ નિ૦ ગા૦ ૮૦૧)

એમાં જેમ જેમ પરોવાઓ, એનું રટણ થાય તેમ તેમ તેમાં સરલતા પ્રાપ્ત થાય. ગૃહસ્થ જ્યારે પ્રથમ પૌષધ કરે ત્યારે તેને વેપાર વગેરેના વિચારો આવે પણ તમે જોશો કે બે, ચાર પૌષધ થયા પછી એ વિચારો ઘટતા જાય છે, બંધ થાય છે. પૌષધની ટેવ, પેલા વિચારોની ટેવને ટાળે છે. આ વ્રતો ટેવથી, આદતથી, અભ્યાસથી સાધ્ય છે માટે એનું નામ શિક્ષાવ્રત છે.

હવે અહીં કોઈને એમ પ્રશ્ન થાય કે, સામાયિક, દેશાવગાશિક તથા પૌષધમાં તો શિક્ષાની જરૂરિયાત માની પણ અતિથિસંવિભાગવ્રતમાં શિક્ષાની શી જરૂર ? એમાં તો રોટલી, રોટલીનો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ટૂકડો કે પાણીની ટોયલી આપવાની છે ને ! એમાંય શિક્ષાની આવશ્યકતા ગણી ! અતિથિસંવિભાગવ્રતમાં છે તો દાન. એ દાનધર્મ તો મૂલનો છે. સમ્યક્ત્વથીયે પહેલાં પ્રાપ્ત થનારો છે. દાનધર્મ તો મિથ્યાત્વીમાં પણ છે ને ! છતાં એ વ્રતને છેક છેલ્લે કેમ ગણ્યું ? આ વાત સમજવા લગીર ઊંડા ઉતરવું પડશે. દાન બે પ્રકારે છે. ૧. સાધુ જાણીને આપવું, ૨. સાધુ થવાને આપવું બીજાં બધાં દાનો સાધુ જાણીને આપવાનાં છે પણ અતિથિસંવિભાગવ્રતમાં જે દાન છે તે સાધુ થવાને આપવાનું છે. આ વાત સમજશો તો શ્રીભગવતીજીમાં કહેલી એક વાત બરાબર સમજાશે. તેમાં પ્રશ્ન છે કે: 'દાન દેનાર શું કરે છે ? શું છોડે છે ?' ઉત્તરમાં જણાવાયું છે કે–

'गोयमा ! जीवियं चयति दुच्चयं चयति दुक्करं करेति' (भग० सू० २६३) દાન દેનાર દુષ્કર કરે છે. દુસ્ત્યજ તજે છે.' આમાં પ્રશ્ન થશે કે રોટલીનો ટુકડો દેવામાં દુષ્કર શું ? અને એટલા ત્યાગમાં દુસ્ત્યજ શું ? એ સમજવા દુન્યવી દૃષ્ટાંત વિચારવું પડશે. દસ્તાવેજની નીચે સહી કરતાં કેટલો વિચાર કરો છો ? શા માટે ? કલમ કેટલીક ઘસાવાની છે ? શાહી કેટલીક વપરાવાની છે ? ત્યાં કિંમત, જવાબદારી શાહી કે કલમ નથી પણ દસ્તાવેજ આખાની છે, દસ્તાવેજમાં સમાયેલી હકીકતની છે. અતિથિસંવિભાગવ્રત મુજબ દાન દેનારો, સાધુપણાનો સોદો કરે છે, સાધુ થવાને આપે છે. તેની ભાવના એવી છે કે 'સાધુપણા વિના આ જીવનો મોક્ષ નથી, નથી, ને નથીજ : હું જો કે સાધુપણું લઇ શકતો નથી, તો પણ સાધુપણાનો ઉમેદવાર છું, તેથી આ દાનથી સાધુપણાનો (સોદો) કરૂં છું કે મને ભવાંતરમાં સાધુપણું પ્રાપ્ત થાઓ." પુણ્ય માટે, સામાન્ય દાન માટે, સંયમીને સહાય માટે દાન એ વાત અલગ પણ સાધુપણાના સોદાની દૃષ્ટિએ જે દાન દેવાય તે અતિથિસં-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિભાગવ્રત એવી પરિણુતિ કેટલી મુશ્કેલ છે? આથી સમજાશે કે એનું સ્થાન છેલ્લે શાથી છે?

**સ્યાદ્વાદની વ્યાખ્યા.**

શિક્ષાવ્રતોનો આગલો સંબંધ જણાવી શાસ્ત્રકાર મહારાજા હવે અષ્ટાહ્નિકા સંબંધી વિવેચન કરે છે. જેઓ શિક્ષાવ્રતોને ધારણ કરનાર હોય તેઓએ અઠ્ઠાઈનાં છ પર્વો જરૂર આરાધના કરવા યોગ્ય છે. જે મનુષ્ય સર્વવિરતિ આચરવા તૈયાર હોય તે મનુષ્ય આવાં પર્વોની આરાધના કેમ છોડે? હવે એ અઠ્ઠાઇ કઈ, વગેરેનું વર્ણન ગ્રંથકાર કરે છે.

अष्टाह्निकाः षडेवोक्ताः, स्याद्वाद्यभयदोत्तमैः ।
तत्स्वरूपं समाकर्ण्य, ह्यासेव्याः परमार्हतैः ॥ १ ॥

સ્યાદ્વાદની આજના આપણા કેટલાકો તરફથી થતી વ્યાખ્યા તદ્દન મૂર્ખાઈ ભરેલી છે, અજ્ઞાનમય છે. એ કઇ વ્યાખ્યા જણાવવામાં આવે છે? 'હા તેની ના, અને ના તેની હા એટલે સ્યાદ્વાદ!' 'ધર્મ કરવો તે નિશ્ચય અને દુનિયા જાળવવી તે વ્યવહાર એ સ્યાદ્વાદ!' આવો અર્થ અજ્ઞાનતા ભર્યો છે. સ્યાદ્વાદનો અર્થ એવો નથી જે વસ્તુ જે અપેક્ષાએ જે રીતિએ રહેલી હોય તે વસ્તુને તે અપેક્ષાએ તે રીતિએ જોવી, કહેવી તેનું નામ સ્યાદ્વાદ. તે સ્યાદ્વાદની આ વ્યાખ્યા : છેલ્લી ત્રણ આંગળી ઉંચી કરેલી છે. એમાંની આજુબાજુની બે આંગળીની વચ્ચે રહેલી આ આંગળી ન્હાની કે મ્હોટી? આ આંગળી એકાન્તે ન્હાની પણ નથી, એકાન્તે મ્હોટી પણ નથીઃ ન્હાની પણ છે, મ્હોટી પણ છે. ન્હાની આંગળીથી તે મ્હોટી છે. અને મ્હોટી આંગળીથી તે ન્હાની છે. તેનામાં ન્હાનાપણું તથા મ્હોટાપણું બન્ને રહેલાં છે.

**સ્યાદ્વાદની વ્યાખ્યા સ્યાદ્વાદીજ કરી શકે?**

સ્યાદ્વાદ કોણ કહી શકે? સ્યાદ્વાદની વ્યાખ્યા કોણ કરી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શકે ? આ સમજવા જરા ઊંડે જવું પડશે. જેઓ અનંતકાલ અનંતક્ષેત્ર અનંતદ્રવ્ય અને અનંતભાવને દેખી શકે, તેમજ પરિણામ, તેના પલટા થયેલા, થતા અને થવાના જોઈ શકે, દ્રવ્ય-પર્યાય તેનું ભેદાભેદપણું વગેરે જાણી શકે તેજ સંપૂર્ણતયા સ્યાદ્વાદને જાણી શકે, તેજ કહી શકે અને તેજ વ્યાખ્યા કરી શકે. સીધી આંગળીને વાંકી કરાય ત્યારે શું થયું ? આંગળીમાંનું સીધાપણું દૂર થયું, વાંકાપણું દેખાયું: ફરી સીધી કરી ત્યારે વાંકાપણું દૂર થયું, સીધાપણું દેખાયું. સીધાપણામાં તથા વાંકા-પણામાં, ઉભય પરિસ્થિતિમાં આંગળી તો તેની તેજ કાયમ છે. અવસ્થા ફરે, ફરતી જાય પણ વસ્તુ ટકે. સર્વદ્રવ્યના, સર્વક્ષેત્રના સર્વકાલના, સર્વપર્યાયવ્યાપકપણે ભેદાભેદ સાથે જાણી શકે તેજ તેને કહી શકે. કોઇ પણ અવસ્થામાં દ્રવ્ય જુદું નથી. આવો સ્યાદ્વાદ કહેવાને હકદાર, આવું જ્ઞાન ધરાવનાર સ્યાદ્વાદી છે. આવું કોણ જાણી શકે ? સર્વજ્ઞ ! સર્વજ્ઞ ભગવાન્ સ્યાદ્વાદને યથાસ્વરૂપ કહી શકે. જૈનશાસનમાં એકલા જ્ઞાનની, માત્ર વિદ્વત્તાની કે વક્તૃત્વની કિંમત નથી. દુન્યવી વ્યવહારમાં ભલે એ કિંમતી હોય. જૈનશાસનના પગથિયામાં તો અમલની, આચરણની અને ચારિત્રની કિંમત છે, અને એજ સંયમનું મૂલ્ય છે. તેને જે જાણે, જે નિરૂપણ કરે, જે આચરે તે સ્યાદ્વાદી કહેવાય.

## જૈનના ત્રણ નિશ્ચય.

છ કાયના જીવોને કાયમી અભયદાન દેનારા શ્રીજિનેશ્વર-દેવોએ આ છ અટ્ઠાઇ કહી છે. શ્રાવકપણું સમજનારામાં શ્રીજિનેશ્વરદેવની માન્યતા સુદૃઢ હોય. શ્રીજિનેશ્વરદેવના શાસનને અંગેજ જૈનમાં ત્રણ નિશ્ચય આવ્યા હોય, સુદૃઢ થયા હોય. તે ત્રણ નિશ્ચય કયા ? 'इणमेव निग्गंथ०' ( उपा० पृ० २ ) આ નિર્ગ્રંથપ્રવચન એજ અર્થ, એજ પરમાર્થ એટલુંજ નહિ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આગળ વધીને એના વિનાના તમામ બીજા પદાર્થો અનર્થજ છે. આ ત્રણ નિશ્ચયવાળોજ જૈન હોય. જૈનને આ ત્રણ નિશ્ચય હોયજ. પ્રાચીનકાળમાં ગુરૂ પાસે વ્રત લે, ગણધર પાસે વ્રત લે કે તીર્થંકર પાસે વ્રત લે ત્યારે આ ત્રણે કરાર કરાવવામાં આવતા (૧) નિર્ગ્રંથપ્રવચનની શ્રદ્ધા કરૂં છું. (૨) નિર્ગ્રંથપ્રવચનની પ્રતીતિ કરૂં છું. અને (૩) નિર્ગ્રંથપ્રવચનની રૂચિ કરૂં છું.

**અટ્ઠાઇનું વર્ણન.**

આવા ત્રણ નિશ્ચયવાળા પરમાર્હંતોએ, પરમશ્રાવકોએ, પરમજૈનોએ આ અટ્ઠાઇઓ આસેવ્ય છે અહીં 'सेव्य' નહિ કહેતાં 'आसेव्य' કેમ કહ્યું ? સેવવું એટલે તો 'એક પણ સેવવું, આરાધવું' એવો અર્થ થાય. પણ અહીં એ અર્થ સમર્થ નથી. અહીં 'आसेव्य' દરેક વખતે સેવવાના અર્થમાં છે. પ્રતિવર્ષ છએ અટ્ઠાઇઓ આરાધવી જોઇએ. તે અટ્ઠાઇ છ છેઃ– (૧) ચૈત્રમાસની (૨) આષાઢમાસની (૩) પર્યુષણાપર્વની (૪) આસોમાસની (૫) કાર્તિકમાસની અને (૬) ફાલ્ગુનમાસની. ત્રણ અટ્ઠાઈ ત્રણ ચોમાસાને લગતી, એક અટ્ઠાઈ પર્યુષણાપર્વની, અને બે અટ્ઠાઈ આયંબિલની ઓળીની.

ચૈત્ર તથા આસોની બે અટ્ઠાઈ શાશ્વતી છે; બાકીની ચાર અટ્ઠાઈ અશાશ્વતી છે. પ્રશ્ન થશે કે આરાધવાનું તો સરખી રીતિએ કહ્યું છતાં શાશ્વતી, અશાશ્વતીનો ભેદ શાથી ? ગ્રંથકાર કહે છે કે એ ભેદ અમે નથી કહેતા પણ શ્રીઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાં કહેલું છે કે–

> दो सासयजत्ताओ, तत्थेगा होइ चित्तमासंमि ।
> अट्ठाइआइमहिमा, बीआ पुण अस्सिणे मासे ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહીં 'યાત્રા' શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો ? ચૈત્રની તથા આસોની ઓળીની અઠ્ઠાઈ દેવતાઓ પણ આરાધે છે અને તે પણ દેવલોકે રહીને નહિ પરંતુ નન્દીશ્વર દ્વીપે જઈને તેઓ ત્યાં રહેલા જિનચૈત્યોમાં મહોત્સવો પૂર્વક આ ઓળી ઉજવે છે. આથી 'યાત્રા' શબ્દનો પ્રયોગ સમુચિત છે. ચૈત્ર તથા આસોની અઠ્ઠાઈમાં ચૈત્રની ઓળીની ગણના પ્રથમ એટલા માટે છે કે એ અઠ્ઠાઈનું આરાધન ક્ષેત્રાન્તર જઈને સર્વસંઘ, સર્વક્ષેત્રની જનતા કરી શકે. આસો માસની ઓળીમાં તો પ્રાયઃ પોતપોતાના ક્ષેત્રમાં આરાધન થાય. ચૈત્રમાસ યાત્રાને અનુકૂલ છે. એ અનુકૂલતા આસો માસમાં નથી. ચાતુર્માસમાં આલય (સ્થાન)માં શ્રાવકને રહેવાનું હોય ને બહાર જવાનો પ્રતિબંધ હોય તેથી ગામ બહાર જાય નહિ. તો પછી યાત્રા શી રીતે શક્ય બને ? સર્વ શ્રદ્ધાલુઓ સ્થાનાંતરે જઈ ને આરાધી શકે માટે ચૈત્રમાસની ઓળીની ગણનાં પ્રથમ રાખવામાં આવી છે. 'યાત્રા' એટલે યાત્રાએ ગયા એટલે પત્યું એમ નહિ, પણ સ્થાનાંતર તીર્થક્ષેત્રે જઈને અષ્ટાહ્નિકા-મહોત્સવપૂર્વક અઠ્ઠાઈનો મહિમા કરવો.

एआओ दोवि सासय-जत्ताओ करेंति सव्वदेवावि ।
नंदीसरंमि खयरा, नरा य निअएसु ठाणेसु ॥२॥

દેવતાઓ નંદીશ્વરદ્વીપે જાય છે, ખેચરો (વિદ્યાધરો), મનુષ્યો પોતાના સ્થાનમાં બેય અઠ્ઠાઈની આરાધના કરે છે. આરાધના છએ અઠ્ઠાઈની તેમાં બે શાશ્વતીના વર્ણનમાં બેની વાત કહી.

## અઠ્ઠાઈ બે શાશ્વતી, ચાર અશાશ્વતી એ શી રીતે ?

આ બે અઠ્ઠાઈ દેવતાઓ પણ ઉજવે છે, નંદીશ્વરદ્વીપે જઈને ઉજવાય છે, કાયમ ઉજવાય છે. હવે આ લોકની દૃષ્ટિએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઈએ. પર્યુષણમાં પ્રતિવર્ષ કલ્પસૂત્ર સાંભળો છો, એ શ્રવણ ધ્યાનપૂર્વકનું હોય તો લક્ષ્યમાં હશે કે બાવીશ તીર્થંકરના શાસનમાં પાક્ષિક, ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણ હોતું નથી. માત્ર દેવસિ તથા રાઇ બેજ પ્રતિક્રમણ હોય છે. પહેલા તથા છેલ્લા જિનેશ્વરના શાસનમાંજ પાંચ પ્રતિક્રમણ હોય છે. હવે જ્યાં ચાતુર્માસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણજ ન હોય ત્યાં અટ્ઠાઈ એ શાની હોય ? આ રીતે સિદ્ધ છે કે ચાર અટ્ઠાઇઓ અનિયમિત છે, આયંબિલની ઓળીની બે અટ્ઠાઈ તો ચોવીસે જિનેશ્વરદેવોના શાસનમાં હોય છેજ, આરાધાય છેજ.

**અનુકૂલ વેપાર રોકડિયો કે ઉધારિયો ?**

કોઇને એમ થાય કે ત્યારે તો બાવીસ તીર્થંકરના શાસનમાં ધર્મ રહેલો અને આજે મુશ્કેલ. પણ જરા ઊંડા ઉતરો તો સમજાય કે એ શાસનમાં ધર્મ મુશ્કેલ, આ શાસનમાં રહેલો છે. દુનિયામાં રોકડિયો વ્યાપાર અનુકૂલ કે લેવડદેવડનો ઉધારિયો ? કેવલ રોકડાથીજ ધંધો ચાલતો હોય તો તેટલો ન ચાલે કે જેટલો લેવડદેવડની યોજનાથી (ઉધારિયાથી) ચાલે. બાવીસ તીર્થંકરના સાધુઓનો ધર્મ રોકડિયા વેપાર જેવો છે. એમને માટે રાઈ અને દેવસિપ્રતિક્રમણ પણ બેજ વખત બે પ્રતિક્રમણ એમ નહિ. દિવસના મધ્યભાગથી રાત્રિના મધ્યભાગ સુધી દેવસિ અને રાત્રિના મધ્યભાગથી દિવસના મધ્યભાગ સુધી રાઈ, એમ ખરૂં પણ જ્યારે જ્યારે દોષ લાગે, દોષ લાગ્યો દેખાય કે તરત તેજ વખતે તે કાલને લગતું દેવસિ કે રાઈપ્રતિક્રમણ કરીજ લે. એનો વાયદો નહિ. એકવાર પ્રતિક્રમણ કર્યું, વળી ઘડી પછી દોષ લાગે તો ઘડી પછી પણ પ્રતિક્રમણ કરે. જેટલીવાર દોષ લાગ્યા દેખાય તેટલી વાર પ્રતિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રમણ કરે, પ્રથમ તથા ચરમજિનેશ્વરના સાધુઓ તો ગમે તેટલો વખત દોષ લાગે પણ સવારે તથા સાંજે જ પ્રતિક્રમણ કરે, એટલે એમનો વેપાર ઉધારિયા જેવો અનુકૂળ, વળી પંદર દિવસના દોષોના અંગે પાક્ષિક તેમજ ચાતુર્માસિક દોષ અંગે ચાતુર્માસિક તથા વર્ષના દોષ અંગે સાંવત્સરિક. બાવીસ તીર્થંકરના સાધુઓ એવા પ્રાજ્ઞ તથા સરળ કે દોષ તરત સમજી જાય, દોષનું પ્રમાણ તરત લક્ષ્યમાં લે, તરત પ્રતિક્રમણ કરે, તરત ગુરૂ પાસે આવે અને આલોવે. તેથી એમના માટે પાક્ષિક, ચાતુર્માસિક, સાંવત્સરિક પ્રતિક્રમણની જરૂર રહેતી નથી. આપણી હાલત કઈ? આપણે તો પ્રમાદના પોટલા છીએ. પૌષધવાળાને માત્રુ કરવા જવું પડે ત્યારે આવીને તેણે ઇરિયાવહિ કરવી જોઇએ. હવે જેને પાંચ સાત વાર માત્રુ જવું પડે તેને પૂછી જૂઓ કે તે કેટલો કંટાળે છે! ત્યારે આ સાધુઓ દોષ દેખે કે તરત પ્રતિક્રમણ કરે! તરત આલોવે! કયું આકરૂં?

પ્રશ્ન-એ સાધુઓને દોષ ન લાગે તો?

દોષ ન લાગે એ કેમ બને? દોષ તો લાગ્યા કરે. પ્રમાદ તો ત્યારેય પણ ખરો. કારણ કે બાવીશ તીર્થંકરના સાધુઓ માટે ય પ્રમત્ત અપ્રમત્ત બેય ગુણસ્થાનક રહેલાં છે.

પ્રશ્ન-આ પ્રતિક્રમણનો નિયમ સાધુઓ માટે કે શ્રાવકો માટે પણ ખરો?

શ્રાવકોને તો પાંચજ પ્રતિક્રમણ. બાવીસ તીર્થંકરના શાસનમાં મહાવ્રતો ચાર એ નિયમ પણ સાધુઓ માટે છે. પરંતુ શ્રાવકો માટે તો અણુવ્રત પાંચજ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણો મુદ્દો એ છે કે બાવીસ તીર્થંકરના વખતમાં સાધુ-ઓને પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ ન હોવાથી એ અટ્ઠાઇઓ અનિયમિત કહી. ચૈત્ર, આસોની અટ્ઠાઇ દરેક કાલે, દરેક તીર્થંકરના શાસનમાં ઉજવાય છે માટે શાશ્વતી કહે છે. શ્રાવકોમાં દરેક કાલે, આ બે અઠ્ઠાઇઓ તો હોયજ, ઉજવાયજ. બાવીસ તીર્થંકરના શાસનમાં નિયમિત છે. શ્રી જિનેશ્વર મહા-રાજાના જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન, તથા મોક્ષને અંગે પણ આ અટ્ઠાઇઓ અનિયમિત છે. ચૈત્ર તથા આસોની અટ્ઠાઇ તો દેવો અને મનુષ્યો પણ ઉજવે છે

'तह चउमासिअतिअगं, पज्जोसवणा य तह य इअ छक्कं ।
जिणजम्म-दिक्ख-केवल-निव्वाणाइसु असासइआ' ॥३॥

સૂતરમાં ક્યાં છે?

ચૈત્ર તથા આસોમાં દેવતાઓ પણ નંદીશ્વરદ્વીપે જઈને જિનાલયોમાં મહોત્સવપૂર્વક પૂજા, મહાપૂજા કરી એ અષ્ટા-હ્નિકા ઉજવે છે એ સાંભળીને પ્રતિમાના દુશ્મનો વમળમાં પડશે. તેવાઓ કહે છે કેઃ "સૂતરમાં ક્યાં છે?" બિચારાઓને 'સૂત્ર'માં એમ પણ બોલતાં આવડતું નથી. એથી 'સૂતર'માં હોય તો લાવો' એમ કહેનારાઓને, અહીં જણાવી દેવામાં આવે છે કે, આ વાત 'जीवाभिगम' સૂત્રમાં છે.

જીવાભિગમસૂત્રમાં શું કહે છે?

જીવાભિગમ મૂલસૂત્રમાં નંદીશ્વરદ્વીપના અધિકારમાં શાસ્ત્ર-કાર, જણાવે છે કે-ત્રણ ચાતુર્માસિક, પર્યુષણની, ચૈત્ર તથા આસોની લગતી અટ્ઠાઇના દિવસોમાં, પવિત્ર તહેવારોમાં ઘણા ચારે પ્રકારના દેવો-ભવનપતિઓ, વ્યંતરો, જ્યોતિષીઓ, અને વૈમાનિકો નંદીશ્વરદ્વીપે જઈને ત્યાંના જિનચૈત્યોમાં મહાન્

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉત્સવપૂર્વક જિનબિંબનું પૂજન કરે છે. મહાપૂજા કરે છે, ગીત-નૃત્યાદિ ઉત્સવ કરે છે.

'तत्थ णं बहवे भवणवइवाणमंतर०' (પૃ૦ ૩૫૭)

**ચૈત્ર, આસોની અટ્ઠાઇને અંગે.**

ચૈત્ર તથા આસોની અટ્ઠાઈ શાશ્વતી છે એ અટ્ઠાઈમાં શ્રીસિદ્ધચક્રનું આરાધન થાય છે. આયંબિલતપ વડે એ અટ્ઠાઈથી આરાધના થાય છે. એ અટ્ઠાઈમાં જિનચૈત્યોમાં પૂજા, મહાપૂજા, અંગરચના વિગેરે મહોત્સવો કરવાના છે. પ્રથમ જોઈ ગયા કે ચૈત્રમાં ક્ષેત્રાન્તરે (તીર્થે) જઈને ઉજવાય છે યાને એ અટ્ઠાઇ યાત્રાપૂર્વક ઉજવાય છે. તે અટ્ઠાઈમાં શ્રીપાલમહારાજ તથા મયણાસુંદરીની જેમ શ્રીસિદ્ધચક્રયંત્રનું આરાધન કરવું આવશ્યક છે. માત્ર બાહ્યથી એમ નહિં, પરન્તુ લલાટ વગેરે દશસ્થળોએ આકૃતિથી સ્થાપી ધ્યાન ધરવાનું છે.

**છ અટ્ઠાઈ માટેનું વિધાન.**

ચૈત્ર તથા આસોની અટ્ઠાઈને અંગે આટલું જણાવ્યા પછી હવે શ્રી વિજયલક્ષ્મીસૂરીશ્વરજીમહારાજા છ અટ્ઠાઇને અંગે સામાન્યથી શું કરવું જોઈએ તે જણાવે છે. અમારિપડહો વગડાવવો, વિસ્તારથી પ્રત્યેક જિનમંદિરે અટ્ઠાઇ મહોત્સવ કરવો તથા ખાંડવું, પીસવું, દળવું, ન્હાવું, ધોવું, આરંભ, સમારંભ વિષય, કષાય અને સેવનાદિનો પોતાએ ત્યાગ કરવો; અને બીજા પાસે તે કરાવવું નહિ; આ ક્રિયાઓનો નિષેધ થવો જોઇએ.

**પર્યુષણાની અટ્ઠાઈમાં આરાધનાનું વિધાન.**

પર્યુષણા એ પર્વાધિરાજ છે. સર્વપર્વમાં શિરોમણિ છે. એ પર્વ અંગેની અટ્ઠાઇ પાંચ પ્રકારે આરાધવી જોઈએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સર્વત્ર અમારિપડહો વગડાવવો. (૨) સાધર્મિકવાત્સલ્ય કરવું. (૩) પરસ્પર ક્ષામણાં કરવાં (૪) અટ્ઠમતપ કરવો અને (૫) ચૈત્યપરિપાટી કરવી.

આ પાંચ પ્રકારે પર્યુષણાપર્વની અટ્ઠાઈમાં આરાધના કરવાની છે.

**અમારિપડહ.**

(૧) સર્વત્ર અમારિપટહ વગડાવવો. યાદ રાખો કે જૈનોમાં ધર્મ કેવલ દયા ઉપરજ નિર્ભર છે. છ કાયના જીવોની દયા બને એટલી પોતેજ કરવી એમ નહિ, બીજાઓ પાસે પણ કરાવવી. તેનું નામ અમારિપટહ-અમારિ ઉદ્‌ઘોષણા દયાના દુશ્મનોને અમારિની ઉદ્‌ઘોષણાની વાત પણ ખટકશે પણ ખાસ ઉપાસકદશાંગમાં પણ શ્રેણિકમહારાજાએ કેટલીય વાર અમારીની ઉદ્‌ઘોષણા કર્યાના ઉલ્લેખો છે.

**સાધર્મિકવાત્સલ્ય.**

બીજું કૃત્ય સાધર્મિકવાત્સલ્ય, અમારિપટહને અંગે આચાર્ય ભગવાન્ શ્રીહીરવિજયસૂરીશ્વરજીમહારાજાની કથા, તેમની પ્રવૃત્તિ આગળ જણાવવામાં આવશે. હવે સાધર્મિકવાત્સલ્ય કૃત્યને અંગે 'અર્ચન' શબ્દનો પ્રયોગ છે. સાધર્મિકની ભક્તિ માત્ર નહિ પણ પૂજન કરવાનું અત્ર લખે છે. બધા સાધર્મિકોનું પૂજન કરવું જોઈએ. બધાનું ન બને તો કેટલાકોનું પણ પૂજન આવશ્યક કાર્ય છે. આ કૃત્ય ઉપર ગ્રંથકારે કેટલો ભાર મૂક્યો ? એ લક્ષ્યમાં લ્યો ! જરા વિચારો તો સ્હેજે સમજાય કે ધર્મ પામ્યા કોના પ્રતાપે ? સાધર્મિકનો સંસર્ગ ન હોય તો ધર્મ પમાય ક્યાંથી ? સધાય ક્યાંથી ? સાધર્મિકની વસ્તીમાં, સહવાસમાં રહેતા હો તો ધર્મનું, આચારવિચારનું ભાન થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુમહાત્માઓ આવે, ત્યાં દર્શને જવાય, વ્યાખ્યાન વાણી સંભળાય અને તેથી સ્હેજે ધર્મ પમાય, સધાય-સાધી શકાય. સાધર્મિકની વસ્તીમાં ન રહેતા હો, અરે જંગલમાં રહેતા હો, એકાકી રહેતા હો તો ગુરૂનો જોગ મળે? પર્વદિવસે 'કેમ ભાઈ, પૌષધ કરવો છે? સામાયિક કર્યું? પ્રતિક્રમણ કર્યું? પૂજા કરી? વગેરે સાધર્મિક વિના કોણ પૂછે? અન્ય કોણ યાદ આપે? કોણ પ્રેરણા કરે? ધર્મવ્યવસાયમાં પૃચ્છક, પ્રેરક સાધર્મિકજ છે. સમાનધર્મી એટલે સાધર્મિક. તેનો સંબંધ સાંપડવો ઘણો જ મુશ્કેલ છે.

सर्वैः सर्वैर्मिथः सर्वे, सम्बन्धा लब्धपूर्विणः ।
साधर्मिकादिसम्बन्ध-लब्धारस्तु मिताः क्वचित् ॥१॥

જગતમાં સર્વજીવોએ સર્વજીવોની સાથે સર્વપ્રકારના સંબંધ અનંતી વખત મેળવ્યા છે. પિતા, પુત્ર, ભાઈ ભગિનીઆદિ સંબંધો બંધાયામાં બાકી રહી નથી પણ સાધર્મિકપણાનો સંબંધ તો પ્રમાણોપેતજ હોય છે. એ સંબંધ મર્યાદિત, અલ્પ જ સાંપડે છે. સાધર્મિકનો સમાગમ મોટા પુણ્યે મળે છે. દૂર બંગલામાં રહેતો માણસ, પર્વના દિવસે વ્હેલી સવારે મ્હોંમાં દાતણનો ઘોદો ઘાલે તો એને શરમ આવે? નહિ, કેમકે પાસે સાધર્મિક નથી. સાધર્મિકની શેરીમાં રહેતા હો તો હરગીજ એ ન બને. અધર્મથી બચાવનાર, પ્રતિકાર કરનાર સાધર્મિક છે, સાધર્મિકનો સમાગમ પુણ્યોદયે, મોટા પુણ્યે મળે તો પછી એની સેવા, એની અનુકૂલ સેવા, પૂજા મહાપુણ્યોદયથી જ મળે એમાં આશ્ચર્ય શું?

'एगत्थ सव्वधम्मा साहम्मिअवच्छलं तु एगत्थ ।
बुद्धितुलाए तुलिया दोवि अतुल्लाइं भणिआइं ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બુદ્ધિના ત્રાજવાનાં એક પલ્લામાં સર્વધર્મ મૂકાય, બીજા પલ્લામાં સાધર્મિકવાત્સલ્ય મૂકાય તો બે સરખાં નથી. સાધર્મિકવાત્સલ્ય કર્યાને અંગે શ્રીભરતમહારાજા. નરદેવ, દંડવીર્ય કુમારપાલમહારાજાનાં વૃત્તાંતો (દૃષ્ટાંતો) પ્રસિદ્ધ છે.

**પરસ્પર ખામણાં.**

ત્રીજું આવશ્યકકૃત્ય પરસ્પર ખામણાં છે. પર્યુષણામાં જો પરસ્પર ખામણાં ન થાય તો અનંતાનુબંધિની હદમાં જવાય કે જે સમ્યક્ત્વગુણનાશક છે. ચંડપ્રદ્યોતન રાજાને જેમ ઉદાયનરાજાએ ખમાવ્યા તેમ દરેકે પરસ્પર ક્ષમા, ક્ષમાપના કરવાં જોઇએ. એકજ ખમે અને સામો ન ખમે તો ? શાસ્ત્રકાર કહે છે કે—

**जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा अप्पणा चेव उवसमियव्वं से किमाहु भंते ?' उवसमसारं खु सामण्णं ॥** (कल्प० सू० ५९) સામો ન ખમે ન ખમાવે તો પણ ખમાવનાર પોતે તો આરાધક જ છે. જો એમ ન માનીએ તો સાધુનું સાધુપણું નહિ મનાય. જે સાધુ થાય છે, તેને અંગે સંસારીઓની મનોવૃત્તિ કેવી હોય છે તેથી શું તે સાધુનો મોક્ષ અટકે છે ? બીજાઓ ખમે કે ન ખમે, ખમાવે કે ન ખમાવે પણ મોક્ષે જનાર તો મોક્ષે જાયજ છે. કોઈ વખત ક્ષામણાની ક્રિયાથી પોતાનું તેમ સામાનું, ઉભયનું હિત છે તે ઉપર દૃષ્ટાંત—

**ચંદનબાલા મૃગાવતીનું દૃષ્ટાંત.**

(ठा० पृ० ५२४, महा० च० गुण० पृ० २७५,
गा० ७ थी १८, पर्व १० स० ८ श्लोक ३३१ थी ३४९)

એક વખત શ્રીમહાવીરદેવ કૌશાંબીનગરીમાં સમવસર્યા. આમ તો જ્યારે સૂર્ય—ચંદ્ર વંદન કરવા આવે છે ત્યારે વિકુર્વેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિમાનમાં આવે પણ આ જે પ્રસંગની વાત છે તે પ્રસંગે તેઓ વિકુર્વેલા વિમાનને ત્યાં રાખી મૂલવિમાને વંદના કરવા આવ્યા. ચંદનાસાધ્વી તો ડાહી છે, અનુભવી છે. જ્ઞાનના અનુભવથી સમયની જાણુ છે. (ચંદનાસાધ્વી તે મૃગાવતી સાધ્વીના ગુરૂણીજી) તેથી તેઓ તો જવાનો સમય જાણીને ઉપાશ્રયે ગયાં. મૃગાવતી પણ આવશે એમ તો સ્હેજે ધરાયજ ને ! મૂલવિમાનના પ્રકાશના સંભ્રમે મૃગાવતીને સમયનો ખ્યાલ ન રહ્યો. જ્યારે સૂય-ચંદ્ર ગયા ત્યારે એકદમ અંધકાર વ્યાપી ગયો તે જોઈ મૃગાવતી ભય પામી અને દોડાદોડ ઉપાશ્રયે આવી, ઇરિયાવહિ કરી, પોતાની ગુરૂણીને કહ્યું: 'મારો અપરાધ ક્ષમા કરો' તે વખતે સામાન્ય કહેવાય તે રીતિએ ચંદનાસાધ્વીએ કહ્યું: 'હે ભદ્રે ! તું તો કુલીન છે. વખતનું ભાન રાખવું. જોઇએ વગેરે.' મૃગાવતીએ પણ કહ્યું: 'ગુરૂણીજી ! ફરીથી હું એવી ભૂલ નહિ કરૂં, મને ક્ષમા કરો !" એટલામાં ચંદનાસાધ્વીને નિદ્રા આવી ગઈ. મૃગાવતી આવ્યા ત્યારેજ તેઓએ નિદ્રા લેવાને શયન તો કર્યુંજ હતું. હવે ચંદનાગુરૂણીજી નિદ્રાધીન થયા એટલે મૃગાવતીએ માન્યુ કે: "ગુરૂણીજી અપરાધની ક્ષમા આપે નહિ ત્યાં સુધી કેમ ચાલે ?" એટલે તેણીએ તો વારંવાર ખમાવ્યાજ કર્યું. વારંવાર ક્ષમાપનાના કાર્ય રૂપ પશ્ચાતાપઆદિથી તેમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. એ વખતે એક સર્પ ત્યાંથી પસાર થતો હતો. મૃગાવતીએ ચંદનાગુરૂણીજીનો હાથ તે સર્પથી બચાવવા ઉંચો કર્યો, આથી ગુરૂણીજી ચંદના જાગી ગયાં અને હાથ ઉચકવાનું કારણ પૂછ્યું. મૃગાવતીએ જણાવ્યું: અત્રેથી સર્પ જતો હતો માટે મ્હેં તમારો હાથ ઉંચો કર્યો." ચંદનાસાધ્વી- "આવા ગાઢ અંધકારમાં તેં સર્પ જોયો શી રીતે ?" મૃગાવતી કહે- "જ્ઞાનથી" ચંદના કહે- "જ્ઞાનથી ? પ્રતિપાતિજ્ઞાનથી કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અપ્રતિપાતિ ?" મૃગાવતી કહે-અપ્રતિપાતિજ્ઞાનથી. આ જાણીને ચંદના-સાધ્વીએ પણ મૃગાવતી-કેવલિને ખમાવવા માંડયું. ચંદના-સાધ્વીને પણ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ક્ષપાપના આવી જોઈએ. ક્ષામણાં આવાં જોઇએ મિચ્છામિ-દુક્કડં આવો જોઈએ.

## ક્ષુલ્લક તથા કુંભારના મિચ્છામિ-દુક્કડં જેવો મિચ્છામિ-દુક્કડં નકામો છે.

કોઇ એક ક્ષુલ્લકસાધુ એક વખત કુંભારની શાલામાં છે. કુંભારના ઘડાઓને કાંકરીઓથી કાણાં કરતો હતો. કુંભાર જ્યારે ઠપકો આપતો ત્યારે તે 'મિચ્છામિ-દુક્કડં' કહેતો પણ ફરીને એજ આચરણા કરતો. કુંભારે વિચાર્યું, આ 'મિચ્છામિ-દુક્કડં' કેવો ? તેણે પણ કાંકરીઓ લઇને તે ક્ષુલ્લકના કાન મરોડવા માંડયા. કાંકરીઓના સ્પર્શપૂર્વક કાન મરોડવાથી થતી ઈજાથી તે બૂમ પાડતો જાય અને પેલો કુંભાર પણ 'મિચ્છામિ-દુક્કડં' બોલતો જાય અને કાન મરોડતો જાય. તાત્પર્ય કે આવો 'મિચ્છામિ-દુક્કડં' નિષ્ફલ છે, 'મિચ્છામિ-દુક્કડં' કહો, ક્ષામણા કહો, ક્ષમા-ક્ષમાપના કહો, જે કહો તે હૃદયથી હોવું જોઈ એ.

## અટ્ઠમતપ.

ચોથું આવશ્યક-કૃત્ય અટ્ઠમની તપશ્ચર્યાનું છે. પક્ખીને અંગે એક ઉપવાસ, ચાતુર્માસિકને અંગે છટ્ઠ તથા સાંવત્સરિકપર્વને અંગે અટ્ઠમતપનું વિધાન શ્રીજિનેશ્વરદેવોએ કહ્યું છે. થાય તેણે અટ્ઠમ અવશ્ય કરવો જોઈએ. જેનાથી એકી સાથે અટ્ઠમ ન થઈ શકે તેણે તે તપ આ રીતે પૂરો કરી આપવો જોઈએ. અટ્ઠમ ન થાય તો તે છ આયંબિલ, અગર નવ નીવી અગર બાર એકાસણાં, અગર ચોવીસ બેસણાં કરે અગર છ હજાર સ્વાધ્યાય કરે અગર સાઠ નવકારવાળી ગણે. આ પ્રમાણે જે ન કરે તેને શ્રીજિનેશ્વરદેવની આજ્ઞાના ઉલ્લંઘનનો દોષ લાગે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તપના ફલ.

પ્રસંગે શાસ્ત્રકાર તપનાં ફલ જણાવે છે કે એક સો વર્ષ સુધી નારકીના જીવો અકામનિર્જરા વડે કરીને જેટલાં પાપકર્મો ખપાવે છે તેટલાં પાપથી જ ઉત્પન્ન થયેલાં કર્મો નવકારશીના પચ્ચક્ખાણથી દૂર થાય છે; પોરસીના પચ્ચક્ખાણથી એક હજાર વર્ષ, સાર્ધ-પોરસીથી દશ હજાર વર્ષ, પુરિમુડ્ઢથી એક લાખ વર્ષ, અચિત્તજલના એકાસણાથી દશ લાખ વર્ષ, નીવીથી એક ક્રોડ વર્ષ, એકલઠાણાથી દશ ક્રોડ વર્ષ, એકલદત્તીથી શતક્રોડ (અબજ) વર્ષ, આચામ્લ (આય બિલ)થી એક હજારક્રોડ વર્ષ, ઉપવાસથી દશ હજારક્રોડ વર્ષ, છટ્ઠથી એક લાખક્રોડ વર્ષ, અટ્ઠમથી દશ લાખક્રોડ વર્ષસુધીનાં પાપો (તેટલો સમય સુધી નારકીના જીવો જે દુઃખ ભોગવે તે દુઃખો આપનાર જે પાપો તે પાપો) દૂર થાય છે. આથી આગલની તપશ્ચર્યામાં ક્રમે ક્રમે દશગુણા ગણતા જવું. કલ્પસૂત્રમાં સાંભળો છો કે અટ્ઠમતપના પ્રભાવે નાગકેતુ આજભવમાં પ્રત્યક્ષ ફલ પામ્યો.

તપ નિઃશલ્ય જોઇએ.

તપ તો કરવું પણ કેવું કરવું? માયાશલ્ય, નિયાણશલ્ય તથા મિથ્યાત્વશલ્યરહિત તપ કરવું જોઈએ. દુશ્ચરિત્રની આલોચના ન થાય તેવું અર્થાત્ શલ્યવાળું તપ દુષ્કર છતાં ફલ ન આપે આજથી એંસીમી ચોવીસી ઉપર, તેટલા સમય અગાઉ એક રાજાને રાજ્યઋદ્ધિ ઘણી હતી પણ કુંવરી એક નથી. ઘણી માન્યતાથી એક કુંવરી થઈ. બહુમાન્ય ગણાઈ. તેથી ઘણી લાડકવાઈ થાય એ સ્પષ્ટ છે. સ્વયંવરથી વરને વરી, પરન્તુ 'પાપનો ઉદય એવો' કે ચોરીમાં રંડાણી, વિધવા થઈ, ત્યાંજ ભર્તાર મરણ પામ્યો. હવે શું થાય? પણ હતી સુશીલા. આજના મનુષ્યો આવાં ઓઠાં લે છે? દૃષ્ટાંતો કયાં લે છે? પડતાનાં. જેને પડવું હોય તે નીચું જુએ. ચડવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય તે નીચું ન જુએ. નીચે જોઈને ચડી શકાયજ નહિ. ચડનાર ઉંધે મોંએ ચડી શકે જ નહિ. હજી ઊતરનાર ગમે તે પ્રકારે ઊતરે પણ ચડનારે તો સીધુંજ મોં, ઉંચુ જ મોં, સન્મુખજ મોં રાખવું જોઈએ. આત્માને ઊર્ધ્વગતિ ઇચ્છનારાએ ઉંચા આત્માનાં દૃષ્ટાંતો લેવાં જોઈએ. પડતાનાં કદાપિ લેવાં નહિં આજકાલના મનુષ્યો પડતાનાં દૃષ્ટાંતોજ વારંવાર આગળ કરે છે.

## લક્ષ્મણા–સાધ્વીનું દૃષ્ટાંત.

કુંવરી ચોરીમાં વિધવા થઈ, છતાં તેણીએ પવિત્રશીલ પાળ્યું. તેણીની ગણના સતીમાં થઇ. તેણીએ બ્રહ્મચર્યવ્રત લીધું, ક્રમસર શ્રાવિકાનાં વ્રતો લીધાં અને ધર્મકાર્યમાંજ જીવન ગાળવા માંડ્યું. છેલ્લે, છેલ્લા તીર્થંકરની દેશના શ્રવણ કરી, વૈરાગ્યવાસિત થઇ, તેમની પાસે તેણીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેનું નામ લક્ષ્મણાસાધ્વી. આ દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તેણીથી એક વખત ચકલા ચકલીનું મૈથુનકાર્ય જોવાઈ ગયું. આ જોઈ તેણીને મનમાં વિચાર આવ્યો:– "અહો ! અરિહંતભગવાને મૈથુનની આજ્ઞા કેમ નહિ આપી હોય ? સમજાયું, તેમને પોતાને વેદ નહિ એટલે અવેદી એવા તેઓ વેદવાળાની વેદના ક્યાંથી જાણે ?" કેમ જાણે, અરિહંત જન્મથીજ અવેદી ન હોય; એક ક્ષણ પસાર થઈ, ફરી તેણીને ભૂલ સમજાઈ, હૃદયમાં વિચાર આવ્યો: "અહો ! મેં કેવું અસત્ય ચિંતવ્યું ? જેઓ સર્વકાલ સર્વક્ષેત્ર સર્વદ્રવ્ય અને સર્વભાવને જાણે તેથી તેમનાથી વળી અજાણ્યું શું હોય ? હવે મારે આલોયણા શી રીતે લેવી ? તેણીને વિચાર થયો કે: "હું આલોચના લેવા જઈશ એટલે ગુરૂ સ્હેજે ઠપકો આપશે કે ત્હારી આવી દૃષ્ટિ ? તિર્યંચ, પશુપક્ષી કે ન્હાનામ્હોટા જનાવરની તો આવી દૃષ્ટિ હોય પણ ત્હારી, કુલીનની, સાધ્વીની આ દૃષ્ટિ ? "આ વિચારના વમળે તેણી અટવાઈ આલોચન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવી એ તો નક્કીજ. વળી વિચાર્યું: 'વાંધો શો ? ઉપાલંભ આપશે તો પણ ગુરૂ છે ને ! ગુરૂમહારાજ ઠપકો આપવા યોગ્ય છે, એ જો ઉપાલંભ ન આપે તો અન્ય કોણ આપે ? અને મ્હારાથી ગુન્હો થયો છે માટે હું સાંભળવા યોગ્ય છું, મ્હારે સાંભળવુંજ જોઈએ," આવું વિચારી તેણીએ ગુરૂ પાસે જવા ગમન આદર્યું. થયું શું ? ઓચિંતો પગમાં કાંટો વાગ્યો. તેથી આ અપશુકન થયા એમ માન્યું અને ક્ષોભ પામી, પણ ગુરૂ પાસે ગઈ. પણ તેણીએ આલોયણ બીજાના નામે પૂછી કે: "હે ભગવન્ ! જે આવો ખરાબ વિચાર કરે તેને શી આલોયણા આવે ?" ગુરૂએ તો રીતિ અનુસાર આલોયણા કહી દીધી. લક્ષ્મણાએ પણ તેનો અમલ પણ કર્યો. આલોયણામાં તપશ્ચર્યા સામાન્ય નહોતી. એક બે વર્ષ નહિ પણ પચાશ વર્ષસુધી તીવ્ર તપશ્ચર્યા કરી.

> 'छट्ठट्ठमदसमदुवालसेहिं निव्विगइएहिं दस वरिसे ।
> तहय खवणएहिं दुन्नि अ, दो चेव य भुज्जिएहिं च ॥१॥
> मासक्खमणेहिं सोलस, वीसं वासाइं अंबिलेहिं च ।
> लक्खण अज्जा एवं, कुणइ तवं वरिस पन्नासं ॥२॥

દશ વર્ષસુધી છટ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ કર્યાં, વીસ વર્ષ આયંબિલ કર્યાં, સોળ વર્ષ માસક્ષમણ કર્યાં, પારણે કંઈ અભિગ્રહો કર્યાં, અંતરે બે વર્ષ એકાસણ, બે વર્ષ બેસણાવિગેરે અન્ય તપશ્ચર્યાઓ કરી. એવી રીતે પચાશ વર્ષ સુધી તીવ્ર તપ કર્યો છતાં શલ્ય હોવાથી, દુશ્ચરિત્ર જાહેર ન કરવાથી અને ગુરૂ પાસે આલોયણા બીજાના નામે લેવાથી તે લક્ષ્મણાસાધ્વી આત્માની શુદ્ધિને મેળવી શકી નહિ. છેલ્લે પણ આર્ત્તધ્યાને મરણ પામી, દુર્ગતિએ ગઈ. આવતી ચોવીસીના પ્રથમ તીર્થેશ શ્રીપદ્મનાભજીના શાસનમાં તેણીનો આત્મા મોક્ષે જશે. તપ નિ:શલ્ય જોઈએ એ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તાત્પર્ય છે. જો તપથી કર્મનો નાશ થતો હોય તો લક્ષ્મણાસાધ્વીનાં કર્મોનો નાશ કેમ ન થયો? પ્રાયશ્ચિત્ત લેવાથી કર્મોનો નાશ થાય છે. એ સર્વજ્ઞનું વચન છે. સર્વજ્ઞવચનાનુસાર આલોયણા આપનાર, પ્રાયશ્ચિત્તદેનાર ગુરૂમહારાજ છે. પાપોનું પ્રાયશ્ચિત્ત ગુરૂ પાસે લેવું જોઈએ. શલ્યવાળું તપ તેટલું ફલ ન દે. કહ્યું છે કે—

'ससल्लो जइवि कट्ठुग्गं, घोरं वीरं तवं चरे।
दिव्वं वाससहस्सं तु, तओ तं तस्स निष्फलं ॥ १ ॥

શલ્યવાળો મનુષ્ય ઉગ્ર કષ્ટવાળી એવી દેવતાઈ હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરે છતાં તે શુદ્ધ ન થાય કેમકે તે પોતાનું પાપ ગુરૂ પાસે ખુલ્લુ કરતો નથી એથી એ શલ્યતાવાળો જ છે. અને તેથી તેનું તે તપ નિષ્ફળ જાય છે. (લક્ષ્મણા આર્યા-અધિકાર મહાનિશીથ અ० ६ ગા० २११થી)

કાયોત્સર્ગ-ફલ.

(साय सयं गोसद्धा)
तिन्नेव सया हवंति पक्खम्मि।
पंच य चाउम्मासे
अट्ठ सहस्सं च वारिसए ॥ १६२७ ॥
पायसमा ऊसासा कालपमाणेण हुंति नायव्वा।
एवं कालपमाणं उस्सग्गेणं तु नायव्वं ॥ १६३६ (आव०नि०)

સંવત્સરિપ્રતિક્રમણમાં એક હજાર આઠ શ્વાસોચ્છવાસનો કાયોત્સર્ગ આવે છે. 'ચંદેસુ નિમ્મલયરા'સુધી પચીશ શ્વાસોચ્છ્વાસ થાય એમ નિર્યુક્તિકાર જણાવે છે. અને તે શ્વાસોચ્છ્વાસ પદ દીઠ ગણવો. ચાતુર્માસિકપ્રતિક્રમણમાં પાંચસેં શ્વાસોચ્છ્વાસનો, પાક્ષિકમાં ત્રણસેં શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ આવે છે. હવે તે પ્રસંગને અનુસરીને કાયોત્સર્ગથી શ્વાસોચ્છ્વાસના હિસાબે દેવતાનું આયુષ્ય કેટલુ બંધાય છે તે શાસ્ત્રકાર જણાવે છે :—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

लक्खखदुगसहस्सपणचत्तचउसया अट्ठ चेव पलियाइं ।
किंचूणा चउभागा, सुराउबंधो इगुस्सासे ॥ १ ॥

૨૪૫૪૦૮ (બે લાખ પીસ્તાલીશ હજાર ચારસેં આઠ) પલ્યોપમ + (ઉપરાંત) $\frac{4}{9}$ ચાર નવમાંશ પલ્યોપમ (એક પલ્યોપમના નવ ભાગ કરાય તેમાંથી ચાર ભાગ) જેટલું દેવાયુષ્ય એક શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગથી બંધાય છે. સમસ્ત નવકારના એટલે આઠ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગથી ૧૯૬૩૨૬૭ (ઓગણીશ લાખ ત્રેશઠ હજાર બસેં સડસઠ) પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે. પચીશ શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગથી ૬૧૩૫૨૧૦ (એકસઠ લાખ પાંત્રીશહજાર બસેં દશ) પલ્યોપમનું દેવાયુષ્ય બંધાય છે. અહીં પ્રશ્ન થશે કે શું દરેક કાયોત્સર્ગે આટલું આટલું આયુષ્ય બંધાય? ના, એમ નહિ પણ જો કાયોત્સર્ગ વખતે આયુષ્ય બંધાય તો અહીં જણાવેલું આયુષ્ય જે દેવલોકનું હોય, ત્યાં તે ઉત્પન્ન થાય. આખી જિંદગીના સરવૈયે આ વાત છે.

## ચૈત્યપરિપાટી, શાસનોન્નતિને અંગે વજસ્વામીનું દૃષ્ટાંત.

પાંચમું આવશ્યક કૃત્ય ચૈત્યપરિપાટી છે. દરેક ચૈત્યમાં પૂજા કરવી, કરાવવી અને એ રીતે શાસનોન્નતિ કરવી. વજસ્વામીનું નામ જૈન જગતમાં સુપ્રસિદ્ધ છે. દુષ્કાલના સમયમાં તેઓ આખા સંઘને પટ ઉપર બેસાડી, આકાશગામિની-વિદ્યાવડે સુકાલવાળા સ્થળે લઈ ગયા છે. ત્યાંનો રાજા બૌદ્ધ છે. તે રાજાએ માન્યતાના દ્વેષે જિનચૈત્યોને પુષ્પો વેચાતાં નહિ આપવાનો હુકમ કર્યો આથી જૈનોએ પોતાના ઘેર આવતાં પુષ્પો જિનાલયમાં આપવા માંડયા. રાજાએ પોતાના ફરમાનથી જૈનોને ઘર માટે પણ ફૂલો આપવાં બંધ કર્યાં. કેટલી હદે જૂલમ! પર્યુષણાપર્વ આવ્યું. તેથી શ્રીસંઘે વજસ્વામીને, શ્રીજિનેશ્વરદેવની અંગપૂજાને અંગે ફૂલો સંબંધી પરિસ્થિતિ જણાવી, ઘટતું કરવા વિનંતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી વજસ્વામીજી વિદ્યાના જ્ઞાતા છે. એ તો શ્રીસકલસંઘના અનુભવની વાત તો હતી જ. શ્રીવજસ્વામીજી આકાશગામિની-વિદ્યાના યોગે માહેશ્વરી-નગરીએ ગયા, ત્યાં દુન્યવી સંબંધે પોતાના પિતાનો મિત્ર બાગવાન રહેતો હતો ત્યાં જઈને ફૂલો તૈયાર કરવાનું જણાવ્યું. ત્યાંથી પોતે હિમવાન્ પર્વતે શ્રીદેવી પાસે ગયા. શ્રીદેવીએ પોતાની પૂજા માટે તોડેલું મોટું ફૂલ એમની આગળ ધર્યું ત્યાંથી તે ફૂલ લઇ, પાછા માહેશ્વરી આવી ત્યાંથી ફૂલો લઇને જૃંભકદેવકૃત વિમાનમાં પાછા આવી, શ્રીસંઘને ફૂલો આપ્યાં અને જિનાલયોમાં ભારે અંગપૂજાપૂર્વક મહોત્સવો થયા. સુંદર અંગરચના થઈ. શાસનની પ્રભાવના થઈ, ઉન્નતિ થઈ. આ જોઈ ને રાજા પણ પ્રતિબોધ પામીને શ્રાવક થયો.

## અમારિપડહ, શ્રીવિજયહીરસૂરીશ્વરજીના ઉપદેશથી અકબર-બાદશાહનો હૃદયપલટો.

આપણે જોઈ ગયા કે પર્યુષણા પર્વમાં પાંચ કૃત્યો આવશ્યક કહ્યાં. (૧) અમારિપડહો, (૨) સાધાર્મિકવાત્સલ્ય (૩) પરસ્પર ક્ષામણાં (૪) અટ્ઠમતપ અને (૫) ચૈત્યપરિપાટી. અમારિપડહો અટ્ઠાઈપર્વઆદિ પ્રસંગે શ્રીકુમારપાલમહારાજાએ, તેમજ સંપ્રતિમહારાજાએ વગડાવ્યો છે. યાદ રાખજો કે ગુજરાત, સૌરાષ્ટ્ર, મારવાડ, મેવાડ, માળવા, કચ્છ વગેરેમાં જે ધર્મની છાયા છે, જે દયાની છાયા છે, જૈનેતરોમાં પણ જે તે છાયા છે, માંસાહારનો પરિહાર જે દેખાય છે તે પ્રભાવ કુમારપાલમહારાજાનો છે. આગલ કહેવામાં આવ્યું હતું કે અમારિપડહને અંગે શ્રીવિજયહીરસૂરીશ્વરજીએ શું કર્યું ?, બાદશાહ પાસે કેવી રીતે, કેટલા સમયનો અમારિપડહ પળાવ્યો વગેરે વૃત્તાંત આગળ કહેવામાં આવશે. એમ જે કહ્યું હતું તે વૃત્તાંત હવે કહેવામાં આવે છે. ગ્રંથકાર શ્રીવિજયલક્ષ્મીસૂરીશ્વરજી કહે છે કે વર્તમાનકાલે પણ શ્રીહીરવિજયસૂરીશ્વરજી-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહારાજે અકબર–બાદશાહને પ્રતિબોધી, તેના આખા દેશમાં છ માસ સુધીનો અમારિપડહ કાયમી બનાવ્યો હતો, અર્થાત્ કાયમને માટે પ્રતિવર્ષ છ માસ અમારી પળાવવાનાં ફરમાનો મેળવ્યાં હતાં. ગ્રંથકાર કહે છે કે આ ચરિત્ર તો મોટું છે પણ અમારી-તત્ત્વ પૂરતું અત્ર કહેવામાં આવે છે. સ્વપ્રધાનો પાસે શ્રીહીર-વિજયસૂરિજીની પ્રશંસા શ્રવણ કરી, દિલ્હીપતિ યવનશાહ, મોગલ-વંશનો બાદશાહ તે મહાત્માનાં દર્શન કરવા ઉદ્યુક્ત થાય છે અને તરત પોતાનો રૂક્કો મોકલી બાદશાહ નિમંત્રણ મોકલે છે. બહુમાનપૂર્વક બાદશાહ આમંત્રણ આપે છે. મ્યાના, પાલખી બધું મહાત્માને આપવાનો પોતાના અધિકારીઓને હુકમ કરે છે પણ આ ત્યાગીઓને એવું કયાં કલ્પે છે. આચાર્યશ્રી ગંધારબંદરથી વિહાર કરતા કરતા દિલ્લીનગરે સંવત્ (વિક્રમાર્ક) ૧૬૩૯ના જેઠવદી ૧૩ (તેરસે) આવી પહોંચે છે. બાદશાહે અપૂર્વ સત્કાર કર્યો. સૂરિજી શાહને મળ્યા. બાદશાહના મનોરથ ફળ્યા. સૂરિજીનો, તેમના સાધુઓનો સંયમ જોઈ બાદશાહ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. હવે અકબરની ઓળખ આપવામાં આવે છે. દુન્યવી ઓળખ તો જગતના ઈતિહાસે આપી છે કે તે મોગલવંશનો મહાન્ બાદશાહ હતો. આ ગ્રંથકાર, તેની આત્મપરિણતિની ઓળખ એજ દુન્યવી ઈતિહાસના આધારે આપે છે. એની હિંસકવૃત્તિ તથા પ્રવૃત્તિની આથી પીછાણ થાય છે. આગ્રાથી અજમેર સુધી તેણે જે સડક કરી હતી. ત્યાં એક એક ગાઉએ, એક એક માઈલે, એક એક મોટો મિનારો બનાવ્યો હતો અને તે તમામ મિનારા ઉપર હરણીઆનાં પોતે શીકાર કરેલાં શીંગડાં ટાંગ્યાં હતાં. દુનિયાને પોતાનું શીકારીપણું જણાવવા માટે આ દેખાવ હતો. આજનું જગત્ પણ પોતાને શીકારી મનાવવામાં બહાદુરી માને છે ને ? વિચારો. હિંસાની કઈ હદ સુધીની પરિ-ણતિમાં તે લીન હતો, આચાર્યશ્રીએ તેના હૃદયને આખુંય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પલટાવી નાંખ્યું. બાદશાહને દયાર્દ્ર બુદ્ધિવાળો બનાવી દીધો. આચાર્યશ્રીએ એવો ઉપદેશ આપ્યો કે એ બાદશાહની દૃષ્ટિજ બદલાઈ ગઈ.

## બાદશાહ પાસે સૂરિજીએ શું માગ્યું ?

બાદશાહે સૂરિજીને કહ્યું : "મહાત્મા ! મહારાજ ! દુનિયામાં તો એવો નિયમ છે કે યાત્રિક પોતે ચાલી ચલાવીને ગંગા-યમુનાના તીરે જાય છે પણ મેં તો તેથી ઉલટી આચરણા કરી છે. આપનાં દર્શનનો ઉમેદવાર હું હતો, માટે આપ હો ત્યાં આવવું જોઇએ તેને બદલે મેં આપને અહીં બોલાવ્યા. દર્શનનો હેતુ મ્હને હતો અને મુસાફરીનો પરિશ્રમ આપને આપ્યો ! આટલું છતાં મહાત્મન્ ! તમે તો જબરા ત્યાગી છો, હમારી પાસેથી કાંઈ લેતા પણ નથી. આપ કાંઇ પણ માગો એવી મારી ઉમેદ છે. સૂરિજીએ કહ્યું–સાધુઓ સર્વથા પરિગ્રહથી વિરમેલા છે. વ્રતવાળા માગે શું ? દિલ્હીનો બાદશાહ જ્યારે આગ્રહપૂર્વક વિનવે છે ત્યારે આચાર્યશ્રી કહે છે : "હે શાહ ! બાદશાહ ! ત્હારી ઇચ્છાજ છે તો હમારી માગણી છે કે તમારા અખિલ રાજ્યમાં દરેક પર્યુષણાપર્વના આઠ દિવસોમાં અમારિપટહથી અમારી પળાવો. હે બાદશાહ ! આ પવિત્ર દિવસોમાં તમારા ફરમાનથી જીવોને અભયદાન મળો. બંદીવાનોને પણ છોડી મૂકો." બાદશાહ આચાર્યની આવી માગણીથી ઓર ખુશ થયો. આમાં આચાર્યે પોતા માટે તો કાંઈ માંગ્યું જ નહોતું. બાદશાહના હૃદયમાં થયું : "ये महापुरुष अपने लीये तो कुछ बाता ही करते नहि। ये भी जो बोले वो औरोंहीं के लिये" બાદશાહે પ્રસન્ન થઈને હાથ જોડી કબૂલી લીધું. બંદીવાન્ એટલે ગુન્હેગાર એને છોડાય ? છોડાવાય ? હા, છોડાય, છોડાવાય. બાદશાહે તરત કેઈ બંદીવાનોને છોડવાનો હુકમ કરી દીધો. ડાબરસરોવર પર પોતે ભેગા

કરેલાં તથા ભેટણામાં આવેલા દેશદેશાવરનાં આવેલા પક્ષીઓ કે જે પીંજરામાં હતા તે બધાને મુક્ત કર્યાં, ઉડાવી દીધા. પોતે જાતે જઈને તે કર્યું. બંદીવાનો છોડવા, છોડાવવા. પક્ષીઓ છોડવા, છોડાવવા વગેરે દયાની વાતો દયાના દુશ્મનોને ખટકે પણ જેને બચાવવાના તે બચીને શું કરશે એ દયા કરનારાએ જોવાનું નથી. જો એમ મનાય તો સાધુ થાય, કોઇ મનુષ્ય પ્રવ્રજ્યા અંગીકાર કરે તેનો તમામ લાભ, તેના ઉત્પાદક માતાપિતાને થવો જોઇએઃ થાય છે? દયાના દુશ્મનો એ લાભ માને છે? ના, ના, શ્રીતીર્થંકરમહારાજા પ્રવ્રજ્યા લે છે, છેલ્લે તીર્થસ્થાપે છે એ બધાનો લાભ માતાપિતાને મળે એમ કેમ માનતા નથી? દયાના દુશ્મનોએ સીધી દૃષ્ટિએ જોવું નથી; માત્ર જેમ આવે તેમ બકવું છે.

બાદશાહે કરેલો અમલ.

અમારી પાલનને અંગે, અમારિપડહના ફરમાનને અંગે બાદશાહે કેવો અમલ કર્યો? તેણે વિચાર્યું કે દુનિયામાં પણ એવો નિયમ છે કે કોઇનો કાંઈ વ્યવહાર આવે, સંપેતરૂં આવે તો તેમાં કાંઇક ઉમેરીને પાછું વળાય છે તો આ તો પરમાર્થે (પોતાના લેશ પણ સ્વાર્થ વિનાની) મહારાજશ્રીની માગણી અને હું બાદશાહ એટલે મારે એમની ઈચ્છાને માન આપવા ઉપરાંત કાંઇક કરવું એજ સમુચિત છે. તેણે તેજ વખતે મહારાજશ્રીને કહ્યુંઃ "આપના આઠ દિવસ તથા મારા ચાર દિવસ એમ બાર દિવસ હું આપને અમારિપડહના આપું છું, શ્રાવણ વદી દશમથી ભાદરવા સુદી છઠ સુધી (બાદશાહના ચાર દિવસમાં બે દિવસ આગલ, બે દિવસ પાછળ તેણે રાખ્યા) અમારિપડહપૂર્વક અમારી પાલનનું મ્હારા આખા રાજ્યમાં ફરમાન કરૂં છું." બાદશાહે પોતાની સહીવાળાં છ ફરમાનપત્રો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૈયાર કરીને ગુરૂશ્રીને આપ્યાં અને પ્રાંતવાર સૂબાઓને પણ મોકલી અપાયાં. છ ફરમાનપત્રો જે સૂરિજીને અપાયાં તે આ મુજબ (૧) ગુજરાત પ્રાંતનું (૨) માળવાનું (૩) અજમેર (મારવાડ)નું (૪) દિલ્લી–ફત્તેહપુર (રજપૂતાના)નું (૫) લાહોર–મુલતાનનું (પંજાબનું), (૬) સામાન્ય કે જેમાં પાંચે પ્રાંતોનો હુકમ હોય તેવું.

## વાચક શ્રીશાંતિચંદ્રજીના ચમત્કારો (૧) મોતી શી રીતે મળ્યાં ?

સૂરિજીના સમાગમથી બાદશાહને તો ધર્મશ્રવણનો રસ લાગ્યો. વિહારનો સમય નજીક આવતાં બાદશાહે વિનંતિ કરી 'મહારાજ ! આપને વિહાર કરતાં તો હું રોકી શકું નહિ પરન્તુ અમને ધર્મ સંભળાવવા માટે આપ અત્રે એક સમર્થ શિષ્યને મૂકી જવાની કૃપા કરો. બાદશાહની પ્રાર્થનાથી સૂરિજીએ પોતે વિહાર કર્યો ત્યારે બાદશાહને ધર્મ સંભળાવવા જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિના ટીકાકાર તથા પશ્ચિમદિશાના માલીક વરૂણદેવે જેમને વરદાન આપ્યું છે એવા સમર્થ વિદ્વાન્, ગીતાર્થ, ધર્મોપદેષ્ટા વાચક શ્રીશાંતિચંદ્રજી ઉપાધ્યાયને ત્યાં રાખ્યા. બાદશાહને શ્રવણ કરાવવાજ વાચકજીમહારાજે ટીકા સહિત કૃપારસકોષની રચના કરી. બાદશાહના હૃદયમાં શ્રીહીરવિજયસૂરિજીએ વાવેલી દયારૂપ વેલડીને શ્રીઉપાધ્યાયજી શાંતિચંદ્રજીમહારાજે નવપલ્લવિત કરી. એક વખત કોઇ શેઠે બાદશાહને શ્રેષ્ઠ એવાં બે મોટાં મોતી નજરાણાં તરીકે આપ્યાં. તે લઇ બાદશાહે તે શેઠનો સત્કાર કર્યો. બાદશાહે તે વખતે તે મોતી પોતાના ચામર વીંઝનાર સેવક 'બાર હજારી'મુનસફબિરૂદધારીને રાખવા આપ્યા. 'બાર હજારી' એવું બિરૂદ છે. બાદશાહને એ વખતે એમ જ થયું કે ભલે એ મોતી હાલ બાર હજારી સાચવે. એ કાંઈ ખજાનચી નહોતો કે ત્યાં પટારો ઉઘાડી મૂકે. એ બાર હજારી તો મોતી પોતાને ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લઇ ગયો અને તે વખતે સ્નાન કરવા તૈયાર થએલી પોતાની સ્ત્રીને વ્યતિકર (બનેલો બનાવ) કહેવા પૂર્વક તેણે સાચવવા આપ્યાં. પુરૂષ ફરતો અને સાચવનાર સ્ત્રી હોય તેથી એનું નામ ગૃહિણી છે. તે વખતે તો તેણીએ લુગડાના છેડે બાંધ્યા, પછી ઠેકાણે મૂકયાં. તેણીએ વિચાર્યું કે બાદશાહ મોતી કયારે માગે એનો પત્તો શો? આથી જયાં ત્યાં ન મૂકતાં કોઈ ગુહ્યસ્થાને મૂકયાં. બાદશાહે તરતમાં કાંઈ માગ્યાં નહિ, કાલ પસાર થયો. બારહજારીની સ્ત્રી માંદી પણ પડી અને મરી પણ ગઇ. તેણીએ પેલાં મોતી કયાં મૂકયાં છે તે તેણીએ કહ્યું નહિ, બાર હજારી તો એ ભૂલીજ ગયો હતો. એક વખતે બાદશાહે પેલાં મોતી માગ્યાં. બાર હજારીને પણ એજ વખતે મોતી યાદ આવ્યાં. હવે શું કહેવું ? બાદશાહે પોતાને મોતી આપેલાં એમાં તો કાંઇ ના કહેવાય તેમ નથી. બનાવ કેવો બની ગયો છે. પણ એ વાત બાદશાહને કહે તો માને ? વાણીઓ વાયદે જીતે 'લઇ આવું' એમ કહીને તે ઘેર ગયો. બધે જોયું પણ પત્તો લાગ્યો નહિ. પેટી પટારામાં હોય તો જડે ને ? પેલી સ્ત્રીએ એવે ઠેકાણે મૂકેલાં કે ચોરને, કે જોનારને જડેજ નહિ, કેમ કે બાદશાહની અનામત હતી ને. પછી તો એ વાત વિસારે પડી હતી. બનવાનું બની ગયું. પીઢીઆમાં કે મોભમાં એમ કયાંઇ ખૂણે ખોંચરે મૂકેલી વસ્તુ જડે કયાંથી ? હવે શું કરવું ? બાદશાહ પાસે ગયા વગર કેમ ચાલે ? પ્રથમજ જો-"સ્ત્રી મરી ગઇ અને તેણે કયાં મૂકયાં છે તે ખબર નથી" એમ કહે તો તેની દાનત માટે શંકા જાય, એ જવાબ ઉડાઉ ગણાય પરંતુ હવે તો કહી શકે કે "આમ બન્યું છે, હાલ તરત મોતી કયાંય જડતાં નથી છતાં શોધીશ." તો બાદશાહ પણ માની શકે (સ્ત્રી મરી ગઇ એ વાત તો પ્રત્યક્ષજ છે ને!) અને પોતે એમ ધારે કે નિરાંતે શોધીશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે બાદશાહ પાસે આવવા ઘેરથી નીકળ્યો. પુણ્યના ઉદયે માર્ગમાં શાંતિચંદ્રજી ઉપાધ્યાય મળ્યા. રોજનો પરિચય તો છે, કેમકે ઉપાધ્યાયજી રોજ બાદશાહને ધર્મશ્રવણ કરાવવા જાય છે, અને આ છે ચામર વીંઝનાર એટલે એ પરિચય સ્વાભાવિક છે. ઉપાધ્યાયજીએ આને ઉદાસ જોઈને, શીયાવીયા જોઇને પૂછ્યું: "કેમ હોશકોશ ઉડી ગયા છે?" તે બાર હજારીએ વંદન કરવા પૂર્વક તમામ વ્યતિકર કહ્યો અને ઉદાસીનપણાનું કારણ જણાવ્યું. વાત પણ ખરી. રાજા બાદશાહના શા ભરૂસા? અવળી ઘાણીએ પીલે, પોતાને તો પીલે પણ કુટુંબનેય પીલે. સીધા ઉતર્યાં તો ઠીક અને વિફર્યાં તો બારજ વગાડે. ઉપાધ્યાયજીએ કહ્યું: "ભલા આદમી! ઉદાસ ન થા? જા, પાછો ઘેર જા, અને જેણીને તેં મોતી આપ્યા છે તેની પાસે માગી લે, તેણી તરત તને આપશે, જા, જલદી જા?" મનાય? સ્ત્રી મરી ગઈ છે, પોતે ભસ્મીભૂત કરી આવેલ છે, છતાં ઉપાધ્યાયજીના કહ્યા પછી જરાય ચર્ચા નહિ. શ્રદ્ધા, પ્રતીતિ કોઇ અજબ ચીજ છે. તરત ઉલ્લાસમાં આવી, ઉત્સાહભેર ઘેર દોડયો. શ્રદ્ધા તો એવી હતી કે જેને બાદશાહ માને તે કાંઈ જેવા તેવા હોય?

નહિ કલ્પેલું જોવું.

પોતે ઘેર ગયો ત્યાં શું જોયું? પ્રથમ મોતી આપ્યા ત્યારે સ્ત્રીને જે રૂપે જોઇ હતી તેજ રૂપે સ્નાન કરવા તૈયાર થયેલી જોઇ. તેણે મોતી માંગ્યાં અને તે સ્ત્રીએ લુગડાના છેડેથી છોડીને આપ્યાં. એ તો આ સ્ત્રીનું શું થાય છે, અલોપ થાય છે કે કેમ એ જોવાય ઉભો ન રહ્યો, કેમકે ઝટપટ મોતી બાદશાહને આપવામાંજ જીવનની સલામતી છે ને? હાથમાં મજબુતપણે મોતીના યુગલને પકડી તે બાદશાહ પાસે દોડી ગયો અને બાદશાહને મોતી આપ્યાં. પછી ચામર વીંઝવા લાગ્યો,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ રોજની જેમ એ આજે ચામર વીંઝી શકતો નહિ. એના હૃદયમાં પેલા આશ્ચર્યની ગડમથલ હતી. એની દૃષ્ટિ સમક્ષ ચમત્કાર ખડો થતો હતો. એ દશામાં ઘડીમાં ચામર વીંઝે, ઘડીમાં તેમાં સ્ખલના થાય, વિચારમાં ગરકાવ થવાથી શરીરની ક્રિયામાં સ્તબ્ધ બને, વળી ફરી વીંઝે, વળી સ્તબ્ધ થાય. જેને વારંવાર ઝોકા આવતાં હોય તેની હાલત કેવી હોય? વારંવાર આવી સ્ખલના થવાથી બાદશાહે તેને પૂછયું: "આજે તું ચિત્રામણમાં ચિત્રિત જેવો કેમ દેખાય છે?" યવન બાદશાહની ભાષામાં પણ અહીં કેવા શબ્દો છે? "મરી ગયા જેવો કે મુડદાલ જેવો કેમ દેખાય છે એમ નહિ, પરન્તુ ચિત્રામણમાં ચિત્રિત કેમ છે" એમ બોલાય છે.

**સંસ્કારનું ફળ.**

સંસ્કારનું, સત્સંસર્ગનું આ પરિણામ છે. શબ્દ મધુર જોઈએ. બાદશાહના હૃદયમાં દયારૂપી વેલડી નવપલ્લવિત થઈ છે એટલે એના શબ્દોમાં અનુપયોગ સ્વાભાવિક રીતિએ ન હોય. એક બે વાર બાર હજારીએ કહ્યું: "કાંઈ નહિ; સ્હેજે" પણ આશ્ચર્યની અસરમાંથી એ મુક્ત થઈ શકયો નહિ. એ આશ્ચર્ય કાંઇ જેવું તેવું હતું? મરેલી સ્ત્રી, બાળી નંખાયેલી સ્ત્રી, જાતેજ જેનું શબ ભસ્મીભૂત કરવામાં આવ્યું છે એવી સ્ત્રી લુગડાના છેડેથી છોડીને (તે પણ પ્રથમની જેમ સ્નાન માટે ઉદ્યુક્ત થયેલા રૂપે) મોતી આપે એ આશ્ચર્ય કાંઇ જેવું તેવું ગણાય? અભૂતપૂર્વ આ આશ્ચર્યની અસરથી સ્હેજે છૂટાય શી રીતે? આથી બાદશાહે માન્યું કે: "મેં મોતી માગ્યા તેથી આજે આટલા લાંબા કાલે મોતી પાછાં આપવાં પડે છે, તેની શું આ અસર છે"? આથી બાદશાહે સ્વમન્તવ્યાનુસાર કહ્યું:– "શું તેં એમ માન્યું હતું કે એ મોતી મેં ત્હને આપી દીધાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતાં? મ્હેં તો ત્હને રાખવાં આપ્યાં હતાં." જ્યારે બાદશાહે આ રીતિએ કહ્યું ત્યારે આક્ષેપનું નિરાકરણ કર્યા વિના ચાલે? તેણે કહ્યું: "જહાંપનાહ! મેં એવું માનેલું જ નથી." આમ કહી બનેલો તમામ બનાવ કહી સંભળાવ્યો તેણે કહ્યું:–ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રજીના આ ચમત્કારથી હું ગરકાવ થયો છું તેથી વારંવાર ચામર વીંઝવામાં સ્ખલના થાય છે: "ક્ષમા કરો. બાદશાહ સલામત!" બાદશાહ બોલ્યો: "આટલા આશ્ચર્યમાં તું નવાઇ પામે છે? એ તો બીજો પરમેશ્વર છે."

## બાદશાહને બાપા બતાવ્યો, ચમત્કાર બીજો.

બાર હજારીને અંગેના ચમત્કારનો વ્યતિકર જાણી બાદશાહને પણ ચમત્કાર જોવાની તાલાવેલી લાગી. રોજ ઉપાધ્યાયજી ધર્મોપદેશ આપવા તો મહેલે જાય છે, સુવર્ણ સિંહાસન પર બેસીને દેશના આપે છે. એક દિવસ પ્રસંગ જોઇને બાદશાહે કહ્યું: "પૂજ્ય! અમને પણ કાંઈ ચમત્કાર બતાવવાની કૃપા કરો, કૃપાનાથ!" વિચારો, એક ચમત્કાર બતાવ્યો તો બીજો બતાવવાનો પ્રસંગ ઉભો થયો. એ પણ ખ્યાલ રાખવાનું છે કે ગીતાર્થ ઘટતું બધુંય કરે. ગીતાર્થનો દાખલો સામાન્યથી લેવાય નહિ. પૂર્વાચાર્યોએ જૈન શાસ્ત્રમાંથી જ્યોતિષ, વૈદક વગેરેને કેમ વિદાય કર્યાં તે આથી સમજાશે. જો એ રાખ્યું હોત તો તમારાં બૈરાં, છોકરાં માટે ટીપણાં રાખવાં પડત અને દવાઓ રાખવા પેટી પટારા રાખવા પડત. સાધુ એટલે વાણીઆના ગુરૂ. વાણીઓ દેતાંય લાભ મેળવે, લેતાંય લાભ મેળવે: ખરીદીમાં, વિક્રયમાં બેયમાં 'લાભે લોટે' તે વાણીઓ. ઉપાધ્યાયજીથી બાદશાહને ના કહેવાય? ભલે થઇ જાય. લાભ દૃષ્ટિની દોરી તો પોતાનાજ હાથમાંજ છે ને? પોતે ગીતાર્થ છે. બાદશાહને કહ્યું: "જો એવીજ ઇચ્છા હોય તો કાલે ધર્મચર્ચાનો પ્રસંગ ગુલાબબાગમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાખવો સવારે ગુલાબબાગમાં આવવું." બીજે દિવસે સવારે ઉપાધ્યાયજી ગુલાબબાગે પધાર્યા. બાદશાહ પણ પરિવાર સાથે ત્યાં ગયેલ છે. આજે ચમત્કાર જોવાનો છે એ વાત ફેલાતા સાથેના પરિવારમાં કાંઈ કમીના હોય ? નગરલોકની મેદનીનો પણ પાર નથી. ઉપાધ્યાયજી તથા બાદશાહ પરસ્પર ધર્મચર્ચા કરી રહ્યા છે એટલામાં બાદશાહી નોબતની ગર્જના થઈ. બાદશાહી નોબત બેજ પ્રકારે-બેજ પ્રસંગે વાગે. કાં તો શાહી હુકમથી વાગે, કાંતો શત્રુને હરાવી વગડાવે ત્યારે વાગે. બાદશાહે વગાડવાનું ફરમાન તો કર્યું નથીઃ એવો કોઇ ખાસ પ્રસંગ નથી કે તેવું ફરમાન હોય. "અમારી આજ્ઞા વિના બાર બાર ગાઉમાં આવો ડંકો વગાડવાનો કોઇને હુકમ નથી તો આ કોણે નોબતનો ગડગડાટ કર્યો ?" બાદશાહે કહ્યું "શી ધાંધલ છે, કોણ ચડી આવ્યું છે, કયો દુશ્મન દળ લઇને દિલ્હી ઉપર આક્રમણ લઈને આવ્યો છે ?" એ જાણવા સેવકોને તપાસ કરી લાવવા ફરમાવ્યું. નોકરો તપાસ કરી આવીને હાજર થઇને કહે છે- "જહાંપનાહ ! આ તો આપના પિતાજી, હુમાયુ-બાદશાહ પોતાના લાવ લશ્કર સાથે તમને મળવા આવે છે." હુમાયુ તો મરી ગયો હતો. પણ આ તો ચમત્કાર છે ને હજી તો આ વાત થઈ રહી છે ત્યાં તો ખૂદબખૂદ (પોતે આપઆપ) હુમાયુ આવીને ઉભો રહ્યો. પોતાના પુત્ર અકબરને વ્હાલથી ભેટયો. પિતા-પુત્ર પરસ્પર ખૂબ ખૂબ ભેટયા. હુમાયુએ પરિવાર તમામને મેવા, મિઠાઈથી ભરેલ થાળ વગેરે આપ્યા અને જોતજોતામાં તો જેવો આવ્યો હતો તેવો તે ચાલ્યો. બાદશાહે વિચાર્યું કે "શું આ ઈંદ્રજાલ છે ? નહિ, નહિ, ઈંદ્રજાલ નથી કેમકે આપવામાં આવેલી ચીજો મેવા, મિઠાઈ, ભાજનાદિ તો વિદ્યમાન છે. જાણ્યું, જાણ્યું આ ચેષ્ટિત ગુરૂમહારાજનું છે, એમણેજ આ ચમત્કાર બતાવી દીધો" બાદશાહે નમન કરી ગુરૂમહારાજની સ્તુતિ કરી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચમત્કાર ત્રીજો. ઈચ્છામાત્રમાં કિલ્લો સર.

એક વખત બાદશાહ અટક જીતવા સૈન્ય લઈને દિલ્હીથી નીકળ્યો. સાથે ઉપાધ્યાયજીને પણ લીધા છે. ન્હાના મ્હોટા પ્રયાણે લશ્કરની સાથે ઉપાધ્યાયજી પણ પાદ વિહાર કરે છે, પરિશ્રમને ગણુકારતા નથી. આ વખતે ધર્મોપદેશ નથી. એક વખત લશ્કરે બત્રીશ કોશનું મોટું પ્રયાણ કર્યું. ઘોડા, હાથી, ઊંટ, બળદ, ગાડાં વગેરેનો ઉપયોગ કરનારને તો વાંધો નહિં પણ ઉપાધ્યાયજીની શી દશા? એમને પગે એવા તો સોજા આવી ગયા છે કે પગલું ઉપાડવા તેઓ સમર્થ નથી. મુકામ થયા પછી બાદશાહે જ્યારે સાથે આવનારની નામાવલી તપાસી ત્યારે છેલ્લે ઉપાધ્યાયજીનું નામ પણ જોયું તે વખતે તેને ખ્યાલ આવ્યો કે: "જેઓ વાહનમાં બેસતા નથી તેમણે આવું મોટું પ્રયાણ શી રીતે કર્યું હશે? એ મહાત્માને મ્હોટું દુઃખ થયું હશે?" પોતાના સિપાઈને ઉપાધ્યાયજી પાસે, ખબર પૂછવા તથા "બાદશાહ બોલાવે છે." એમ કહેવા મોકલ્યો. ઉપાધ્યાયજીની પગલું પણ ન ભરી શકાવાની હાલતની એને કલ્પનાય હોય તો આમ સિપાઈને મોકલે? સિપાઈએ આવીને શું જોયું? પગ સૂઝીને થાંભલા થઈ ગયા છે, ઉષ્ણ જલથી શિષ્યો સિંચન કરી રહ્યા છે, ગળામાં પણ પાણી સીધું જતું નથી, પી શકાતું નથી, ભીના વસ્ત્રને ગળે તથા છાતીએ મૂકાવી રહેલ છે, બે શિષ્યો ખડે પગે વૈયાવચ્ચ કરી રહ્યા છે. આવી શિષ્યોની ગુરૂભક્તિ જોઈ સિપાઈએ પણ મસ્તક ડોલાવ્યું, બાદશાહની વતી ખબર પૂછી, 'હજૂર બુલાતા હય' એવો સંદેશો કહ્યો. શિષ્યોએ હાલત કહી, જે હાલત નજરોનજર નિહાળાતી હતી. સિપાઈએ આવીને બાદશાહને હાલત કહી બતાવી બાદશાહે મ્યાનો મોકલ્યો. ઉપાધ્યાયજીએ હવે જવાનું નક્કી કર્યું પણ વાહનમાં બેસવું નથી. એક લાકડાંની વળી મંગાવી. વચ્ચે પોતે બેઠા અને બે છેડેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બે શિષ્યોએ વહન કાર્ય કર્યું. તેમને આ રીતે આવતા જોઈ. જ્યારે નજરે પડયા ત્યારે બાદશાહ સામે આવ્યો. અને નમી પડ્યો, ક્ષમા માગી. બાદશાહના દીલમાં થયું, "કેવી ગુરૂભક્તિ? શિષ્યો વળી ઉપર બેસાડીને લાવે એ તો પ્રત્યક્ષ છે જ: પરંતુ ઉપાધ્યાયજી કાયમ આ કષ્ટ સહન કરે છે. મ્હારી સાથે આવવું, તેને અંગે સહન કરવું પડતું સહન કરવું એ પણ પોતાના ગુરૂના આદેશપાલન ખાતરજ છે એ મહાત્માને કયો સ્વાર્થ છે? કયા પૈસા, ટકા લેવા છે? બાદશાહે કહ્યું: "મહારાજ! આપને અતિકષ્ટ થયું, ક્ષમા કરો, આપે આવું ઉતાવળે આવવાની જરૂર નથી, આવા પ્રસંગે ધીમે ધીમે આવો એજ ઈચ્છવા યોગ્ય છે." ક્રમસર પ્રયાણે લશ્કર અટક જઈ પહોંચ્યું. ત્યાંના રાજાએ નગરનાં દ્વાર બંધ કર્યાં. કિલ્લો મજબુત હતો. બાદશાહે કિલ્લાને ઘેરો ઘાલ્યો. એ ઘેરો બાર વર્ષ રહ્યો. બાર બાર વર્ષ પસાર થયા છતાં પાસા પોબાર પડતા નથી અર્થાત્ કિલ્લો સર થતો નથી.

આજકાલ જૈનેતરો જૈનોને હલકા પાડવા કહે છે કે-"જૈનોના અમલમાં રાજ્ય ગયું પણ એ સદંતર ખોટું છે. કુમારપાલમહારાજા જૈન હતા, તેમના સમયમાં રાજ્ય વધ્યું કે ઘટયું? કહો કે વધ્યું. સંપ્રતિમહારાજા જૈન હતા, તેમના સમયમાં રાજ્ય વધ્યું કે ઘટયું? કહો કે વધ્યું. હિંદુસ્તાનનું રાજ્ય કોના હાથમાંથી ગયું? ક્યારે ગયું? દિલ્લીની ગાદી મુસ્લિમોને હસ્તગત કયારે થઇ? કયા રાજાએ ખોઇ? પૃથ્વીરાજ ચૌહાણ તથા જયચંદ રાઠોડ એ બેજ હિંદના રાજ્યના પતનના નિમિત્ત મુખ્ય કારણો છે. એ જૈન કે ઈતર? શા કારણે રાજ્ય ગયું? સંયુક્તાના કારણેજને? વિષયલાલસાના કારણે રાજ્ય જાય એમાં નવાઈ શી? કારણ વિષયાદિનું, દોષ વિષયના લાલચુઓનો અને એ દોષ ઢોળવો જૈનોને માથે"

હવે અકબરના પ્રસંગમાં રાજ્ય જાય છે કે શું થાય છે ? તે જુઓ. બાદશાહને ધર્મદ્વેષી મુસલમાનો કહેવા લાગ્યા–"હે બાદશાહ ! જ્યાં સુધી ત્હારી પાસે આ લુચ્ચો શ્વતાંબર શેવડો છે ત્યાં સુધી ત્હારા હાથમાં કિલ્લો નાંહ આવે. ત્હને કોઈની સોબત ન જડી તે આની જડી ? તારા બાપે, દાદાએ કોઈએ આવાની સોબત કરી હતી ?" ધર્મદ્વેષીઓ કાયમ ધર્મપ્રેમીઓના દીલમાં આ રીતેજ અવળું ભૂત ભરાવે છે.

**બાદશાહનો અડગ વિશ્વાસ.**

બાદશાહનું ધૈર્ય પણ કેવું ? બાર બાર વર્ષ વીતવા છતાં ધર્મદ્વેષીઓના આવા પ્રયત્નો છતાં ઉપાધ્યાયજી પરત્વે અડગ વિશ્વાસ, કાયમ ધર્મશ્રવણ, બાદશાહ સરલ પણ કેવો બન્યો છે ? એક વખત ધર્મશ્રવણ પ્રસંગે તેણે ઉપાધ્યાયજીને કહ્યું: "પૂજ્ય ! ધર્મહીન મનુષ્યો, સ્વેચ્છિત પ્રજલ્પવાદથી આ રીતે જેમ તેમ બોલી કદર્થના કરે છે. કિલ્લો સર પણ થતો નથી, પાછા પણ વળાય કેમ ?"

**ઉપાધ્યાયજીની તાકાત.**

ઉપાધ્યાયજીની પણ કેવી સમતા ? પોતે ધારે ત્યારે જે કાર્ય કરવા સમર્થ હતા છતાં પ્રસંગ વિના બાર બાર વર્ષ મૌનજ ધારી રહ્યા. જ્યારે પ્રસંગે બાદશાહે આ પ્રમાણે કહ્યું ત્યારે તેમણે કહ્યું: "હે મોગલ બાદશાહ ! જે દિવસે ત્હારી ઈચ્છા હોય તે દિવસે કહેજે, કિલ્લો ઈચ્છામાત્રમાં સર થઈ જશે." 'હેં ! બાદશાહ તો ખુશ થયો. ચમત્કારનો તો અનુભવ હતોજ. પોતે ઉપાધ્યાયજી ને બીજા પરમેશ્વર તો માનતોજ હતો.

**કાર્ય કરનારનું ધ્યેય.**

'न गणस्याग्रतो गच्छेत्, सिद्धे कार्ये समं फलम् ।
यदि कार्यविपत्तिः स्यात् मुखरस्तत्र हन्यते ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક નિયમ છે કે ટોળાના આગેવાન બનવું નહિ, કારણ કે જો વિજય થાય, યશ મળે તો મૂછે હાથ ટોળું દે, અને અપયશ, પરાજય થાય તો દોષ કોને ? આગેવાનને. ઉપાધ્યાયજી જો આગેવાન (ટોળાના) થાય તો વિજયમાં મૂછે હાથ મુસલમાનો દે અને પરાજયમાં વાંક શેવડાનો.

બાદશાહે અરજ કરી કહ્યું કે 'પૂજ્ય ! એમાં ઢીલ શા માટે ?

ઉપાધ્યાયજીએ પોતાની શરત રજુ કરી. અકબરની શ્રદ્ધા કેવી છે તે વિચારવા યોગ્ય છે. ઉપાધ્યાયજીની શરત– 'આખી છાવણીએ અહીં જ રહેવું, કિલ્લે તમારે તથા મારે, બેજ વ્યક્તિએ જવાનું, નગરમાં કે છાવણીમાં કોઇએ કોઇને મારવો નહિ, કોઈએ કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ'. ઉપાધ્યાયજીએ અહિંસા પણ પ્રથમ કબૂલ કરાવી. અહિંસાનો અધિષ્ઠાતા એજ કરે. બાદશાહે તેવી ટેલ છાવણીમાં ફેરવી અર્થાત્ તેવો હુકમ કર્યો. બીજે દિવસે બાદશાહ તથા ઉપાધ્યાયજી બન્ને સાથે, એકલા કિલ્લા પાસે આવ્યા. તે વખતે પેલા છિદ્રગવેષી, ધર્મદ્વેષી મ્લેચ્છો પરસ્પર એજ પીંજણ પીંજવા લાગ્યા, એજ પ્રજલ્પવાદ કરવા લાગ્યા કે– 'અહો ! આમાં જરૂર ભેદ છે. આ ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રજી જરૂર દુશ્મનને મળેલો છે, ફૂટેલો છે, બાદશાહને આ રીતે એકાકી લઈ જાય છે તો જરૂર તે દુશ્મનને હાથોહાથ સોંપી દેશે.' આવા વિષમ વાતાવરણમાં પણ બાદશાહનો વિશ્વાસ અડગ છે, તથા ઉપાધ્યાયજી પોતે પણ પોતાના કાર્યમાં અડગજ છે. કાર્યકરોએ લબાડોની લવરી સામે જોવાનું હોય નહિ. જેઓ લવરી સામે જોયા કરે તેઓ કાર્ય કરી શકતા નથી.

હવે ઉપાધ્યાયજીએ પોતાનું કાર્ય શરૂ કરી દીધું. એક ફુંક મારીને કિલ્લાની આસપાસની ખાઇને ધૂળથી ભરી દીધી, બીજી

કુંકથી શત્રુના સૈન્યને સ્તંભિત કરી નાંખ્યું કે જેથી તે ઘા કરી શકે નહિ અને ત્રીજી કુંકથી શહેરના દરવાજા તોડી ફોડી નાખ્યા.

બાદશાહે નગર પ્રવેશ કર્યો. નગરમાં પોતાની આજ્ઞા પ્રવર્તાવી. એ ત્રીજો ચમત્કાર. ઇચ્છામાત્રમાં કિલ્લો સર. અકબરે જોયું એ નજરોનજર.

## ગુરૂથી ચેલા વધ્યા.

હવે દિલ્હીપતિ મોગલસમ્રાટ અકબરે અંજલિ જોડી અરજ કરી-ગુરૂદેવ! કોઈથી ન થાય તેવું કાર્ય આપે ક્ષણમાત્રમાં સિદ્ધ કર્યું. આ રાજ્ય ખરી રીતે આપનું છે. ઇન્સાફની સાફ વાત તો એજ છે. આપ તો મ્હોટા ફકીર છો. આવી ફકીરી આખી જહાનમાં કયાંય દીઠી નથી. કૃપાનાથ! મ્હને કૃતાર્થ કરો? હુકમ ફરમાવો? હું આપને પ્રિય એવું શું કરૂં?

દુનિયામાં નિયમ છે કે નાત જમાડાય ત્યારે વસવૈયાને ખાસ સંતોષવા જોઈએ. નાતીલાઓ વખાણે કે વખોડે તેનું મૂલ્ય નહિ, તેનું કોઇ સાંભળે નહિ. કોઇ વખાણે તો પણ પ્રત્યુત્તર મળે કે 'કરેજ ને!' વખોડે તોય જવાબ મળે 'નાત છે. કોઈ વખત જરા બગડે પણ ખરૂં. એમાં શું થઇ ગયું?' આથી નાતીલાઓ બોલે જ નહિ. પણ વસવૈયા, એ તો સંતો-ષાયા વખાણુ પણ ખૂબ કરે અને અસંતોષથી જયાં ત્યાં વગોવે પણ ખૂબ. આથીજ વસવૈયાને પ્રથમ ધ્યાનમાં રાખવા પડે છે. ઉપાધ્યાયજીએ પણ વિચાર્યું કે દુર્જનોના બોલ્યા સામું જોવાય નહિ, દુર્જનો પરત્વે પણ ઉપકાર કરવો એજ સાધુનું કર્તવ્ય છે. કહ્યું છે—

उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ?।
अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ॥ १ ॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જે મુસલમાનો પ્રજલ્પવાદ કરતા હતા તેમને ક્ષમા કરવાનું પ્રથમ માગ્યું. પછી જજીઆવેરો બંધ કરવાનું માગ્યું. જજીઆ વેરો એટલે? હિંદુઓ પાસે માથા દીઠ લેવાતો વેરો. હિંદુપણું ટકાવવા માટેનો વેરો. જે હિંદુએ હિંદુપણું ટકાવવું હોય તેણે પ્રતિવર્ષ માથા દીઠ એક સોનૈયો આપવો, એ વેરાનું નામ હતું જજીયા (જીજીયા) વેરો. આ વેરાની આવક બાદશાહને પ્રતિવર્ષ ચઉદક્રોડ સોનૈયાની હતી. આ બે માગણીથી ઉપાધ્યાયજીએ શું કર્યું? અપકારી મુસલમાનોને પણ ક્ષમા અપાવી તેમના ઉપર ઉપકાર કર્યો. જજીઆવેરો બંધ કરાવી હિંદુઓને પણ બોલતા બંધ કર્યા.

બાદશાહે એ તો કબૂલ્યું પણ ફરી અરજ કરી :- "અય મહાત્મન્! આ તો મ્હારી રૈયત માટેજ આપે માગ્યું: આપ હુજી કાંઈ માગો? બાદશાહની પ્રાર્થનાથી ઉપાધ્યાયજીએ માગ્યું- "બાદશાહ! તેં શિકાર તો બંધ કર્યો પણ એક ભયંકર કૃત્ય બંધ કર એવી અમારી ઈચ્છા છે. ચકલાની સવાશેર જીભનો રોજનો ત્હારો ખોરાક તજી દે. (વિચારો સવાશેર જીભ કરવામાં કેટલાં ચકલાં મરાતાં હશે?) માંસાહારનો આવો જિહ્વાનો સ્વાદ ઉપાધ્યાયજી એકદમ છોડાવે છે. તથા શત્રુંજયના યાત્રિકો પાસે લેવામાં આવતો વેરો જતો કર? (સિદ્ધગિરિની યાત્રા કરવા જતા સોનૈયાનો કર હતો તે બંધ કરાવ્યો) તથા ત્હારા આખા રાજ્યમાં છ માસ અમારિપટહ વગડાવવા પૂર્વક અમારીનું પાલન કરાવ, અમારી પળાય તેવો પ્રબંધ કર. શ્રીહીરવિજયસૂરીશ્વરજીએ બાર દિવસ પળાવ્યા, વાચકજીએ છ માસ.

**અમારીના છ માસ.**

બાદશાહે તરત બધું કબૂલ્યું. હવે છ માસ કયા તે ગણાવે છે. કયા છ માસ એ પ્રશ્ન સાથેજ ઉપાધ્યાયજીએ આરંભમાંજ કહ્યું-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

"બાદશાહ ! પ્રથમ તો તમારો જન્મ માસ !" દેખાય પણ સારૂં અને અર્થ પણ સરે. હવે ગણના આગળ ચાલી. બાદશાહનો જન્મ-માસ, પર્યુષણાપર્વ સંબંધી બાર દિવસ, ( એ દિવસો તો પ્રથમ અપાયેલા જ હતા પણ એને અહીં ફરી પાકા કરવામાં આવ્યા), બધા રવિવાર, તમામ સંક્રાતિના દિવસો, નવરોજાનો મહિનો, ઈદના તમામ દિવસો, તમામ મોહરમના દિવસો અને સોફીયાનના દિવસો. એ રીતિએ કુલ છ માસ અમારીપાલન માટે નક્કી કરવામાં આવ્યા.

બાદશાહે તરત ફરમાનપત્રો આપ્યાં. તે લઇને ઉપાધ્યાય શ્રીશાંતિચંદ્રજી ગુરૂમહારાજા શ્રીહીરવિજયસૂરિજીને સોંપે છે.

ગુરૂ કરતાં ચેલા વધ્યા. શાંતિચંદ્રજી ઉપાધ્યાયે કેટલી હદે શાસનપ્રભાવના કરી. આ સાંસળીને પ્રથમ કર્તવ્ય અમારી-પાલન કરવા કરાવવાને અંગે, અમારિઉદ્‌ઘોષણા એ દરેક શ્રાવક સંઘ માટે પર્યુષણામાં પ્રથમ આવશ્યક કૃત્ય છે.

**અમારિપડહો.**

(આ જગોપર અમારીપડહાનો પ્રસંગ હોવાથી શાસ્ત્રના પાઠો આપવા પૂર્વક તે જણાવીએ છીએ)

**અમારિપડહાથી નરક-નિવારણ.**

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યમહારાજ ત્રિષષ્ટિ-પર્વમાં ભગવાન્ મહાવીરમહારાજાના ચરિત્રમાં આગળ વર્ણન કરતા જણાવી ગયા કે શ્રેણિકમહારાજાને નરકે નહિ જવા માટે ઉપાયો પૂછતાં ભગવાને આ પ્રમાણે પણ જણાવ્યું કે –"હે શ્રેણિક ! કાળિયો કસાઈ જો કસાઈખાનું મૂકી દે તો તારી નરકથી મુક્તિ થાય, જો તેમ ન થાય તો તારી નરકથી મુક્તિ ન થાય."

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

कालसौकरिकेणाद्य सूना मोचयसे यदि।
तदा ते नरकान्मोक्षो राजन् ! जायेत नान्यथा॥
( त्रि० प० १० सर्ग ९ श्लो० १४५ )

શ્રેણિકનો ઉદ્યમ.

આ સાંભળીને શ્રેણિકમહારાજ બેસી ન રહ્યા પરંતુ તે કરવાનો ઉદ્યમ કર્યો. કાલિયા-કસાઈ પાસે ગયા અને શ્રેણિકરાજા વડે કાલિયો કસાઈ કહેવાયો કે "જો તું કસાઈખાનું છોડી દે (જીવોને મારવું બંધ કરે) તો હું તને ઘણું દ્રવ્ય આપું, કારણ કે અર્થના લોભથી તું કસાઈ છે." આ કહેવાથી શ્રેણિકમહારાજાએ દ્રવ્યથી પણ કસાઈખાનું બંધ કરાવવું એ શ્રેયસ્કર છે એમ માન્યું અથવા રાજસત્તાના જોરે અને પૈસાના જોરે પણ કસાઈખાનું રદ કરાવવું જોઈએ તેથી શ્રેણિકમહારાજાએ તે ઉદ્યમ કર્યો. પરંતુ કાલિયો-કસાઈ તો બોલ્યો કે "કસાઈખાનામાં શું દોષ છે? કારણ કે જેનાથી મનુષ્યો જીવે છે તે કારણથી તેને હું કોઈ દિવસ છોડવાનો નથી." એમ તે બોલ્યો ત્યારે શ્રેણિકમહારાજે કોઈ રીતે પણ કસાઈખાનું રોકવા માટે વિચાર્યું કે- "અંધારાકુવાની અંદર તે કસાઈપણું કેવી રીતે કરી શકશે? એમ વિચારી અંધારાકુવામાં નાખીને રાતદિવસ તેને રાખ્યો."

कालसौकरिकोऽप्यूचे राज्ञा सूनां विमुञ्च यत्।
दास्येऽर्थं बहुमर्थस्य लोभात्वमसि शौनिकः ॥१६१॥
सूनायां ननु को दोषो ? यया जीवन्ति मानवाः।
तां न जातु त्यजामीति कालसौकरिकोऽवदत् ॥१६२॥
सूनाव्यापारमेषोऽत्र करिष्यति कथं न्विति।
नृपः क्षिप्त्वाऽन्धकूपे तमहोरात्रमधारयत् ॥१६३॥
(पर्व १० स० ९)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**યાકિનીમહત્તરાસૂનુવચન.**

શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજની કરેલી આવશ્યકની ટીકામાં પણ અમારિઉદ્‌ઘોષણાની વાત જણાવી છે.

जिणिंमहिए उदाहरणं-सोदासो राया मंसप्पिओ, अमाघाओ (आव० हरि० पृ० ४०१)

**યાત્રાપંચાશકમાં અમારીનું વિધાન.**

તેજ શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજ યાત્રાપંચાશકમાં આગળ જણાવતાં જણાવે છે કે યાત્રાના આરંભમાં ગરીબ વિગેરેને મનને સંતોષ કરવા માટે દાન આપવું અને ગુરૂમહારાજે પોતાની દેશના શક્તિથી રાજા પાસે નિર્દોષ આમઘાય-(अमाघाय) અમારી પ્રવર્ત્તાવવી એમ જણાવે છે.

आरंभे च्चिय दाणं दीणादीण मणतुट्ठिजणणत्थं ।
रण्णामाघायकारणमणहं गुरुणा ससत्तीए (पं० गा० ४०६)

તેની ટીકામાં ટીકાકારમહારાજ પણ 'आमघाय' નો અર્થ કરતાં જણાવે છે કે 'मा' એટલે લક્ષ્મી, તે લક્ષ્મી ધનલક્ષ્મી, ને પ્રાણ-લક્ષ્મી એમ બે પ્રકારે છે, તેનો નાશ કરવો તે 'घात' કહેવાય તેનો જે અભાવ તે 'अमाघातः' એટલે અમારી એમ જણાવે છે

(टीका-मा लक्ष्मीः सा च द्वेधा, धनलक्ष्मीः प्राणलक्ष्मीश्चात-स्तस्या घातो हननं, तस्याऽभावोऽमाघातोऽमारिः)

**દ્રવ્યવ્યયથી પણ અમારીની જરૂર.**

તેજ ગ્રંથમાં આગળ જતાં ગ્રંથકારમહારાજા જણાવે છે કે પ્રવચનગુરૂએ અર્થાત્ આચાર્યમહારાજાએ રાજાને જોયો અને વિધિપૂર્વક શિખામણ આપી, અને કહ્યું કે "એવી કોઇ પણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વસ્તુ નથી કે જે અમારિપડહો આપવામાં સમર્થ ન થાય અર્થાત્ સર્વ આપે છે, તેથી યાત્રાના પ્રસંગમાં અમારિપડહો વિસ્તારવો જોઇએ." એમ અહીં આગળ શિખામણની વિધિમાં સામાન્ય-ગુણની પ્રશંસાથી ભાવથી પ્રધાન એવા ગંભીરદૃષ્ટાંતો કહેવા વડે કરીને રાજા કહેવાયો, અને આગળ જતાં જણાવે છે કે "ઘણા પ્રાણીઓને સરખું એવું આ મનુષ્યપણું મળે છતે ધર્મથી અર્થાત્ પુણ્યથી રાજાપણું થાય છે." એમ જાણીને હે સુંદર! રાજન્! આ ધર્મની અંદર યત્ન કરવો જોઇએ. ધર્મજ સર્વ-ઋદ્ધિનું મૂલકારણ છે. બધાઓના મનનું હરણ કરનાર પણ તેજ છે અર્થાત્ ખુશ કરનાર છે. એટલુંજ નહિ પણ આ સંસારરૂપી સાગરની અંદર ધર્મજ યાનપાત્ર (નાવ) સમાન છે." તે ધર્મ કેવી રીતે થાય છે તે જણાવતાં જણાવે છે કે-"આ ધર્મ બધાના ઉચિત અર્થને સંપાદન કરવા વડે કરીને શુભ અનુબંધવાળો થાય છે. વળી તે ધર્મ વીતરાગપરમાત્માનું પ્રધાનપણું હોવાથી તેમની જાત્રામાં ઉચિત અર્થ સંપાદન કરવાથી અત્યંત શ્રેષ્ઠ થાય છે." આવી રીતે રાજાને શિખામણ આપવામાં જે ભાવ તે પ્રગટ કરતાં જણાવે છે કે "આમાં એટલે વીતરાગપરમાત્માની યાત્રામાં જેમ ભગવાનના જન્મકલ્યાણકઆદિમાં તે તે કાલે બધા પ્રાણિયો સુખી થયા તેમ હમણાં પણ બધા પ્રાણિયોને અભયદાન દેવા વડે (અમારિપડહાવડે) કરીને તે કર, અર્થાત્ સુખી કર" આવી રીતે રાજા પાસે અભયદાન દેવડાવવાનું અર્થાત્ અમારિપડહ વગડાવવાનું જણાવે છે.

### દ્રવ્યથી પણ અમારિપડહાની કર્તવ્યતા.

પ્રવચનગુરૂમહારાજ ન હોય તો શ્રાવકોએ ક્રમે કરીને અર્થાત્ રાજકુલને યોગ્ય એવી નીતિથી રાજાને મળવું જોઇએ. અને તેવી રીતે રાજાને પૈસા આપીને પણ અમારિપડહ વગડાવવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઈએ. એટલું જ નહિ પણ જે તે પ્રાણિયોના ઘાત કરનારા છે તેને પ્રેમ ઉત્પાદન કરવાપૂર્વક દાન આપવું જોઈએ. અને યાત્રાના દિવસના પ્રમાણ સુધી યોગ્ય કરવું જોઈએ અને નિરવદ્ય એવી દેશના કરવી" આ ઉપરથી શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજ પણ તે વાત જણાવે છે કે દ્રવ્ય-દેવાપૂર્વક પણ અમારિપડહો વગડાવવો જોઈએ.

दिट्ठो पवयणगुरुणा राया अणुसासिओ य विहिणा उ।
तं नत्थि जण्ण वियरइ किंत्तियमिह आमघाउत्ति ॥४०९॥

एत्थमणुसासणविही भणिओ सामण्णगुणपसंसाए।
गंभीराहरणेहिं उत्तीहि य भावसाराहिं ॥४१०॥

सामण्णे मणुयत्ते धम्माओ णरीसरत्तणं णेयं।
इय मुणिऊणं सुंदर! जत्तो एयम्मि कायव्वो ॥४११॥

इट्ठीण मूलमेसो सव्वासिं जणमणोहराणंति।
एसो य जाणवत्तं णेओ संसारजलहिम्मि ॥४१२॥

जायइ य सुहो एसो उचियत्थापायणेण सव्वस्स।
जत्ताए वीयरागाण विसयसारत्तओ पवरो ॥४१३॥

एतीए सव्वसत्ता सुहिया खु अहेसि तंमि कालंमि।
एण्हिंपि आमघाएण कुणसु तं चेव एतेसिं ॥४१४॥

तम्मि असंते राया दट्ठव्वो सावगेहि वि कमेणं।
कारेयव्वो य तहा दाणेणवि आमघाउत्ति ॥४१५॥

तेसिंपि घायगाणं दायव्वं सामपुव्वगं दाणं।
तत्तियदिणाण उचियं कायव्वा देसणा य सुहा ॥४१६॥
(पंचा०)

**ચૂર્ણિકારમહારાજનું કથન.**

ચૂર્ણિકારમહારાજ પણ આવશ્યકની ચૂર્ણિમાં જણાવે છે કે શ્રેણિકમહારાજ ભગવાનને પૂછે છે કે–"હે ભગવન્ મને કહો. હું સાથી (કયા કારણથી) નરકમાં જઈશ અથવા કયા ઉપાયથી નરકે ન જાઉં. ત્યારે–

ભગવાન્ ઉત્તરમાં જણાવે છે કે 'જો કાલિયો કસાઈ કસાઈખાનું બંધ કરે અને જો કપિલા માહણી પાસે ભિક્ષા દેવડાવે એવું જો તું કરી શકે તો તું નરકે ન જાય.' ત્યારે શ્રેણિકમહારાજ તે કરવાને માટે તેઓની પાસે ગયા. સર્વપ્રકારો વડે કરીને તેમને સમજાવ્યા.

सेणिओ सामिं भणति–भगवं ! आणाहि, अहं कीस नरकं जामि ?, केण वा उवायणं नरकं न गच्छेज्जा ?,

सामी भणति–जदि कालसोयरियं सूणं मोयहि, जदि य कविला माहणि भिक्खं दवावेहि तो तुमंपि न गच्छेज्जासि नरकं, सो तेसिं मूलं गतो, वीमंसित्ता य णं सव्वपगारेहिं, ( आव० चू० पृ० १६९ )

આ ઉપરથી તે વાત સાબિત થાય છે કે ચૂર્ણિકારમહારાજે જણાવ્યું કે પૈસા આપીને પણ અભયદાન કરવું જોઈએ એમ ભગવાન્ જણાવે છે.

**અમારિપડહાનું સૂત્રમાં વિધાન.**

આવીજ રીતે ઉપાશકદશાંગમાં પણ આજ વાત જણાવે છે કે–ત્યારપછી રાજગૃહનગરની અંદર કોઈ એક દિવસ અમારિપડહ વગડાવ્યો હતો.

'तए णं रायगिहे नयरे अन्नया कयाइ अमाघाए घुट्ठे यावि होत्था' (उपा० सू० ४९)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ રીતે કલિકાલસર્વજ્ઞ ભગવાનના વચનથી તેમજ તે પૂર્વેના યાકિનીમહત્તરાસૂનુના વચનથી, વળી તે પૂર્વેના ચૂર્ણિકારમહારાજ અને તેથી આગળ ગણધરભગવાનના વચનથી તે વાત સાબિત કરી ગયા કે અમારિપડહ વગાડાવવો જ જોઈએ, ચાહે તો પછી સ્વશક્તિ હોય, ચાહે રાજશક્તિ હોય, ચાહે દ્રવ્યશક્તિ હોય, યા ગમે તે પ્રકારે પણ આમારિપડહો વગડાવવોજ જોઇએ. દયા અને દાનના દુશ્મન કે જેઓને સૂત્ર બોલતાંએ નથી આવડતું પણ સૂતર બોલે છે તેવાઓને માટે પણ ગણધરમહારાજાના વચનથી તે વાત સાબિત થાય છે કે અમારિપડહ વગડાવવોજ જોઈએ. ( શાસનની શ્રદ્ધાવાળા માટે તો ચાહે પંચાંગીનું કે ચાહે પ્રકરણનું કે ચાહે ચરિત્રનું વચન પણ માન્યજ છે. અર્થાત્ શ્રદ્ધાવાલાને માટે તો અમારિપડહો દ્રવ્ય ખરચીને પણ કરવાની જરૂરજ છે.)

अष्टाह्निकापर्वसु शासनोन्नतिं,<br>
नानाविधां धर्मविवृद्धिहेतवे ।<br>
पूर्वोक्तयुक्त्या विदधतु भावुकाः (वितनुध्वमार्हताः,)<br>
सौभाग्यलक्ष्म्यञ्चितपुण्यसंस्पृहाः ॥१॥

સૌભાગ્ય રૂપ લક્ષ્મીથી ઓતપ્રોત એવા ઉત્તમપુણ્યની ઇચ્છાવાળા હે ભવ્યજનો ! આ પર્યુષણાપર્વસંબંધીના આઠેય પર્વદિવસોમાં–ધર્મની વિશેષપ્રકારે વૃદ્ધિ કરવા માટે તમો પૂર્વે કહી ગયા તે યુક્તિવડે વિવિધપ્રકારે શાસનની ઉન્નતિના કાર્યો કરો.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

# દ્વિતીય–દિન–દેશના

**વાર્ષિકપર્વનું મહત્ત્વ**

ભવ્યજીવોના ઉપકારને માટે આચાર્ય ભગવાન્ શ્રીમાન્ વિજયલક્ષ્મીસૂરીશ્વરજીમહારાજાએ રચેલા આષ્ટાહ્નિકાના પ્રથમ દિવસના વ્યાખ્યાનમાં વિવેકી શ્રાવકોએ, વ્રતધારીઓએ છ અટ્ઠાઇઓ આરાધવાની છે. અને તેમાં પણ આ પર્યુષણાપર્વની અટ્ઠાઇ પણ વિધિપૂર્વક આરાધવાની છે એમ જણાવી ગયા.

તેમાં આ પર્યુષણાપર્વ એ વાર્ષિકપર્વ છે. અને આઠમ, ચૌદશ વગેરે તિથિ માસિકપર્વ છે. (ठा० पृ० ३६९ जीवा० पृ० ३०४. सूर्य० पृ० ४०८) એ પર્વની ગણુના માસિકપર્વ તરીકે છે, જ્યારે પર્યુષણાપર્વની ગણુના વાર્ષિકપર્વ તરીકે છે. વર્ષમાં એકજ વાર આવે અને એકજ વાર આરાધાય તે વાર્ષિકપર્વ. 'अधिकस्य अधिकं फलं' એમ કહે છે તેથી શ્રાવણ–ભાદરવામાં, વળી ભાદરવા–આસોમાં એમ બે વાર આરાધવામાં ખોટું શું ? એ પ્રશ્નજ અસ્થાને છે કેમકે જો એમ થાય તો એ વાર્ષિક ગણાતા પર્વનું વાર્ષિકપણું જ ઉડી જાય છે. વાર્ષિકપર્વ તેનુંજ નામ કે જે વર્ષમાં એકજ વાર આવે.

પેલા સાર્થવાહના મૂછના વાળની વાત યાદ છે ? 'વાંકો પણ મારો.' એમ કહેનારને વટના આધારે, વળના આધારે વસ્તુના આધારે, તત્ત્વના આધારે તરત નાણાં મળ્યાં અને પેલા બીજાએ, 'આ એ વાંકો છે તો લે આ બીજો' એમ કહી મૂછનો બીજો વાળ તોડી આપ્યો તેની શી વલે થઇ ? જેને પોતાની મૂછના વાળની કિંમત નથી તેના વચન ઉપર વિશ્વાસ રાખે કોણ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવીજ રીતે 'પર્યુષણાપર્વ પણ બીજી વખત કરીએ' એમ કહેનારની એજ વલે સમજવી.

વાર્ષિકપર્વની ઉજવણી વર્ષમાં એકજ વખત થાય, અનેક વખત થાય તો તેનું વાર્ષિકપણું જ ઉડી જાય, જેમ ઓળીનું પર્વ ષાણ્માસિક છે એટલે વર્ષમાં બેજ વાર આરાધના થાય તેમ પર્યુષણાપર્વ એ વાર્ષિકપર્વ છે તે વર્ષમાં એકજ વાર થાય, અન્યથા તેનું વાર્ષિકપણું, વાર્ષિકપણાનું મહત્ત્વજ ન રહે અટ્ઠાઈઓની જેમ પણ આ અટ્ઠાઈ પણ આરાધવી જોઈએ. છ અષ્ટાહ્નિકામાં આ પણ આવી જાય છે, છતાં માત્ર અષ્ટાહ્નિકા નહિ કહેતાં પર્યુષણાપર્વ કહ્યું કારણ કે-પર્યુષણાપર્વ એ વાર્ષિકપર્વ છે પર્યુષણાના પર્વનો છેલ્લો દિવસ, ભાદરવા સુદી (૪) ચોથનો દિવસ એ વાર્ષિકપર્વનો દિવસ છે. એ દિવસનું નામજ સંવત્સરી છે. એ પ્રતિક્રમણને પણ સાંવત્સરિકપ્રતિક્રમણ કહેવામાં આવ્યું છે.

દુન્યવી વ્યવહારમાં ખાતાં ફેરવવાનો દિવસ એકજ હોય છે. ખાતાં વારંવાર ફેરવાય નહિ. દીવાળીએજ અર્થાત્ કાર્તિક સુદી એકમથી આસો વદી અમાસ સુધીના ખાતાં બીજા કાર્તિક સુદી એકમેજ ફરે અહીં પણ વાર્ષિકપર્વનો હિસાબ વર્ષમાં એકજ વાર હોય છે. ગયા વર્ષના ભાદ્રપદ પંચમીથી પ્રતિક્રમણના સમય-પર્યંત ભાદરવા સુદી ચોથ સુધીનો હિસાબ ચોથના સાંવત્સરિક-પ્રતિક્રમણાવસરે વર્ષમાં એકજ વાર હોય છે. ગયા ભાદરવા સુદી પાંચમે કે આખા વર્ષ દરમ્યાન જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચારમાં જે અતિચારાદિ ગુન્હો કર્યો હોય, તેમાં જે પ્રાયશ્ચિત્ત આવે તે પ્રાયશ્ચિત છેલ્લે એટલે ભાદરવા સુદી ત્રીજ અગર પ્રતિક્રમણ પહેલાં ભાદરવા સુદી ચોથને દિવસે લેવાનું છે માટે ભાદરવા સુદી ચોથ એ શુદ્ધિ કરવાનો દિવસ છે. જે તે દિવસે શુદ્ધિ ન કરે તે સંઘથી દૂર

કરવા યોગ્ય છે. (कल्प० सा० सू० ५८) જૈનશાસનમાં આત્મશુદ્ધિ માટે વાર્ષિકપર્વરૂપ આ એકજ દિવસ નિયત કરેલો છે. સાધુનો દીક્ષાપર્યાય પણ જેટલાં પર્યુષણાપર્વ જાય તેટલાં વર્ષનો ગણાય છે.

'जम्हा पज्जोसवणादिवसे पव्वज्जापरियागो व्यपदिश्यते–व्यवस्थाप्यते संखा–पत्तिया वरिसा मम उवट्ठावियस्सत्ति तम्हा परियागवत्थवणा भण्णति' । ( नि० भा० ३१३८ चू० )

વાર્ષિકકૃત્યો.

વાર્ષિકપર્વને અંગે, ગત ભાદ્રપદશુકલ પંચમીથી આ ચતુર્થી સુધીનાં આવશ્યક કૃત્યો ન થાય તો તેની આલોયણા લેવી જોઈએ.

વાર્ષિકકૃત્યોની સંખ્યા અગીઆરની છે તે હવે શાસ્ત્રકાર-મહારાજા ક્રમસર જણાવે છે. પ્રથમ સામાન્યતઃ કહે છે કે સંઘ-પૂજા વગેરે અગીયાર કૃત્યો પ્રતિવર્ષ વિવેકી શ્રાવકોએ વિધિ-પૂર્વક કરવાં જોઈએ.

पइवरिसं संघच्चण १ साहम्मिअभत्ति २ तहय जत्ततिगं ३।
जिणगिहिण्हवणं ४ जिणधणवुड्ढी ५ महपूअ ६ धम्मजागरिआ७ ॥१॥
सुयपूआ ८ उज्जवणं ९ तहेव तित्थप्पभावणा १० सोही ११ ।
(श्रा० वि० पृ. १६९)

પૂર્વાચાર્યકૃત ગાથાથીજ ગ્રંથકાર અગીઆર વાર્ષિકપર્વ-કૃત્યો જણાવે છે.

તે અગીઆરકૃત્યોનાં નામ.

૧. સંઘપૂજા ૨. સાધર્મિકવાત્સલ્ય ૩. યાત્રા ૪. સ્નાત્રમહોત્સવ ૫. દેવદ્રવ્ય–વૃદ્ધિ ૬. મહાપૂજા ૭. રાત્રિજાગરણ ૮. શ્રુતપૂજા ૯. ઉદ્યાપન ( ઉજમણું ) ૧૦. તીર્થપ્રભાવના અને ૧૧. આલોચના.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**શ્રીસંઘાર્ચન-પ્રથમ કૃત્ય.**

શક્તિ હોય તો શ્રીસંઘની પૂજા રોજ કરવા યોગ્ય છે. તેવી શક્તિ ન હોય તો જઘન્યથી પ્રતિવર્ષ એક વખત તો શ્રીસંઘનું પૂજન કરવું જ જોઈએ. શ્રીસંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, દરેક પોતાને સંઘમાં ગણાવવા તૈયાર છે. શ્રીસંઘની આણ દેવામાં તૈયાર પણ કાર્ય કરવા કોઈ તૈયાર નથી. હક કોને ? જે તથાવિધ કાર્ય કરવા તૈયાર થાય તેને. સાધુ, સાધ્વીને નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, પુસ્તક, પાત્રઆદિ સંયમસામગ્રી આપી તેમની ભક્તિ કરવી જોઈએ. શ્રાવક, શ્રાવિકાની પણ યથાશક્તિ ભક્તિ કરવી જોઈએ. સાધર્મિકવાત્સલ્ય કોનું નામ ? 'આવશે એ તો, ઘણા ય જમી જશે, જમે તો ભલે, નહિ તો એમની મરજી, આપણે શું કરીએ'' આ દશા સાધર્મિકવાત્સલ્યમાં ઉચિત નથી. ત્યાં તો અપૂર્વભક્તિ જોઈએ. ત્યાં કઈ ભાવના જોઈએ ? 'ધન્યભાગ્ય ! સાધર્મિકનાં મારે ઘેર પગલાં ક્યાંથી ! આવી ભાવના જોઈએ. સાધર્મિકને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપ્યા પછી દરેકને તેને યોગ્ય, પુરૂષ, સ્ત્રી, બાલક, બાલિકા, સધવા, વિધવા, કુમારિકાને યોગ્ય વસ્ત્રાલંકારની પહેરામણી કરવી જોઈએ. ત્યારે શું આવું જે ન કરે તેની ગણના શ્રાવકમાં નહિ ? ના, એવો બળાત્કાર, એવો જુલમ આ જૈનશાસનમાં નથી. શક્તિપૂર્વક કરવાનું વિધાન છે, પણ એક વાત તો ખરી, કે શક્તિ મુજબ જે કરો ત્યાં ભક્તિ વિશુદ્ધ જોઈએ.

**સંઘપૂજાના પ્રકાર.**

શ્રીસંઘપૂજા ત્રણ પ્રકારે કરી શકાય. (૧) ઉત્કૃષ્ટ (૨) મધ્યમ અને (૩) જઘન્ય. સર્વપ્રકારે સંપૂર્ણ આદરથી થતી પૂજા તે ઉત્કૃષ્ટપૂજા છે. યાદ રાખો કે લગ્નમાં, અમુક જ્ઞાતિઆદિ પ્રાસંગિક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જમણોમાં ઘરનો સ્ત્રીવર્ગ, વાજતે ગાજતે નોતરાં દેવા જાય છે. સંઘ પ્રસંગે એમ કોઈ ગયું ? કરો તુલના. ત્યાં પેલા જેટલો આદર નથી એ સ્પષ્ટ છે. લગ્નાદિ પ્રસંગે ઘરનાં જ બ્હેન, બેટી, વહુઓ કહેવા જાય છે ને ? અને માંડવે બેસાડી, ખોબે ખોબે લ્હાણી અને જરાય ઓછું ન દેખાય તેવી પહેરામણી કરો છો ને ? સંઘપૂજા પણ તેજ પ્રકારે કરવી જોઈએ. સંઘને અંગે ઘેરથી કોઈ બોલાવવા ગયું ? કોઇ રહી ગયું ? કયા ગુણવાન્ ભાઈ–બ્હેન નથી આવ્યાં ? નથી આવ્યાં તો શાથી ? આ કદી જોયું ? તપાસ કરી ? શ્રીસંઘને માટે પણ મનોહરમંડપની રચના કરવી જોઇએ આવનાર ભાઈ–બ્હેનોને બેસવાનાં સુખાસન જોઇએ. પછી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ દેવાપૂર્વક, પૂર્ણઉલ્લાસથી જમાડી ત્યારબાદ પહેરામણી (વસ્ત્રાલંકારની) કરવી જોઇએ આનું નામ ઉત્કૃષ્ટસંઘપૂજા, અને એકેક સૂતરની કોકડી આપવાથી થતી પૂજા તે જઘન્ય સંઘપૂજા સમજવી. ભલે સૂતરની કોકડી અપાય પણ ત્યાંય હૃદય ભક્તિથી ઉછળતું જોઈએ. આ બે પ્રકારની વચ્ચેની તમામ પ્રકારની પૂજા તે મધ્યમ પ્રકારમાં ગણાય.

શક્તિના અભાવે, વિવેકી શ્રાવક સાધુ, સાધ્વીને સૂતરની મુહપત્તિ માત્ર આપીને ભક્તિ કરી શકે છે. શ્રાવક, શ્રાવિકાને અંગે, સંખ્યામાં શક્તિ મુજબ, નહિ તો છેવટે એક, એક શ્રાવક, શ્રાવિકાને પણ નોતરી, કાંઈ નહિ તો સોપારી વગેરે આપી, તેટલા સન્માનથી પણ ભક્તિ કરી શકે છે. પ્રતિવર્ષ શ્રીસંઘપૂજાનું આ કર્તવ્ય કરવું જ જોઈએ. જે આજે સૂતરની કોકડી તથા સોપારી દેશે તે કાલે શ્રીફલ પણ આપશે અને પરમ દિવસે પહેરામણી પણ કરશે. જે કાંઈજ નહિ કરે તેનામાં અધિક કરવાની ભાવનાની કલ્પના પણ ક્યાંથી આવવાની ? જેને ટેવજ નથી પડી તે શું કરવાનો ? ક્ષેત્ર વિના ખેતી થવાની ? ક્ષેત્ર હશે ત્યાં ખેતીનો પ્રસંગ આવવાનો. અહીં દ્રવ્યનું મૂલ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ, મૂલ્ય હૃદયોલ્લાસનું છે. નિર્ધન પણ મુહપત્તિ તથા સોપારી માત્રથી મહાફલ મેળવી શકે છે. કહ્યું છે કેઃ–

**મહાલાભ.**

सम्पत्तौ नियमः शक्तौ सहनं यौवने व्रतम् ।
दारिद्र्ये दानमप्यल्पं महालाभाय जायते ॥१॥

(અર્થ– સંપત્તિ છતાં નિયમ કરવો, શક્તિ છતાં સહન કરવું, યુવાવસ્થામાં વ્રત લેવું, તેમજ દરિદ્રપણાની અવસ્થામાં અલ્પદાન દેવું તે મહાલાભને માટે થાય છે.)

એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. પૌષધ બધા માટે સરખો છે. સામાયિક, પ્રતિક્રમણ, સંઘપૂજન, કોઈ પણ અનુષ્ઠાન તમામ માટે સમાન છે પણ એ સમાનપણું ક્રિયાની અપેક્ષાએ છે. પરન્તુ કરનારની સ્થિતિની અપેક્ષાએ, ભાવની અપેક્ષાએ ફલમાં જરૂર ફરક પડશે. સત્તર જંજાળીને એક દિવસ પણ જંજાળ છોડવી કેટલી આકરી લાગે? એવાને બે ઘડી સુધીનું સામાયિક કરવું પણ મુશ્કેલ પડે છે. આવી સ્થિતિમાં પણ તે કરે ક્યારે? આત્માની પરિણતિ તીવ્ર થાય ત્યારે ને? જંજાળવાળાને જેટલી તીવ્રવૃત્તિ કરવી પડે તેટલી તીવ્રવૃત્તિ જંજાળ વિનાનાને કરવી પડતી નથી. તીવ્રવૃત્તિવાળાને તીવ્ર ફલ થાય. નિયમરૂપે અનુષ્ઠાન સમાન છતાં ફલ કરનારની વૃત્તિ અનુસાર થવાનું.

મનોજ્ઞ, પ્રીતિકારક ભોગોને પામીને છોડી દેવા, તેનો ત્યાગ કરવો એ મુશ્કેલ છે. સંપત્તિમાં નિયમ સ્હેલો નથી, ઘણો મુશ્કેલ છે. સંપત્તિ વખતે જો નિયમ કરાય તો તે ઘણા ફલને આપે એમાં નવાઈ નથી કેમકે એ વખતે નિયમ કરવો મુશ્કેલ છે.

**'क्षमा वीरस्य भूषणम्'.**

સંપત્તિમાં નિયમ કરનાર નીકળે તેના કરતાં શક્તિ છતાં સહન કરનાર થોડા સમજવા 'क्षमा वीरस्य भूषणम्' એ વાક્યનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રહસ્ય શું ? જે શૂરવીર હોય, ઘાત કરતાં, ઘર ફાડતાં, કશું કરતાં કશો વિચાર સરખો ય ન કરે તેનામાં ક્ષમા કેટલી મુશ્કેલ ? સૈનિક ક્યારે થાય ? સામાનું શું થશે એ વિચાર એને હોય ખરો ? મનુષ્ય જાતની દયા વગરના સૈનિકોમાં સહનશક્તિ ક્યાંથી હોય ? ઘા સહન કરે પણ ક્ષમા ક્યાંથી લાવે ? 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એને અવળું લેવાથી અનર્થ થાય. 'ક્ષમા એ તો વીરનું ભૂષણ માટે વીર થવું જોઈએ' આ માન્યતા અનર્થકારી છે. વીરમાં–શૂરવીરમાં ક્ષમા મુશ્કેલ છે માટે એ એનું ભૂષણ ગણાયું. નાનું બાલક ફેરફુદડી ફરે, ચક્કરમાં દોડે એ જરા થાકતાં ભલે બેસી જાય તો પણ એનો ચકાવો મટે નહિ, થોડો વખત સુધી તો એને બધું ચક્કર ચક્કર લાગે. સૈનિકો–લડવૈયાઓમાંથી, યુદ્ધ બંધ થયા પછી પણ ઘાતકીપણું, અવિચારીપણું જતું નથી. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' આ સૂત્રને અવળું લેવું એ કેવળ અવિચારીપણું છે. 'ક્ષમા એ કાંઈ કાયરો માટે નથી, વીર માટે છે, માટે શૂરવીર થવું' એવો અર્થ વિવેક બહારનો છે, અવિચારી છે. ઘાતકીને ક્ષમા મુશ્કેલ છે માટે તેને ક્ષમા ભૂષણ રૂપ છે. એ સૂત્રનું તાત્પર્ય એ છે કે સામર્થ્ય ધરાવનારમાં સહન કરવું તે મુશ્કેલ છે.

**યૌવનમાં વ્રત.**

યૌવનમાં વ્રત એથી પણ મુશ્કેલ છે. દેખાદેખીથી, એક બીજાની પ્રેરણાથી, રોગાદિક કારણે વૈદ્યાદિના કહેવાથી વ્રત લે એ વાત અલગ; બાકી યૌવનમાં વ્રત લેવું મહામુશ્કેલ છે. આ બધું કહ્યું તેજ પ્રમાણે દરિદ્રપણાની અવસ્થામાં અલ્પદાન દેવું તે પણ મહામુશ્કેલ છે. દુનિયા એને અગીઆરમો પ્રાણ કહે છે પણ ખરી રીતે એને પહેલો પ્રાણ કહેવો જોઇએ. એને માટે તો બધા પ્રાણને જતા કરાય છે. દશ પ્રાણની ધામધૂમ ધન માટે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બધા પ્રાણના ભોગે ધન સાચવવામાં આવે છે. પ્રાણ તો એકનોઃ દ્રવ્યપ્રાણ તો આખા કુટુંબના પ્રાણ. એમાંથી દેવું ખર્ચવું, અને તે પણ દરિદ્રાવસ્થામાં કેટલું મુશ્કેલ? તે માટે આત્માની તૈયારી કેટલી જોઇએ? સંપત્તિમાં નિયમ, સામર્થ્ય છતે સહનશક્તિ, યૌવનવયે વ્રત અંગીકાર કરવું તે, તથા દરિદ્રપણાની અવસ્થામાં અલ્પ પણ દાન મુશ્કેલ હોવાથી, તેને માટે આત્માની અભૂતપૂર્વ તૈયારી જરૂરની હોવાથી તે 'महालाभाय जायते' મહાલાભને માટે થાય છે. જે કાર્યો આટલાં મુશ્કેલ હોય તે કાર્ય કરવાથી મહાલાભ થાય તેમાં નવાઇ શી? અર્થાત્ તેમાં લેશ પણ આશ્ચર્ય નથી, આ પહેલું કૃત્ય.

સાધર્મિકવાત્સલ્ય, બીજું કૃત્ય.

'साहम्मियवच्छलंमि उज्जुयाo' (आवo चूo पृo३९६)

હવે બીજું કૃત્ય સાધર્મિકભક્તિ-સાધર્મિકવાત્સલ્યનું છે. આજકાલ સાધર્મિકવાત્સલ્યને અંગે આપણી રૂઢી એવી છે કે જ્યાં ત્યાં જમાડી દેવા. પ્રથમ કહેવાયું છે તેમ કોણ જમ્યું? ન જમ્યું? એ પણ જોવાતું નથી. કોણ ગુણવાન્ આવ્યું? ન આવ્યું? કેમ ન આવ્યું? એ પણ જોવાતું નથી. વળી વાત્સલ્ય માત્ર જમાડવાથીજ પર્યાપ્ત છે એમ નથી. મહાલાભદાયક સાધર્મિકવાત્સલ્ય કેવું હોય? પોતે રીતસર, ઉલ્લાસપૂર્વક, વિનયપૂર્વક નિમંત્રણ કરે, આવેલાને 'આવો ભાઇ, આવો બ્હેન' એમ બહુમાનપૂર્વક બોલાવી, વિશિષ્ટાસન ઉપર બેસાડે. ત્યાર પછી અશન, પાન, ખાદિમ, સ્વાદિમ ભક્તિપૂર્વક આપી જમાડે અને પછી વસ્ત્રાલંકારથી પહેરામણી કરે. શું આટલે પત્યું? ના. વિપત્તિમાં પડેલા સાધર્મિકને સ્વધનવ્યયથી પણ વિપત્તિથી મુક્ત કરે. તેના ખાતે લખીને કરે એમ નહિ, એમ કરે એ વાત અલગ, આ તો પોતાના દ્રવ્યના વ્યયથી પણ સાધર્મિકને આપત્તિથી મુકત કરે, આવી રીતે સાધર્મિકનો ઉદ્ધાર કરવોજ જોઇએ.

न कयं दीणुद्धरणं, न कयं साहम्मिआण वच्छल्लं ।
हिअयंमि वीयराओ, न धारिओ हारिओ जम्मो ॥१॥

જેણે દીનોનો ઉદ્ધાર કર્યો નથી, જેણે સાધર્મિકવાત્સલ્ય કર્યું નથી, જેણે હૃદયમાં શ્રીવીતરાગદેવને ધારણ કર્યા નથી, તે પોતાનો જન્મ હારી ગયો છે.

જુગારમાં જુગારી જેમ જીતવા કે હારવાની હોડમાં મૂકાયો છે. તેમજ મનુષ્ય પણ આ જીવનમાં જીતવા-હારવાની હોડમાં મૂકાયો છે. સર્વને જીતવું છે. તમામ નિયમો જીતવા માટેના છે. જીતવા માટેની જે આચરણા ન કરે તે હારેલોજ છે ને. શાસ્ત્રકાર જીતવાની ખબર દે, જીતવાની વાત કરે, હાર્યાની, હારવાની વાતો તેઓ ન કરે, મરણની ખબર તો કાળોતરીઓજ દે, ગોર તો જન્મની વાત કરે. શાસ્ત્રકાર તો કહે છે કે શ્રાવિકાનું પણ વાત્સલ્ય શ્રાવકની માફકજ કરવાનું છે. પછી તે વિધવા હોય કે સધવા હોય સાધ્વી તથા શ્રાવિકાને અંગે 'સુશીલા' એવું વિશેષણ વાપરવામાં આવ્યું છે.

અહીં જેને નથી પાલવતું તેવાઓ એમ પૂછે છે કે-"મહારાજ! સાધુ તથા શ્રાવકને બહુમાન આપીએ, તેમની ભક્તિ કરીએ પણ સાધ્વી તથા શ્રાવિકા (સ્ત્રીજાતિ)ની ભક્તિ કરવી, બહુમાન કરવું એ કેમ પાલવે? શાસ્ત્રકાર કહે છે-લેશ પણ ભેદ વિનાજ, અન્યૂનાધિકપણેજ એ કરવાનું છે.

श्राविकास्वपि वात्सल्यं श्रावकवदन्यूनाधिकं विस्तार्यम्, ता अपि रत्नत्रयीवत्यः सुशीलाः सधवा वा साधर्मिकत्वेन ध्येयाः ।

**શ્રાવિકાની ભક્તિમાં પણ ન્યૂનતા ન જોઇએ.**

'શાસ્ત્રકાર શું કહે છે? વાત્સલ્ય અન્યૂનાધિકપણે કરવું. વાત્સલ્ય ન્યૂન પણ થઇ શકે, અધિક પણ થઇ શકે, અહીં કહે-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વામાં આવે છે કે અન્યૂનાધિકપણે (નહિ ન્યૂન, નહિ અધિક) વાત્સલ્ય કરવું. શ્રાવિકાનું વાત્સલ્ય કરવું જ જોઇએ. અહીં સ્ત્રી પક્ષની વાત નથી. 'ता अपि रत्नत्रयीवत्यः' અહીં આદર્શ આ છે. મોક્ષના રસ્તા ત્રણ છે. દર્શન, જ્ઞાન, અને ચારિત્ર. દર્શનને અંગે વિચારો કે ધર્મની શ્રદ્ધા કોનામાં વધારે ? પુરૂષમાં કે સ્ત્રીવર્ગમાં ? કહેવું જ પડશે કે શ્રાવિકાવર્ગમાં. આમ શ્રાવિકાને, સ્ત્રીને ન માનો અને કોઈ હલકા કુલની સ્ત્રી લાવે તેના ચાંલ્લાનો વાંધો છે ? આથી એમ ન સમજવું કે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્ત્રી-વર્ગ વધારે છે. એ વગેરે કહીને પુરૂષવર્ગને હલકા પાડવાનો હેતુ નથી પણ ભાઇઓ તરફના કટાક્ષના નિવારણ પૂરતો આ ઉત્તર છે.

જ્ઞાનને અંગે વિચારો, પરીક્ષામાં ગમે તે કેન્દ્ર, મુંબઇ કે અમદાવાદમાં, સંખ્યા કોની વધારે ? હાજરી છોકરાઓની શાળામાં વધારે કે છોકરીઓની શાળામાં ? ચારિત્રને અંગે વિચારો તો સાધુ કરતાં સાધ્વીની સંખ્યા વધારે છે ને. ચોથાવ્રતને અંગે, બારવ્રતને અંગે પૌષધ, સામાયિક, પ્રતિક્રમણને અંગે સંખ્યા કોની વધારે છે તે જોઇ લ્યો. આ રીતિએ બધામાં એની સંખ્યા વધારે છતાં, સ્ત્રીવેદ છે અને ઉપરથી આટલું છતાં અપમાનની લાત મારવી શાસ્ત્રકારને પાલવે ? સુશીલા વિશેષણ પણ સાર્થક છે. ગમે તે ભોગે શીલ સાચવનાર સ્ત્રીઓ છે. વર્તમાનકાળે પણ શીલ માટે ગમે તેવા ભોગો આપે છે. બોલનારનું કોઈ મોં બાંધી શકે નહિ પણ ગ્રંથકારની નજર બહાર કશું હોતું નથી એટલે ગ્રંથકારે જોયું કે કહેનાર તો કહી દે કે-"વિધવા તો હાથે પગે હલવી થઇ એટલે એને તો દે'રૂં ઉપાશ્રયજ સૂઝે ને ?" તેથી ગ્રંથકાર વિધવા, સધવા બન્ને ભેદને સુશીલા વિશેષણ લગાડીને કહે છે કે-બન્નેની ભક્તિ કરવી જોઈએ. અહીં સ્ત્રી પુરૂષ એવા વેદના ભેદ નથી પણ સાધર્મિકભક્તિ કરવી એટલો જ ઉદ્દેશ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પેટમાં આવેલાને પાડતાં વાર ન કરે!

શિષ્યને એમ થાય છે કે બાઈઓને આટલી હદે ચઢાવી દીધી. ગુરૂમહારાજાએ કોનો પક્ષ લીધો? ખૂબી તો જુઓ, સ્ત્રીઓ માથે આક્ષેપ મૂકનાર પુરૂષમાં સુધારણા થઈ? કેટલાક ભાઈઓ કહે છે કે–દેવતા કેમ નથી આવતા? નથી આવતા તે સારૂં છે. આવતા હોત તો તમારે તો ગાયો દો'વરાવવી, છોકરાં રખાવવાં, કુતરા હંકાવવાં એજ કામ સોંપવાં હતાં ને? વિચારી લ્યો. દેવતા આવતા હોય તોયે ખસી જાય. કેડબગાડુ કોણ છે? પુરૂષ કે સ્ત્રી? જિંદગીનો નાશ થાય તોયે પારકી મદદ વગર જીવવું એ ગુણ કોનામાં?

શિષ્ય કહે છેઃ "હે સ્વામિન્! લોકમાં તથા લોકોત્તરમાં સ્ત્રીઓ તો દોષથી ભરેલી પ્રસિદ્ધ છે. એનો પક્ષ આટલી હદે?"

यतः- अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥१॥

અનૃત (જુઠું), સાહસ (ખોટું સાહસ), માયા (છલ પ્રપંચ), અવિચારીપણું, અતિલોભ, અશૌચ તથા નિર્દયપણું આ દોષો સ્ત્રીઓમાં સ્વાભાવિક રહેલા છે."

પહેલો દોષ જુઠું બોલવું તે. છતાં સ્ત્રીમાં જુઠું તો ડગલે ને પગલે. યાદ રાખજો કે આ બધું કોણ કહે છે? શિષ્ય. કઈ વાતને કેમ પલટાવવી એ કલામાં સ્ત્રી પાવરધી. શું એકલું જુઠ્ઠાપણું જ છે? ના. તો તો વાંધો નહિ કેમકે રેંગીયાપેંગીયાનું જુઠ્ઠાણું નુકશાન ન કરે. એવા જુઠાણાથી પોતાના આત્માને હાનિ થાય તે વાત જુદી છે. બાકી જગતને લાભ–હાનિ નથી. બીજું દૂષણ સાહસ છે. જુઠામાં સાહસ ભળે ત્યારે જગતને ભારે પડે. અહીં 'સાહસ' સારા અર્થમાં નથી. સારા અર્થનું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'સાહસ' તો લાભપ્રદ છે કેમ કે ચક્રવર્તી દીક્ષા લે એ કાંઇ જેવું તેવું સાહસ છે? 'क्षमा वीरस्य भूषणम्' વીરમાં ક્ષમા આવવી એ સાહસ તો ભૂષણ રૂપ છે.

સદ્‌ગૃહસ્થ જિંદગીના છેડા સુધી પરિગ્રહ ધરાવે છે. પરિગ્રહ છોડવો એ સાહસમાં વાંધો નથી. આમ ડચકાં આવતાં હોય તો ય 'ઘરબાર સાચવજો, છોકરાને કે છોકરીને સંભાળજો' વગેરે કહે છે. આ પરિગ્રહ જેવો તેવો છે; તેવો પરિગ્રહ તજવાનું સાહસ તો શ્રેષ્ઠ છે. અત્ર સાહસ એ અર્થમાં નથી. અહીં તો અનર્થકર સાહસ સમજવું. સાહસદૂષણ વડે સ્ત્રી કંઈનું કંઇ કરી નાંખે. માટે સાહસયુક્ત જુઠ્ઠાણાવાળી સ્ત્રી ભયંકર. ત્રીજું દૂષણ માયા. ક્ષણક્ષણમાં રંગઢંગ પલટતાં સ્ત્રીને વાર નહિ. નજીકના સગાને ક્ષણમાં વેરી માને, કટ્ટર વેરીને જીવનનો આધાર માનવાનો દેખાવ કરે, એવો દેખાવ કરવાની માયાવાળી સ્ત્રીની ભયંકરતામાં શું પૂછવું? માયા ન હોય, સરલતા હોય તો પ્રથમના બે દોષોથી થતા નુકશાનમાં ઓછાશ હોઈ શકે. માયા ભળી એટલે સલામતી ટળી. આ ત્રણ દોષ છતાં, 'વિચાર' હોય- 'સારા નરસાનો વિચાર' હોય તો તો વાંધો ન આવે પણ ચોથું દૂષણ મૂર્ખપણું છે. મૂર્ખને પહોંચાય? અરે માનો કે આ ચારેય દોષોથી બચાય પણ પાંચમું દૂષણ 'અતિલોભ' છે. પગોહ૦ ભાવના હોય, નિર્લોભદશા હોય તો પ્રથમનાં દૂષણો શું કરે? પણ આ તો લોભનો છેડોજ નહિ. સ્ત્રી એટલે ઘરમાંથી ઘી, માવો વગેરે વેચીને પૈસા ગાંઠે બાંધે. આગળ વધો. દ્રવ્યથી તથા ભાવથી અપવિત્રપણું. છેલ્લું દૂષણ નિર્દયપણું. જો મહેરનજર હોય, હૃદયમાં દયા હોય તો પ્રથમના દોષો દબાઈ જાય. નિર્દયપણું એ દોષોનો શિરોમણિ દોષ. સ્ત્રી કેવી નિર્દય? પેટમાં આવેલાને પાડતાં વાર ન કરે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકે, લોકોત્તરે સ્ત્રીઓ નિંદ્ય.

શિષ્ય કહે છે-હે સ્વામિન્! દુનિયામાં પણ કહેવાય છે કે-સ્ત્રીઓ દોષની ખાણ છે, 'નારી નરકની ખાણ છે,' આપ કયાં નથી જાણતાં? કાંઈ હું જ કહું છું એમ નથી. શાસ્ત્રકારોએ દૃષ્ટાંતો પણ આપ્યાં છે, જે પ્રસિદ્ધ છે. સુકુમાલિકા, સૂર્યકાંતા કપિલા, અભયા, નૂપુરપંડિતા તથા નાગશ્રીનાં દૃષ્ટાંતોથી નારી કેટલી હદે નીચ છે તે જણાવે છે. એટલું જ નહિ, પણ.

आगमेवि-'अणंताओ पावरासीओ, जया उदयमागया ।
तया इत्थित्तणं पत्तं, सम्मं जाणाहि गोयमा ! ॥१॥
(महानि० अ०१ गा०११५)

હે ગૌતમ! અનંતપાપની રાશિ એકઠી થાય છે ત્યારે સ્ત્રી-વેદ ઉદયમાં આવે છે. સ્ત્રી ભલે નવમાસ ગર્ભ ધારણ કરે પણ નામ બાપનું. લીલામાં પોતે સૂએ, અને બાલકને સૂકામાં સૂવાડે પણ નામ બાપનું. અને બાલક મોટું થઇને કાંઈ અવિચારી કૃત્ય કરે તો 'કઇ મા ભારે મૂઈ હતી' એમ કહેવાય. જેમ હિંદી લશ્કર ગમે તેટલું પરાક્રમ કરે, અરે મરે ભલે પણ જીત અમુકની કહેવાય. તેમ અહીં પણ નામ બાપનું, જશ બાપને, દોષનો ટોપલો માને શિર. આવી સ્ત્રીને માટે હે સ્વામિન્! આ તમે શું કહો છો? દુનિયાની કહેવતમાં 'વઢકણી વહુએ દીકરો જણ્યો' કહેવાય છે, 'વઢકણા ભાઈએ દીકરો જણ્યો' એમ બોલાય છે? 'જમવામાં જગલો, માર ખાવામાં ભગલો! જશ ભાઇને, અપજશ બાઇને. આ રીતે લોક-લોકોત્તરથી નિંદિત સ્ત્રીને માનાદિ જણાવો તે ઉચિત કઈ રીતે માનવું? દાન, વાત્સલ્ય વગેરે તેને માટે કેમ મનાય?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એકાંતે સ્ત્રીઓ નિંદ્યજ હોત તો એકે ય સ્ત્રી મોક્ષે ન જાત.

હવે ગુરૂમહારાજા કહે છે-ભાઈ! જો તારે આગમનાં વચનો માનવાં હોય તો શાંતિથી સાંભળ. પ્રથમ તો એકજ પ્રશ્ન કે-સ્ત્રીસિદ્ધ વધારે કે પુરૂષસિદ્ધ વધારે? જો સ્ત્રીસિદ્ધ વધારે તો પુરૂષથી સ્ત્રી ચઢિયાતી માનવી પડશે. હે શિષ્ય! તું જેમ કહે છે તેમ એકાંતજ હોત તો તો કોઇ સ્ત્રી મોક્ષે જાતજ નહિ. તેં જે સ્ત્રીના દોષ કહ્યા તે વાત ઠીક છે પણ એકાન્તે એમ નથી. પુરૂષો દોષયુક્ત કયાં ઓછા છે? માત્ર ટૂંકી નજરે શા માટે જુએ છે? જરા દૂર દૂર નજર કર. ઈતિહાસ શું કહે છે? અલિરાજાને મારનાર કોણ? દેરાંઓ, મંદિરો તોડનાર કોણ? અલાઉદ્દીનખૂની, ઔરંગજેબ. એ બધા કોણ? વર્તમાનની આ બધી ધાંધલ, વિગ્રહ પુરૂષને આભારી કે સ્ત્રીને? અક્ખાઇ રાઠોડ જેવા મહાક્રૂર, નાસ્તિક, દેવગુરૂને ઠગનારા પુરૂષો પણ કયાં નથી? ઘણાય છે. દોષવાળાં તેમજ ગુણવાળા પુરૂષો તથા સ્ત્રીઓ ઉભય છે. જે શાસ્ત્રમાં દૂષિત નારીઓનાં દૃષ્ટાંતો છે તેજ શાસ્ત્રમાં ગુણવતી નારીઓનાં ઉદાહરણો કયાં નથી? સુલસા, રેવતી, કલાવતી, મદનરેખા વગેરે શ્રાવિકાઓ કે જેની અનેક વખત શ્રીતીર્થંશે સ્વયં વખાણી છે. તેનાં દૃષ્ટાંતો કેમ જોતો નથી? માટે એકાંત નથી. પોતાની માતા, બ્હેન કે પુત્રીની જેમ શ્રાવિકાનું પણ બહુમાનપૂર્વક વાત્સલ્ય કરવું જોઇએ. મોટીને માતા, મધ્યમવયવાળીને બ્હેન, નાનીને પુત્રીની જેમ ગણી, તેવા વર્તનપૂર્વક સન્માન કરવું સમુચિત છે. ઘરમાં જેમ માતાદિના ત્રણ પ્રકાર છે તેમ અહીં પણ ત્રણ પ્રકારે શ્રાવિકાનું વાત્સલ્ય કરવું જોઇએ. આ રીતે બીજું કૃત્ય કરવું જોઇએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજું કૃત્ય યાત્રા.

अष्टाह्निकाभिधामेकां, रथयात्रामथापराम् ।
तृतीयां तीर्थयात्रां चेत्याहुर्यात्रां त्रिधा बुधाः ॥१॥
( श्रा० वि० पृ० १६३ )

૧ અષ્ટાહ્નિકામહોત્સવ રૂપ યાત્રા. ૨ રથયાત્રા અને ૩ તીર્થયાત્રા પ્રથમ પ્રકારની યાત્રામાં સર્વચૈત્યોમાં અષ્ટાહ્નિકામહોત્સવ કરવો જોઈએ. સર્વચૈત્યોમાં પૂજા, મહાપૂજા ભણાવવી જોઈએ. ચમકશો નહિ, પત્થર દેવ, પત્થર ગુરૂ, પત્થર ધર્મ થઈ ગયો છે. નહિ તો એક દેહરે ઝઘઝઘાટ અને બીજે દેહરે ભીંતોમાં ફાટ, પાણી ગળે. આ બધું નભે ? જિનેશ્વરદેવ માન્યા હોય તો આમ બને ? તો તો ભક્તિ સમાન હોય. એજ રીતે ગુરૂમાં પણ સમજવું. અમુક ઉપાશ્રયમાં આવે તેજ ગુરૂ અન્યથા નહિ એમ માનો તો પછી પત્થર દેવ, પત્થર ગુરૂ એમજ ને ? પંચ-મહાવ્રતધારી સાધુ જયાં હોય ત્યાં ગુરૂ માનવાજ જોઈએ. આ ઉપાશ્રયમાંજ પૌષધાદિ ધર્મ કરવા, બીજે નહિ એનો અર્થ ? તાત્પર્ય કે પ્રથમ યાત્રામાં સર્વચૈત્યોમાં ધામધૂમપૂર્વક અષ્ટા-હ્નિકામહોત્સવ કરવો જોઈએ.

બીજી યાત્રા રથયાત્રા છે. તે કુમારપાલમહારાજાએ જે રીતે કરી તે રીતે કરવી જોઇએ. એ પરમાર્હત મહારાજાએ કેવી રીતે કરી ? તે ગ્રંથકાર જણાવે છે. ચૈત્ર શુદી આઠમે ચોથે પહોરે, મહાઠકુરાઇથી, પ્રથમથી એકઠા થયેલા નાગરિક લોકોથી થતી 'જય જય' ઘોષણાપૂર્વક, કેવળ સોનાનો રથ, જેમાં શ્રીજિને-શ્વરદેવ બિરાજમાન છે તે મહારાજાના મ્હેલથી કાઢવામાં આવ્યો. જેઓના હૃદયમાં ભક્તિ નથી અથવા જેઓ ભક્તિ ઉડાવવા માગે છે, તેવાઓ તો કહે છે ને કે-"ભગવાનને શી શોભા ?" પણ અહીં તો કહે છે-'सोवण्णजिणवररहो' ખરી રીતિ તો આ

છે. પણ અત્યારે થાય છે તેમાં તો ન્યૂનતા છે. ભગવાનના અલંકારો કેવા છે ? અંદર ચાંદી ઉપર સોનું. અલંકાર એવા તો પછી રથની શી વાત ? પંડમાં આવા અલંકાર પહેરાય છે ? હવે એ રથ કેવો છે મેરૂગિરિસદૃશ, સોનાના મોટા દંડ, ધજા, છત્ર ચામરયુક્ત એ રથ અત્યંત શોભાયમાન દેખાય છે. શ્રીપાર્શ્વનાથભગવાનની પ્રતિમા, પુષ્પાદિકથી પૂજન થયેલી પ્રભુજીની પ્રતિમાથી અલંકૃત, ઉપર જણાવ્યો તેવો રથ મહાજનો (શ્રીસંઘના અગ્રગણ્યો) શ્રીકુમારપાલ મહારાજને ત્યાં લાવે છે કે જ્યાંથી યાત્રા નીકળે છે.

રથ શી રીતે ચાલે છે ? વાજિંત્રોથી દિશાઓ શબ્દાયમાન થઈ છે, સ્ત્રીઓ જ્યાં નૃત્યાદિ કરે છે, અને મંત્રી સામંતો આગળ ચાલી રહ્યા છે એવો રથ પ્રથમ તો રાજાના મ્હેલે જાય છે. પરમાર્હત મહારાજા કુમારપાલ રથની અંદર બિરાજમાન થએલી પ્રતિમાને સુવર્ણાલંકારાદિથી પૂજે છે, પોતે પૂજા કરે છે, કરાવે છે, વિવિધ પ્રકારે નાટકાદિ કરે છે અને કરાવે છે. આ રીતિએ આખી રાત્રિએ રાત્રિજાગરણ કરવામાં આવે છે. સવારે ત્યાંથી રથ આગળ ચાલે છે, સિંહદ્વારે મંડપમાં રથને રાખવામાં આવે છે. ત્યાં રથ રહે છે. ત્યાં પણ મહારાજા પૂજા કરી પોતે જ વિધિપૂર્વક સંઘસમક્ષ આરતી ઉતારે છે. 'પછી હાથીઓથી જોડાએલો તે રથ આખા નગરમાં આગળ આગળ ચાલે છે, જુદા જુદા મંડપે પૂજનાદિ થાય છે.' 'રથ હાથેજ ખીંચાય' એવું એકાન્ત નહિ. હાથે પણ ખીંચાય, હાથી, વૃષભાદિથી પણ વહન થાય. જે જે પ્રકારે શાસનની ઉન્નતિ દેખાય તે પ્રકારે તમામ થાય. દુનિયામાં પણ કોંગ્રેસના નેતાની ગાડી હાથે પણ ખીંચાય છે, વૃષભ, ઘોડા પણ વધારે સંખ્યામાં જોડવામાં આવે છે. નગરમાં સ્થાને સ્થાને મંડપો ઉભા કરવામાં આવે છે, (મંડપો પણ જેવા તેવા નહિ, વિશાળ કે જેથી મનુષ્યો સારી સંખ્યામાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભક્તિ કરી શકે) એટલે તે રથ દરેક મંડપે જાય છે, આથી દરેક શેરીના રહેનારાઓને દર્શન-પૂજનાદિનો પરમ લાભ મળે છે. આનું નામ રથયાત્રા.

ત્રીજી યાત્રા તીર્થયાત્રા. શ્રીશત્રુંજય, શ્રીરૈવતગિરિ, તેમજ જ્યાં જ્યાં શ્રીતીર્થંકરદેવનાં જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણ થયાં હોય તથા વિહારભૂમિ હોય તે સ્થળો અતિશુભલાભોત્પાદક હોઈ, ભવોદધિતારક હોઈ તીર્થ કહેવાય છે. અને તે દર્શનાદિ વિશુદ્ધિનું કારણ છે.

जम्मणनिक्खमणेसु य, तित्थयराण महाणुभावाणं ।

इत्थ किर जिणवराणं आगाढं दंसणं होइ ॥ (बृ० क० गा० १२२७)

એ કારણથી વિધિપૂર્વક તીર્થયાત્રા અવશ્ય કર્ત્તવ્ય છે. આજે કેકની દૃષ્ટિએ તો તીર્થયાત્રા તથા સંઘ નકામાં જણાય છે. પરંતુ એવા સંઘના શત્રુઓ વિચાર કરે તો ખબર પડે કે સંઘ કાઢવા પૂર્વકની તીર્થયાત્રાથી ગામે ગામના દેરાસરના દર્શન થાય, ત્યાંના ચૈત્યોની, ત્યાંના સંઘની, ત્યાંના અન્ય સામાજિક ક્ષેત્રોની સ્થિતિ જણાય, તે સંબંધી ઘટતું તરત થાય. જો સંઘની પ્રવૃત્તિ ન હોય તો આ કોઈ પણ પ્રકારે બની શકે નહિ.

શ્રીસિદ્ધસેનદિવાકરમહારાજાના પ્રતિબોધથી શ્રીવિક્રમરાજાએ કાઢેલા શ્રીશત્રુંજયના સંઘનું ગ્રંથકાર વર્ણન કરે છે તેમાં ( તે સંઘમાં ) ૧૬૯ સોનાનાં દેરાસરો હતાં, ૫૦૦ હાથીદાંત તથા ચંદન (સુખડ) વગેરેનાં દેરાસરો હતાં, ચૌદ મુકુટમદ્ધ રાજાઓ હતા, શ્રીસિદ્ધસેનજી જેમાં મુખ્ય છે તે સહિત પાંચ હજાર આચાર્યો છે" આચાર્યમહારાજે જણાવ્યું કે-"એટલી કમનશીબી છે કે ઓછા છે." સીત્તેરલાખ શ્રાવક કુટુંબો હતા, એક ક્રોડ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દશ લાખ નવ હજાર ગાડાં હતાં, અઢાર લાખ ઘોડાઓ હતા, ૭૬૦૦ હાથીઓ હતા, એજ રીતિએ ઊંટ, પોઠીઆ વગેરે જાણી લેવું. શ્રીકુમારપાલમહારાજાના સંઘમાં ૧૮૭૪ સુવર્ણરત્નમય દેરાસરો હતાં, આભૂ સંઘપતિના સંઘમાં ૭૦૦ દેરાસરો હતાં, એ સંઘપતિની યાત્રામાં બાર ક્રોડ સોનૈયાનો વ્યય થયો છે. પેથડશાના સંઘમાં માત્ર પ્રથમ તીર્થદર્શન વખતે અગીઆર લાખ રૂપીઆ ખર્ચવામાં આવ્યા છે. સાધુ પેથડશાના સંઘમાં બાવન દેરાસરો હતાં, સાત લાખ મનુષ્યો હતા, તથા મંત્રીશ્વર વસ્તુપાલની સાડીબાર (૧૨॥) યાત્રા પ્રસિદ્ધ છે. આ ત્રીજું કૃત્ય.

## ચોથું કૃત્ય સ્નાત્રમહોત્સવ.

ચોથું આવશ્યક વાર્ષિક કૃત્ય સ્નાત્રમહોત્સવનું છે. વાર્ષિક કૃત્યનો અર્થ 'વર્ષમાં એક વાર' એમ અહીં લેતા નહિ. જણાવવામાં આવતાં અગીયારે ય કૃત્યો સમસ્ત વર્ષ દરમ્યાન કરવા યોગ્ય છે, પરન્તુ શક્તિના અભાવે વર્ષમાં એક વાર તો કરવુંજ જોઈએ. દેરાસરોમાં મોટો સ્નાત્રમહોત્સવ, ( જે કાયમ કરવા જોઈએ ) પ્રતિવર્ષે જઘન્યે એકવાર જરૂર કરવો જોઈએ. ઇતિહાસની વાત સંભળાય છે કે સાધુપેથડશાહે શ્રીગિરનારજીતીર્થના સ્નાત્રમહોત્સવ પ્રસંગે ૫૬ ( છપ્પન ) ઘડી સોનું બોલી ઇંદ્રમાલા પહેરી હતી, ધ્યાનમાં રાખજો કે બોલીનો રિવાજ નવો નથી. શ્રીશત્રુંજય તથા શ્રીગિરનારજી વચ્ચે એક મોટો સુવર્ણધ્વજ સાધુપેથડશાહે આપ્યો હતો. તેમના પુત્ર ઝાંઝણશાહે જરીયાનનો ધ્વજ આપ્યો હતો. આ ચોથું કૃત્ય.

## દેવ–દ્રવ્ય–વૃદ્ધિ પાંચમું કૃત્ય.

દેવ–દ્રવ્ય–વૃદ્ધિ એ પાંચમું કૃત્ય છે. દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રતિવર્ષ જઘન્યે એક વાર પણ માળા પહેરવાનું કૃત્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવશ્યક છે. કેટલાકોને આ વાત નહિ ગમે. ભગવાનને આ શું ? પણ શોભા વિનાના દેરામાં ભાવના કેવી રહેશે ? દેવદ્રવ્ય વિના શોભા થાય ? આખા સંઘના પરિણામને વધારનાર દેવદ્રવ્યની વૃદ્ધિ એ પરમ આવશ્યક કર્ત્તવ્ય છે. ઇંદ્રમાળા અગર બીજી માળાની ઉછામણીથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઇએ. એક વખત શ્રીરૈવતગિરિએ શ્વેતાંબરોનો તથા દિગંબરોનો સંઘ એક સાથે ભેગો થઈ ગયો, તીર્થને અંગે વિવાદ થયો, તે વખતે વૃદ્ધોનો નિર્ણય થયો કે–જે બોલીમાં વધે તેનું તીર્થ. નિર્ણય પણ બોલીને આધારે, આથી બોલીનો રિવાજ કેવો પ્રબલ હતો તે સ્પષ્ટ છે. તે વખતે સાધુપેથડશા શેઠે ૫૬ (છપ્પન) ઘડી સોનું બોલી તીર્થ પોતાનું કર્યું હતું. પોતાનું એટલે શ્વેતાંબર સંઘનુ કર્યું હતું. ઘડી એટલે દશ શેર. ચાર ઘડી સોનું તો સાધુપેથડશાહે યાચકોને તીર્થપ્રાપ્તિની ખુશાલીમાં વ્હેંચ્યું. આ રીતે વિધિપૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. (सुकृतसा० પૃ૦ ૪૦ ગા૦ ૩૭–૩૮). (અહીં આગળ પ્રસંગને આસરીને શ્વેતાંબર અને દિગંબરોમાં જ્યારે દિગંબરોએ આ તીર્થ 'અમારૂં છે અમારૂં છે' એમ કર્યું ત્યારે બપ્પભટ્ટસૂરિથી પ્રતિબોધેલા આમરાજાએ ગિરનારજીનો સંઘ કાઢ્યો અને ત્યાં આવ્યા. ત્યાર પછી રાજાએ અભિગ્રહ લીધો. મહિના સુધી દિગંબરો સાથે વાદ ચાલ્યો. પછીથી 'उज्जितसेलसिहरेति' એ ગાથા વડે વાદ પૂર્ણ થયો અને તીર્થ શ્વેતાંબરોનું ઠર્યું. ત્યારપછી તીર્થને લઇને દિગંબર અને શ્વેતાંબરની જિનપૂજાનો દિગંબરોના દેવનગ્ન અવસ્થાવાળા અને શ્વેતાંબરોના દેવ અંચલિકાવાળા એવી રીતે ભેદ કર્યો.)

तीर्थं लात्वा दिगम्बर–श्वेताम्बरजिनार्चानां नग्नावस्थाऽञ्चलिकाकरणेन विभेदः कृतः' (उप० त० પૃ૦ ૨૪૮) એ પાંચમું કૃત્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છઠ્ઠું કૃત્ય મહાપૂજા.

પ્રતિવર્ષ ચૈત્યોમાં, જિનાલયોમાં મહાપૂજા ભણાવવી (જઘ-ન્યે એક) એ છઠ્ઠું કૃત્ય છે.

સાતમું કૃત્ય રાત્રિજાગરણ.

રાત્રિજાગરણ એ સાતમું કૃત્ય છે. તે તીર્થદર્શન પ્રસંગે સંઘમાં પ્રથમ તીર્થદર્શને, કલ્યાણકદિવસે, ગુરૂનિર્વાણાદિ પ્રસંગે શ્રીવીતરાગદેવના ગુણગાન ગાવા પૂર્વક, નૃત્યાદિ કરવા પૂર્વક ભક્ત્યર્થે રાત્રિજાગરણ કરવું એ સાતમું કૃત્ય છે.

આઠમું કૃત્ય શ્રુતપૂજા.

શ્રુતભક્તિ, શ્રુતપૂજા એ આઠમું કૃત્ય છે. શ્રુતપૂજા રોજ કરવી જોઈએ, શક્તિના અભાવે પ્રતિમાસે, પ્રતિવર્ષે જઘન્યથી યથાશક્તિએ એક વખત પણ જરૂર કરવી જોઈએ.

નવમું કૃત્ય ઉદ્યાપન.

ઉદ્યાપન (ઉજમણું) એ નવમું આવશ્યક કર્ત્તવ્ય છે. તે શ્રીસિદ્ધચક્રજીની આરાધનાને અંગે, એકાદશી, પંચમી, રોહિણી વગેરેના તપને અંગે, જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરેના વિવિધ પ્રકારના તપને અંગે વર્ષે વર્ષે જઘન્યથી એક એક ઉદ્યાપન અવશ્ય યથાવિધિપૂર્વક કરવું જોઈએ.

तथा—नवपद-सिद्धचक्रैकादशीपंचमीरोहिणीज्ञानदर्शनचारित्रादिविविधतत्तत्तपःसम्बन्धिषु उद्यापनेषु जघन्यतोऽपि एकैकमुद्यापनं वर्षे वर्षे यथाविधि कार्यं,

यतः- उद्यापनं यत्तपसः समर्थने, तच्चैत्यमौलौ कलशाधिरोपणम् ।
फलोपरोपोऽक्षतपात्रमस्तके, ताम्बूलदानं कृतभोजनोपरि ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

सर्वत्र शुक्लपञ्चम्यादिविविधतपसामपि तत्तदुपवासादि-सङ्ख्यया नाणकवर्त्तुलिकानालिकेरमोदकादिनानाविधवस्तुढौकना-दिना यथाश्रुतसम्प्रदायमुद्यापनानि विधेयानीति नवमं कृत्यम् ९ ।

**પરંપરાને નહિ માનનારને જૈનશાસનમાં સ્થાન જ નથી.**

તાત્પર્ય કે તપ પૂરું થયા પછી ઉજમણું કરવું જોઈએ. કે'રુ કલશવગર આંડું લાગે તેમ ઉદ્યાપનવગરનું તપ આંડું સમજવું. શાસ્ત્રમુજબ, પરંપરા મુજબ, તપ પ્રમાણે વિધાનાનુસાર સંખ્યામાં ચંદરવા વગેરે કરવા, નાણું, વાડકા, થાળી મૂકવાં, નાળિએર, મોદકવગેરે વિવિધ પ્રકારે વસ્તુએ મૂકવી.

યાદ રાખજો કે પરંપરા તો સ્થલે સ્થલે વર્ણવાયેલ છે. પરંપરાને નહિ માનનારને જૈનશાસનમાં સ્થાન જ નથી.

**દશમું કૃત્ય તીર્થપ્રભાવના.**

તીર્થપ્રભાવના દશમું કૃત્ય છે. વર્ષમાં જઘન્યથી એકવાર તો તે અવશ્ય કરવું જોઈએ. શ્રીગુરૂપ્રવેશમહોત્સવ ઘણાજ આડંબરથી કરવો જોઈએ, શ્રીસંઘે ગુરૂમહારાજની સન્મુખ જઈને યથાશક્તિએ સત્કાર કરવો જોઈએ. શ્રીઔપપાતિકસૂત્રમાં પ્રવેશમહોત્સવને અંગે કોણિક રાજાનો અધિકાર છે. ( औप० सू० ३० थी ३३ ), વળી પ્રદેશીરાજાએ, ઉદાયનરાજાએ, દશાર્ણભદ્રરાજાએ શ્રીવીર-પરમાત્માનો પ્રવેશમહોત્સવ આડંબરથી કર્યો છે. તેવી રીતે ગુરૂપ્રવેશમહોત્સવ, તીર્થપ્રભાવનાદિ કરવાં જોઈએ. શ્રીધર્મઘોષ-સૂરિજીના પ્રવેશોત્સવમાં સાધુપેથડશાહે બહોતેર હજાર રૂપૈયાનો વ્યય કર્યો હતો (सुकृतसागर पृ० २०).

કોઇ કહે કે 'શ્રીપૂજ્યઆદિ તો એવા ઠાઠમાઠ કરાવે પણ સંવિગ્ન સાધુને અંગે આવો પ્રવેશોત્સવ ઉચિત છે ?' એને અંગે વ્યવહારભાષ્યમાં ( उ० १ गा० ८०९ )—

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

तीरिअ उब्भामनिओअदरिसणं सन्नि-साहुमप्पाहे ।
दंडिअभोइअ असई, सावगसंघो व सक्कारं ॥ १ ॥

પ્રતિમાધિકારમાં જણાવે છે કે-જ્યારે સાધુપ્રતિમા વહન-કરી પૂરી કરે, એ વાતની જો કોઈને ખબર ન પડે તો પોતે જ્યાં ઘણા યાચકો ભમતા હોય તે ગામ કહેવાય ત્યાં આવીને પણ પોતાનાં દર્શન દે. આટલાથી જો કોઈ સત્કાર ન કરે તો તે 'પોતે પ્રતિમા પૂર્ણ કરીને આવ્યા છે' એવો સંદેશો સાધુ અથવા શ્રાવક સંઘને કહેવરાવે અને સંઘ ત્યાંના રાજા વિગેરે અધિકારી મારફત પ્રવેશમહોત્સવ કરાવે. વળી જો તેમ થવું પણ શકય ન હોય તો શ્રીસંઘ પ્રવેશમહોત્સવ કરે એ શાસનોન્નતિને અંગે આ દશમું કૃત્ય છે.

અગીયારમું કૃત્ય આલોયણા.

આલોયણા એ અગીયારમું કૃત્ય છે. આલોયણા પ્રસંગે પ્રસંગે લેવી જોઇએ તેમ ન બને તો પ્રતિવર્ષે એકવાર અવશ્ય લેવી જોઇએ. ગુરૂમહારાજા પાસે આલોયણા અવશ્ય લેવી જોઈએ ( आव० भा० गा० २३६ ). અન્યત્ર કહ્યું છે કે :-

जंबूदीवे जे हुंति पव्वया ते चेव हुंति हेमस्स ।
दिज्जति सत्तखित्ते, न छुट्टए दिवसपच्छित्तं ॥ १ ॥
जंबूदीवे जा हुज्ज वालुआ ताउ हुंति रयणाइं ।
दिज्जंति सत्तखित्ते, न छुट्टए दिवसपच्छित्तं ॥ २ ॥

જંબૂદ્વીપમાં જે પર્વતો છે તે તમામ સોનાનાં થઈ જાય અને તે સાતે ક્ષેત્રમાં દાનમાં દેવામાં આવે તો તેટલા પુણ્યથી પણ એક દિવસના પ્રાયશ્ચિત્તથી છૂટાતું નથી. જંબૂદ્વીપમાં જે રેતી છે તે રત્નમય થાય અને તે સાતે ક્ષેત્રમાં દાનમાં દેવાય તો પણ, તેટલા પુણ્યથી એક દિવસનાં પ્રાયશ્ચિત્તથી છૂટાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જંબૂદ્વીપમાં જે રેતી છે તે રત્નમય થાય અને તે સાતે ક્ષેત્રમાં દાનમાં દેવાય તો પણ, તેટલા પુણ્યથી એક દિવસના પ્રાયશ્ચિત્તથી છૂટાતું નથી. તેથી આલોચના વિના ઘણા દિવસનાં પાપથી શી રીતે છૂટાય ? આટલા માટે ગુરૂદત્તપ્રાયશ્ચિત્તને વિધિપૂર્વક કરવાથી આત્મશુદ્ધિ થાય છે, ભાવનાની શુદ્ધિ થાય છે ને તેથી દૃઢપ્રહારીની જેમ તદ્ભવ મોક્ષ પણ મેળવી શકાય છે. દૃઢપ્રહારી ચાર ચાર ભયંકર હત્યાનો કરનાર હતો છતાં પ્રાયશ્ચિત્તયોગે શુદ્ધ થઇ, તદ્ભવ મુક્તિ ગયેલ છે.

આ અગીઆર કૃત્યો વાર્ષિક કૃત્યો છે. તે કરવા યોગ્ય છે. જઘન્યથી પ્રત્યેક કાર્ય વર્ષમાં એક વાર તો અવશ્ય કરણીય છે. એક વર્ષ થઇ ગયું માટે પત્યું એમ નહિ પણ પ્રતિવર્ષ કરવાનાં છે.

कृत्यान्यमूनि प्रतिवत्सरं हि ये,
श्राद्धा वितन्वन्ति विवेकसम्भृताः ।
तत्पुण्यपुष्ट्या कृतिनः कृतार्थिनः,
ते द्यां लभन्ते प्रभुधर्मरागिणः ॥ १ ॥

શબ્દાર્થ-વિવેકવાળા એવા જે શ્રાવકો આ અગીયાર કૃત્યોને દરેક વર્ષે કરે છે, તે પ્રભુધર્મના રાગી, કૃત્યને જાણનારા અને કૃતાર્થ થએલા શ્રાવકો તે કૃત્યોના પુણ્યની પુષ્ટિથી સ્વર્ગ મેળવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# તૃતીય દિન–દેશના

## પૌષધોપવાસ

અથ 'पर्वदिनेषु पौषधो न हेय' इत्याह–શાસ્ત્રકારમહારાજા શ્રીમાન્ વિજયલક્ષ્મીસૂરિમહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ઉપદેશપ્રાસાદ નામના ગ્રન્થને રચતાં થકાં શ્રાવકોના બાર વ્રતને અંગે કથન કર્યા પછી હવે જણાવે છે કે સામાયિકાદિ શિક્ષાવ્રતો ધારણ કર્યાં હોય તેમણે અંતર્મુહૂર્ત કે એક પહોર આદિ રાત્રિ–દિવસની પ્રવૃત્તિ તો હોય પણ લાગલાગટ આરાધવા માટે અષ્ટાહ્નિકાપર્વ છે. દુષ્મકાલ છે, પ્રતિમાવહન કર્યા વિના દીક્ષિત ન થઇ શકે તેવો નિયમ નથી. જો એવો નિયમ માનીએ તો જરા વિચારી જુઓ, જેટલો ભાગ સિદ્ધ થયો છે તેનો અસંખ્યાતમો ભાગ દેશવિરતિવિનાનોજ હોય છે. 'असङ्ख्येयभागेन तु न स्पृष्टा' (આવ૦ હરિ૦ પૃ૦ ૩૬૩). તો તે મેળ કેમ મળે ? દેશવિરતિવિના સર્વવિરતિ હોય નહિ એવો નિયમ કરાય નહિ. ચારિત્ર સાથે પણ સમ્યક્ત્વ હોય તો કેટલીક વખત ચારિત્ર પહેલાં પણ સમ્યક્ત્વ હોય તો કહો પેલા નિયમે દેશવિરતિ ક્યાંથી હોય ? ગણધરાદિકોની સ્થિતિ જોઇએ તો તેમને સમ્યક્ત્વ સાથે ચારિત્ર પ્રાપ્ત થયું છે. વચ્ચે દેશવિરતિ લીધી નથી. આથી દેશવિરતિ વિના ચારિત્ર ન લેવું તેવો નિયમ નથી.

શ્રીહરિભદ્રસૂરિજીમહારાજ કહે છે કે:-'દુષ્મકાલ છે, તેમાં પ્રથમ દેશવિરતિ પછી પ્રતિમાવહન કરીને સાધુપણું લેવું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોઈએ.' આથી કેટલાક કલ્પનાના ઘોડા દોડાવનારાઓ એવી વાતો કરે છે કે સાધુપણાના અભ્યાસ માટે પ્રથમ દેશવિરતિની જરૂર છે. આગળ પાછળનો વિચાર કરે નહિ, ફાવતું માનવું, ન ફાવતું ન માનવું ત્યાં શું થાય ? શ્રીઅભયદેવસૂરિજીમહારાજને પોતાના કહેવા છતાં તેઓ શું કહે છે તે કેમ જોતા નથી ? પ્રતિમાઓ વિચ્છેદ થઈ છે. એમ કહેવા તૈયાર થવાય છે ! અભ્યાસ એટલે વારંવાર તીવ્રપણે કરવાની ક્રિયા. પ્રતિમા વહેવાની હોય કે ભાવના ભાવવાની હોય, શું હોય ? વારંવાર થતી પ્રવૃત્તિને અભ્યાસ કહેલ છે. એવું સ્પષ્ટતયા કથન છે, પણ જે શીંગડે ખાંડો અને પૂંછડે બાંડો હોય તેને પકડવો કયાંથી ?

શ્રીવિજયસેનસૂરિજી કહે છે કે બધી પ્રતિમાવહન કરવાની છે. પ્રતિમાને વહન કરવાનો નિયમ (વિધાન) સાંભળી, 'પ્રતિમા વિના સાધુપણું જ ન હોય' એવું અવળું લેનારા હોય તેનો શો ઉપાય ? જો એ મહર્ષિઓને પ્રતિમાનો આ રીતે નિયમ માન્ય હોત તો તો આઠ વર્ષની દીક્ષા–

(१) पढमदसाए अट्ठवरिसोवरि नवमदसमेसु दिक्खा (नि० चू० उ० ११ गा० ३६७),

(२) जन्मत आरभ्य अष्टौ वर्षाणि यावद्बालोऽत्राभिधीयते, स किल गर्भस्थो नवमासान् सातिरेकान् गमयति, जातोऽप्यष्टौ वर्षाणि यावद्दीक्षां न प्रतिपद्यते (प्र० सा० पृ० २२९),

(३) पयसि वयपमाणं अट्ठ समाउत्ति वीयरायहिं ।

भणिअं जहन्नगं खलु...(पं० व० पृ० ८),

(४) सत्तट्ठगमुक्कोसे (पं, क० भा० पृ ८)

તેમને મતે માન્ય હોતજ નહિ. પ્રતિમાની મુદત સમજી લ્યો. પ્રથમ પ્રતિમા વહનની મુદત એક માસની, બીજી પ્રતિમા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વહનની મુદત બે માસની, ત્રીજીની મુદત ત્રણ માસની, એમ અગિયારમીની મુદત અગિયાર માસની છે. દરેકની આ મુદત ઉત્કૃષ્ટ છે, જઘન્યથી દરેકની મુદત અંતર્મુહૂર્તની છે. ( दशमं पचाशकं )

**આઠ વર્ષની મુદત કોના માટે ?**

અટ્ઠાઈના પર્વદિવસોની આરાધના કરનારા ખુશીથી પ્રતિમાની આરાધનાના અભ્યાસમાં આવી જાય છે. સમ્યક્ત્વ, વ્રત, કાયોત્સર્ગ, અને પૌષધધારણ કરવા તેજ પ્રતિમા અંતર્મુહૂર્તની છે અને સમ્યક્ત્વઆદિ દૃઢ રાખવા પહેલા માસમાં પ્રથમ સમ્યક્ત્વમાં જે આગારો હતા તે બંધ, ચાહે તે થાઓ. તેવી રીતે બીજી પ્રતિમાવહનમાં વ્રતના આગારો બંધ. હવે અંતર્મુહૂર્તની જઘન્ય મુદતની પ્રતિમા હોવાથી પ્રતિમાવહન નામે બાલદીક્ષા રોકનારાઓ, ગ્રન્થના રહસ્યને સમજ્યાજ નથી. અગર કથનમાં રહેલું રહસ્ય જાણ્યું હોય તો પ્રમાણ્યું નથી. મનમાં લીધુંજ નથી.

અન્યધર્મી હોય, જેનામાં શ્રાવકકુલના સંસ્કાર ન હોય, પૂર્વભવનું જેને જાતિસ્મરણજ્ઞાન ન હોય તેવાને માટે આઠ વર્ષે દેશવિરતિ કે સર્વવિરતિનો નિયમ છે, यतः–देशतः सर्वतो वा ॥ તે સિવાયના માટે આ નિયમ નથી. જો એમ ન હોય તો તો આઠ વર્ષ પહેલાં સામાયિક નહિ ઉચ્ચરાવાય. કેવળ ઉપદેશથી પોતાની મેળે ધર્મ પામવાનો હોય તેવાને આઠ વર્ષની અંદર દેશવિરતિ કે સર્વવિરતિ ન હોય. જેને ભવાન્તરના કુલસંસ્કાર હોય તેવાને આઠ વર્ષની અંદર પણ દેશવિરતિઆદિ હોય. આઠ વર્ષની મુદત તો ઉપદેશની અસરના પરિણામને અંગે છે.

नागकेतौविरतौ जातिस्मृतेरेव कारणता, तत एव तिरश्चामपि देशविरतिः, यच्च कर्मग्रन्थवृत्त्यादौ वर्षाष्टकादुपरि विरतिसम्भवस्तद्धर्मोपदेशादिसामग्र्याः प्राधान्यख्यापको बाहुल्यात्तथैव

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

प्रवृत्तेः, अन्यथाऽतिमुक्तकादीनां वर्षषट्के सर्वविरतिर्न घटते (युक्तिप्र० पृ० २१६)[१]

જો એમ ન માનવામાં આવે તો તો આઠ વર્ષની અંદરના છોકરાને એકાસણું, અને સામાયિકની અવિધિ થઈ જાય. પાંચ છ વર્ષના છોકરાને પ્રતિક્રમણ, આયંબિલ અને એકાસણાં કરાવીએ તેને વ્રતાદિ શી રીતે મનાય? આહારત્યાગ રૂપ પૌષધ માનવો પડશે. બેસણું ખુદ પૌષધ છે.

---

१ नत्वा नतेन्द्रनागेन्द्र–मौलिद्योतितपत्कजम् ।
वर्धमानं जिनं वक्ष्ये, प्रवज्यायां वयोगतम् ॥१॥
विहाय पापयोगानां व्यापारं गृहिमेधिनः ।
हिंसापरिग्रहोद्भूतं, संसारावर्त्तसारकम् ॥२॥
प्रकर्षेणात्मशर्मौघं, शाश्वतं ज्ञानदृङ्मयम् ।
जन्मव्याध्यन्तकास्पृष्टं, प्रवज्या व्रजनं शुभम् ॥३॥ युग्मम् ॥
तद्योग्यं तु वयो द्वेधा जघन्योत्कृष्टभेदतः ।
आद्य मतत्रयं सूत्रे, मतद्वितयमन्तिमे ॥४॥
जन्मतो नवमे केचि–द्वर्षे जन्माष्टमे पुनः ।
अन्ये गर्भाष्टमे दीक्षां, जघन्यामूचिरे बुधाः ॥५॥
मतत्रयं समाम्नाय, हरिभद्रो मुनीश्वरः ।
वयोमानं जघन्येना–ष्टवर्षाणि जगौ स्फुटम् ॥६॥
निशीथे पंचकल्पे च सागाद्धारे मुनीश्वराः ।
वर्षाष्टकादधो बालं दीक्षायां मेनिरेऽनलम् ॥७॥
ऊनाष्टे नास्ति चारित्र-मित्युक्त्वा मनकस्य तु ।
दीक्षां मेनेऽपवादेन, दत्ता शय्यम्भवेन या ॥८॥
त्रिचतुर्हायनो हीनो, मध्यः पञ्चषवार्षिकः ।
सप्ताष्टाब्दिक उत्कृष्ट, एवं बालस्त्रिधा मतः ॥९॥
( आ० आ० सू० )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હવે પેલી માન્યતાવાળાથી આઠે દિવસે તે થશે નહિ. પર્વ સિવાય જો ઉપવાસ કરશે તો તેમના હિસાબે તે ડૂબી જશે. (ખરતરો) સામાયિક વિગેરે શિક્ષાવ્રતો ધારણ કરનારાએ આટલા માટે લાંબી મુદ્દતનો આહાર, વ્યાપાર, શરીરસંસ્કારનો ત્યાગ અને બ્રહ્મચર્યનું પાલન, આ બધું કરવારૂપ પૌષધ કરી અઠ્ઠાઈપર્વ આરાધવું જોઈએ.

**પૌષધ શું પર્વદિવસેજ થાય?**

**એ અર્થ ઉચિત નથી. રોજ કરાય. પર્વે અવશ્ય.**

પર્યુષણાની અઠ્ઠાઈને અંગે પાંચ કૃત્યો જણાવ્યાં. તેનું આરાધન કરનારે વરસનું સરવૈયું કાઢવું જોઈએ. તે સરવૈયું કાઢવા માટે આખા વર્ષમાં કયાં કયાં કાર્યો કરવાં જોઈએ, કયાં વર્જવાં જોઈએ, તેમાં શું થયું? અને શું ન થયું? તે વિચારવું જોઈએ. તેથી ગઈ કાલે વાર્ષિક ૧૧ કૃત્યો જણાવ્યાં. ત્યારબાદ પૌષધનો અધિકાર બાર વ્રતના અધિકારમાં આવે તેથી પર્યુષણા-પર્વમાં પૌષધ કરી વિશેષથી આરાધના કરવાની જરૂરી છે. પર્વદિવસે પૌષધ કરવો એમ કહેવાને બદલે 'પર્વદિવસમાં પૌષધ છોડવો નહિ' એમ શાથી કહેવામાં આવે છે? શાસ્ત્રના વાક્યોનો અવળો અર્થ કરનારાઓને અંગે શાસ્ત્રકારોને સાવચેતી રાખવી પડે છે. 'પર્વદિવસે પૌષધ કરવો' એમ કહે તો જેને ધર્મક્રિયા ઉઠાવવી હોય તે તરત કહી દે 'પર્વ વિનાના દિવસે પૌષધ કરવો નહિ.' આટલા માટે શાસ્ત્રકારો કહે છે કે 'પર્વદિવસે પૌષધ છોડશો નહિ.' એનો અર્થ એમ કે પૌષધ કરજો તો રોજ પણ પર્વદિવસે તો કર્યા વિના નજ રહેતા. આ પ્રમાણે સાવચેતી પૂર્વકના કથનથી પેલાને બોલવાનો વખત નથી.

એવા બિચારાઓને પ્રકરણનો પણ ખ્યાલ નથી. શાસ્ત્રોમાં વ્રતોનું નિરૂપણ ચાલ્યું, પછી ક્યારે ગ્રહણ કરેલાં? ક્યાં સુધી રહે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે જણાવ્યું. એક વખત ગ્રહણ કર્યાં હોય તો અણુવ્રતો યાવજ્જીવ ચાલે તે સાધારણ મર્યાદા છે, તેનો આધકાર ન સમજતાં ગ્રહણ મર્યાદામાં ગયા. ક્યાં સુધી ધારણ કરાય તે પ્રકરણ છોડી ગ્રહણ ક્યાં સુધી થાય તેમ લીધું. ગુણવ્રતો યાવજ્જીવ પણ હોય.

(पंचाणुव्वयाइं तिन्नि गुणव्वयाइं आवकहियाइं।

टी०-पंचाणुव्रतानि प्रतिपादितस्वरूपाणि त्रीणि गुणव्रतानि उक्तलक्षणान्येव 'यावत्कथिकानी'ति सकृद्गृहीतानि यावज्जीवमपि भावनीयानि, आव० हरि पृ० ८३८-८३९).

શિક્ષાવ્રતોમાં બે ભાગ પડયા. સામાયિક તથા દેશાવગાશિક એ એક ભાગ તથા પૌષધ અને અતિથિસંવિભાગ એ બીજો ભાગ. સામાયિક રોજ વારંવાર ઉચ્ચરાય; એક દિવસમાં અનેકવાર, વારંવાર તેનું ઉચ્ચારણ થાય. પૌષધ અને અતિથિસંવિભાગ તો આખો દિવસ નિયમિત. પૌષધ પહોર કે બે પહોરનો લેવા માગે તો ન લેવાય. બે ઘડીનો પૌષધ ન ઉચ્ચરાવાય. સામાયિક બે ઘડીનું હોય. ઉપવાસ, આયંબિલ, નીવી, એકાસણું, બેસણું ઘડી બે ઘડીનાં નહિ થાય. દેસાવગાસિકમાં જેટલું પચ્ચખ્ખાણ કરવું હશે તેટલું થશે. પૌષધ તો આખા દિવસનો નિયમિતજ હોય.

'चत्तारि सिक्खावयाइं इत्तरियाइं।

टी० चत्वारीति सङ्ख्या 'शिक्षापदव्रतानी'ति शिक्षा-अभ्यासस्तस्य पदानि-स्थानानि तान्येव व्रतानि शिक्षापदं तानि, 'इत्वराणीति तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके पुनः पुनरुच्चार्ये इति भावना। पौषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसाऽनुष्ठेयौ न प्रतिदिवसाऽऽचरणीयाविति।

અતિથિસંવિભાગવાળાથી, 'બે ઘડીમાં સાધુ આવે તો ભલે, નહિ તો ખાઈ લઈશ,' એમ ન ધરાય. ક્રિયાવિમુખો 'પ્રતિ-

નિયત'નો અર્થ 'પર્વ કરી નાખે છે. તેઓ તેનો અર્થ 'પર્વનું (પર્વનુંજ) અનુષ્ઠાન' એમ કરે છે. એવાઓના મતે પર્વ સિવાયના દિવસે વહોરાવનારા દુર્ગતિએ જશે એમ ખરૂં ? એવાઓના મતે પર્વદિવસ સિવાય અતિથિસંવિભાગ ન કરાય. પર્વદિવસે પૌષધ લે અને સાંજના પારતી વખતે 'પૌષધ પારૂં' એમ પૂછે તો પેલાઓના મતે તો 'पुणोवि कायव्वो' ન કહેવાય. કેમ કે પછી પર્વદિવસ ક્યાં છે ? આ કારણથી શાસ્ત્રકારો સાવચેતીપૂર્વક 'पर्वदिनेषु पौषधो न हेयः' પર્વદિવસે પૌષધ ન છોડવો, એમ કહે છે :

ये पौषधोपवासेन, तिष्ठन्ति पर्ववासरे ।
अंतिम इव (यथोदायन) राजर्षि-र्धन्यास्ते गृहिणोऽपि हि ॥१॥

(જેઓ ઉપર જણાવ્યા મુજબ પર્વના દિવસોમાં પૌષધ અંગીકાર કરવા વડે કરીને રહે છે તેઓ ગૃહસ્થ છતાં પણ અંતિમરાજર્ષિ ઉદાયનની માફક ધન્ય છે.)

ઉદાયનરાજાનું અંતિમરાજર્ષિપણું.

ઉદાયનરાજા અંતિમરાજર્ષિ છે તે વાત ચૂર્ણિકારમહારાજ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. અભયકુમાર ભગવાનને પૂછે છે કે-હે ભગવન્ ! છેલ્લા રાજર્ષિ કોણ ? ત્યારે ભગવાન્ ઉત્તર આપે છે કે-ઉદાયન. આટલો જ ઉત્તર આપીને ભગવાને તે વાત બંધ ન કરી પણ પાછું જણાવી દીધું-કે આનાથી આગળ અર્થાત્ ઉદાયન-રાજાના પછી મુકુટબદ્ધ રાજા કોઇ પ્રવ્રજિત નહિ થાય.

'अभओ किर सामी पुच्छति-को अपच्छिमो रायरिसित्ति ? सामिणा भणितं-उदायणो, अतो परं बद्धमउडो न पव्वयति' (आव० चू० भा० १पृ० १७१).

આવી રીતે અભયકુમાર પૂછે છે તેનું કારણ એજ કે-રાજ મળે। યા ન મળે। પણ સંયમ તો લેવું જ જોઇએ. જો હું રાજ લઉં તો દીક્ષા લઈ શકીશ કે નહિ એ નિર્ણય કરવાને। તેમને જરૂરી હતો તેથી ભગવાનની પાસે પ્રશ્ન કરીને નિર્ણય કર્યો કે અંતિમ રાજર્ષિ ઉદાયનજ છે. તે ઉદાયનરાજા અંતિમરાજર્ષિ કેવી રીતે થયા તે શ્લોકમાં જણાવેલો સંબંધ આ પ્રમાણે :-

**આરાધે તે આરાધક.**

ઉદાયનરાજર્ષિ શત્રુના દેશમાં પડાવ નાખીને પડેલા, (મંદસો-રમાં પડેલા) પણ પર્વદિવસે પૌષધમાં રહીને આરાધન કરે તો તેની આગળ તમારી ઉપાધિ કઈ ગણતરીમાં? ચોથો આરો કે પાંચમો આરો? આરાધે તે આરાધક અને તે જ ભાગ્યશાળી. અનુમોદન કરવા લાયકમાં બીજા દોષો છતાં અનુમોદનીય પ્રવૃત્તિની અનુમો-દના થાય છે. એમ ગૃહસ્થો તો વિષયાદિકમાં ડૂબેલાજ છીએ ને? છતાં ધન્યવાદ અપાય છે ને? દુન્યવી વ્યવહારમાં એક રકમ જૂઠી લખેલી હોય તેવાને ધન્યવાદ નથી મળતો તો પર્વદિવસ વિના બધા દિવસો કર્મબંધનમાં રહે છતાં તેવાયને ધન્યવાદ? મહાનુભાવ! જે હિસાબની વાત કરી તે સાધુપણાની વાત છે. એમાં અઢારહજારઅંગમાં એક પણ તૂટવું ન જોઇએ. ધૂળીયા વિદ્યાર્થીએ એકડો સીધો કરે એટલે માબાપને દોઢ શેર લોહી ચઢી જાય. અહીં પણ પર્વ આરાધવાની, મોક્ષ મેળવવાની, કર્મ રોકવાની બુદ્ધિ થાય તે ધન્યભાગ્યની નિશાની છે. મૂર્ખાઈ માટે માબાપને લોહી નથી ચઢતું પણ શિક્ષણને અંગે લોહી ચઢે છે.

જ્યારે જીવને ધર્મ-પર્વ આરાધવાની બુદ્ધિ થઈ, કર્મો રોકવાની તથા મોક્ષ મેળવવાની જે બુદ્ધિ થઇ, તે ધન્યભાગ્યની નિશાની. મૂર્ખતાને અંગે બાલક માટે માબાપને લોહી નથી ચઢતું પણ આવડતને અંગે ચઢે છે. આંકડામાં મીંડાં કે લીટા કાઢયા કરે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેથી માબાપ ખુશી નથી થતા પરંતુ એકડો જ્યારે બાળકને આવડે કે માબાપ ખુશખુશ ! કેમકે પછી માબાપને ખાત્રી થાય કે હવે છોકરો આગળ વધશે. શાસ્ત્રકારની પણ એજ દૃષ્ટિ છે કે જીવ અંશે પણ આરાધતો થાય તો તેનો માર્ગ ખુલે, અને તેથી શાસ્ત્રકારોને દોઢ શેર લોહી ચઢે અર્થાત્ પ્રમોદ ભાવના થાય. એ પ્રમોદભાવનાનો વિષય થયો. એક પણ વ્રત આરાધનાર પણ આઠ ભવમાં મોક્ષ પામી શકે; ગૃહસ્થ (આવ૦ નિ૦ ૮૫૬) તે ગૃહસ્થાશ્રમને અંગે આરંભ, સમારંભ તથા વિષયકષાયમાં ડૂબેલો છે છતાં પર્વનું સાધ્ય થયું તેથી ભાગ્યશાળી ગણાય.

ઉદાયનરાજર્ષિનું વૃત્તાન્ત, કુમારનંદિ તથા નાગિલનું વૃત્તાન્ત.

> चंपा· अणंगसेणो, पंचऽच्छर थेर णयण दुम वलते ।
> विह पास णयण सावग, इंगिणि उववाय णंदिवरे ॥३१८२॥
>
> बोहणं पडिमोदायण, पभाव उप्पाद देवदत्तदे ।
> मरणुववाते तावस, णयणं तह भीसणा समणा ॥३१८३॥
>
> गंधारगिरी देवय, पडिमागुलियागिलाणपडियरणं ।
> पज्जोयहरण पुक्खर, रणगहणे णामओ सवणा ॥३१८४॥
>
> (निशी० उ० १०)

સિંધુ સૌવીરદેશે વીતભય (ભેરા) મોટું શહેર છે. ત્યાં ઉદાયનરાજા છે, તેને પ્રભાવતી નામે પટરાણી છે. તેમને અભીચિ કુંવર છે. કેશી નામનો ભાણેજ પણ છે. આ વાત અહીં રાખીએ. બીજો સંબંધ શ્રીજીવિતસ્વામીની પ્રતિમાનો છે, જેની સાથે રાજા ચંડપ્રદ્યોતનની વાતનો સંબંધ સંકળાયેલો છે. વળી ચંપાનગરીમાં (ભાગલપુર) કુમારનંદિ નામનો એક સોની છે. જે જન્મથીજ સ્ત્રીલંપટ છે. કોઈ રૂપાળી કન્યા તેના શ્રવણમાં, તેની જાણમાં આવે કે તે તેણીના બાપને ૫૦૦ સોનૈયા આપતો અને ગ્રહણ કરતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ રીતે તેને ૫૦૦ સ્ત્રીઓ છે. તે તમામ સ્ત્રીઓને તે એકથંભીયા મહેલમાં રાખે છે. એકથંભીઓ મહેલ એટલે એક સ્તંભ, એક દ્વાર ત્યાં બીજો ફરકી શકે નહિ, આવી જઈ શકે નહિ. અને સ્તંભના અંદરના પગથીયામાંથી ઉતરવાનું.

કુમારનંદિને નાગિલ નામનો એક શ્રાવક મિત્ર છે. પંચશૈલદ્વીપનો અધિપતિ વ્યંતરદેવ હતો. દેવને હાસા પ્રહાસા નામે બે દેવીઓ હતી. તે દેવ ચ્યવ્યો. દેવતામાં વ્યંતરોની જાતિ હલકી ગણાય. એ દેવીઓએ વિચાર્યું, અક્કલના આંધળા વગર આપણા પંજામાં કોઇ નહિ આવે. હાસા–પ્રહાસાને હવે કોઈ દેવ ઉત્પન્ન થાય તેની જરૂર હતી. કામાંધો સર્વકાલમાં અંધ હોય છે. તેઓ કદી કંઇજ જોઇ શકતા નથી. 'આ કોણ છે? મારૂં શું થશે?' એવો કંઈ પણ વિચાર કામાંધને આવતો નથી. તેવા કામાંધ સોનીને જોઇને દેવીઓ ત્યાં આવી. સોની તે દેવીઓને વળગવા દોડચો. પૂળાની લાલચે લાકડે બંધાયેલા પૂળાની પાછળ વાછરડું, પુળાને નહિ પામવા છતાં સામે ગામ સુધી જાય છે ને?

## હાસા–પ્રહાસા મેળવવાની સોનીને લાગેલી તાલાવેલી.

સ્ત્રીઓને ચાર ગણો કામ ભલે હોય છતાં મુખે પ્રાર્થના સ્ત્રીને ન હોય. લાકડાનો અગ્નિ જબરો પણ સળગતાં વાર લાગે. ઘાસના અગ્નિને સળગતાં વાર લાગે નહિ, અને જલ્દી ઓલવાઈ પણ જાય. પેલી હાસાપ્રહાસા તો નથી બોલતી ત્યારે સોની બોલ્યોઃ "તમે કોણ છો? અહીં શા માટે આવી છો?" જો કે તે વ્યંતરીઓને ગરજ હતી, આવી હતી તે માટે તે છતાં, ઘાસ પ્રથમ સળગે. કામશાસ્ત્રના નિયમાનુસાર, પ્રથમ પુરૂષ પ્રાર્થે તે મુજબ, સોની બોલ્યો. જ્યારે સોનીએ પૂછ્યું ત્યારે હાસા–પ્રહાસા ઉત્તર આપે છે, સૂચક શબ્દો બોલે છે. સોનીએ સ્પષ્ટતયા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કામની માગણી કરી એટલે પેલી વ્યંતરીઓ તો ટોચે ચડી, અને ઉપરથી ઉપર હાથ રાખવાની ઢબે બોલી: 'હમારે ક્યાં ના છે! તમારા માટે તો અમો આવ્યાં છીએ. અહીં કાંઇ ન વળે. ત્હારી ઇચ્છા હોય તો પંચશૈલે આવજે. ત્યાં આપણો સમાગમ થશે.' હાસા–પ્રહાસાએ સંકેત આપ્યો. હવે કામીને કાંઇ બાકી રહે?

**હિંસાદિકને પડખે ચઢતાં હજી બચાય પણ**
**કામને પડખે ચઢતાં ન બચાય.**

સોનીને મનથી પ્રશ્નો તો થયા કે, અહીં કેમ નહીં? ત્યાં કેમ આવવું? વિગેરે કામીઓને આતુર કરનારી સ્ત્રીઓ અર્ધી વાતે ઉઠી જાય એવી રતિનિપુણ રામાઓની કલા છે. કામીઓ પોતાની કામેચ્છા પરિતૃપ્ત કરવા શરીરને, કુટુંબને, ધનને, કહો કે સર્વસ્વને હોમે છે, કશા તરફ જોતો નથી. રાજા રાવણનું દૃષ્ટાંત જગપ્રસિદ્ધ છે. તેથી શાસ્ત્રકારો કામને પડખે પણ ચઢવાની ના કહે છે. તેઓ કહે છે કે હિંસાદિકને પડખે ચઢશો તો બચશો પણ કામને પડખે ચઢેલા નહિ બચો.

**ક્રોડ સોનૈયા.**

સોનીને તો હવે પંચશૈલદ્વીપે જવાની તાલાવેલી લાગી, પણ ત્યાં જવું શી રીતે? તેણે રાજાને સોનૈયાના થાળનું ભેટણું કરી પોતાની ઇચ્છા જણાવી કે–'મારે પંચશૈલદ્વીપે જવું છે, આપ પ્રજાને જાણ કરો કે જે કોઇ મને ત્યાં લઇ જશે તેને હું ક્રોડ સોનૈયા આપીશ.' ગામમાં રાજાએ તેવો પડહો વગડાવ્યો, તેવી ઉદ્‌ઘોષણા કરાવી કે 'કુમારનંદિ સોનીને જે કોઈ, પંચશૈલદ્વીપે લઈ જશે તેને તે સોની ક્રોડ સોનૈયા આપશે, એક બુઢ્ઢા અનુભવી તથા ભોમીયા ખલાસી–વહાણવટીએ તે પડહો ઝીલ્યો. આવી બાબતમાં ભરૂસે જાય તે ભાન ભૂલેલો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણાય, એટલે તેણે ક્રોડ સોનૈયા પ્રથમજ માગ્યા વેપારી હોય તો આગલ પાછલનો વિચાર કરે કે 'ક્રોડ સોનયા આપું તો ખરો પણ આ મને પહોંચાડશે કે નહિ?' સોની તો કામાંધ હતો. 'कामान्धो नैव पश्यति' તેને કશો વિચાર હોય જ નહિ. તેણે તો તુરત ક્રોડ સોનૈયા ગણી દીધા. વૃદ્ધ ખલાસીએ વહાણ તૈયાર કર્યું. કુમારનંદિ તે વહાણમાં બેઠો.

'નવી' લાવનારા 'જુની'નો વિચાર કરે છે?

પેલી પાંચસેં સ્ત્રીઓને તો ઘેર રોતી રાખી. તેનું શું થશે? તેનો વિચાર તેણે ન કર્યો. આજે પણ 'નવી' લાવનાર જૂનીનો વિચાર પણ નથી કરતા.

સોનીભાઈ તો સપડાયા.

વહાણ ચાલ્યું દરિયામાં જેમ વહાણ નાચતું તેમ કામાંધ કુમારનંદિ પણ મનથી વિવિધ વિવિધ કામેચ્છામાં નૃત્ય કરતો હતો. દરિયામાં ઘણે દૂર ગયા પછી એક વૃક્ષ તરફ આંગળી કરી ખલાસી બોલ્યો: 'સમુદ્રના કાંઠે જે વડ દેખાય છે, તે બેટ (દ્વીપ)ના પહાડમાં થયેલ વડ છે, જ્યારે આ વહાણ તે વટવૃક્ષ તળેથી પસાર થાય તે વખતે તેને પકડી લેજે, વળગજે અને રાત્રે અહીં ભારંડપક્ષી આવશે, સૂઈ જશે, તેના પગ સાથે તારા દેહને બાંધજે: તેની સાથે તું પણ સવારે પંચશૈલ જઇ શકીશ. કેવો ધંધો? ક્રોડ સોનૈયા લેનારો વડને વળગવાનું કહે છે અને ભારંડનો હવાલો આપે છે. કામાંધને શું? એને તો સ્વર્ગ પ્રત્યક્ષ દેખાય છે. પેલા ખલાસીએ સાથે સાથે ભયનું ભૂંગળું પણ વગાડયું કે, જો તું વડલે નહિ વળગે તો આ વહાણ મોટા આવર્તમાં ભાંગી જવાનું છે, તેથી તારા બાર વાગી જવાના છે.' સોની ભાઈ તો સપડાયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સળગી મરવું પડશે ?

એ કુમારનંદિ સોની, પાંચસે, પાંચસેં સ્ત્રીઓ ઘેર વિદ્યમાન છતાં, હાસા-પ્રહાસાને મેળવવા ખાતર વડલે વળગ્યો. ખલાસી ખોટો ન્હોતો એ વાત ખરી પણ કામાંધની દશા કઈ? તે વિચારો. તે સોની રાત્રે ભારંડપંખીના પગે બંધાયો, તેના ઉડ્ડયન સાથે તે પણ ઉડયો. અને ત્યાં પહોંચ્યો. એ દ્વીપ હતો મોટો, હવે ક્યાં જવું એમ તે મૂંઝાવા લાગ્યો પણ હાસા-પ્રહાસાએ તેને જોયો અને પ્રત્યક્ષ થઈ. સોનીએ નફટપણે ભોગની પ્રાર્થના કરી. પેલી હાસા-પ્રહાસાએ તો સાફ સંભળાવ્યું: "આ શરીરથી હમારી સાથે સમાગમ ન થાય." તારે કામ-ભોગની ઇચ્છા હોય તો સળગી મરવું પડશે. અગ્નિમાં પ્રવેશ કરવો, મરતી વખતે અમારૂં ધ્યાન ધરવું, અમારા સ્વામી થવાનું નિયાણું કરવું. જેથી પંચશૈલનો માલીક થઇશ તેથી અમે તારી સાથે કામ-ભોગ ભોગવીશું. અમારા માલીકના સ્થાને જે આવે તે અમારો સ્વામી. હવે શું થાય? બળવું પાલવે?

શ્રાવક-મિત્રનો ઉપદેશ.

સોનીની શી દશા? ખલાસી અહીં લાવ્યો પણ અહીંથી ચંપાએ કોણ લઈ જાય? હાસા-પ્રહાસાએ તેને ઉપાડીને ચંપામાં મૂક્યો. સોનીના ક્રોડ સોનૈયા ગયા, શહેરમાં આબરૂ ગુમાવી, પાંચસો સ્ત્રીઓની પ્રતીતિ ખોઇ. કામથી વિડંબિત હોય તે ક્રોડોમાં ફજેત થાય તેમાં નવાઈ નથી. વીજળીના ઝબકારાની અસર આંખને કેવી થાય છે? સોની પણ હાસા-પ્રહાસાના શરીરને જોઈને મૂંઝાયો હતો. હવે તેણે અગ્નિમાં બળી મરવાનું નક્કી કર્યું. ગધેડો દ્રાક્ષ ખાઈ જાય તેમાં વટેમાર્ગુનું કાંઇ જતું નથી પણ ઉચિત ન લાગે, તેમ આ કુમારનંદિ અગ્નિમાં બળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મરે, નિયાણું કરે, પંચશૈલે જાય તેમાં કોઇને હરકત નથી, પણ દયાળુ-શ્રાવકને તે રૂચતું નથી. શ્રાવકોનો તો એકાંત સિદ્ધાંત છે કે—

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥१॥
( યો૦ શા૦ પ્ર૦ ૪ શ્લો૦ ૧૧૮ )

('કોઇ પાપ ન કરો, કોઇ જીવ દુઃખી ન થાઓ' આવીજ ભાવના શ્રાવકોની હોય.) કુમારનંદિના નાગિલ નામના શ્રાવક-મિત્રને એની દયા આવી, તેથી તે તેને કહેવા લાગ્યો, 'કામવિકારવશ થઇ, સ્ત્રી માટે બળી મરવું તે તને શોભતું નથી, તારે લીધે મને લાંછન લાગે છે, હું તારો મિત્ર, તું મારો મિત્ર, તેથી મિત્રો અને બીજાઓ મને ઉપાલંભ આપશે માટે તારે આમ કરવું નહિ.' ઉંદર પ્રત્યે દોડતી બિલાડીને રોકવા કદી દ્વાર બંધ કરીએ તો તેથી બિલાડી ન જાય ? તે તો બીજે દ્વારથી જવાની. ચોર કોટવાલને જોઈને પાછો ફરે પણ લમ્પટો તો દુનિયાને તણખલા સમાન ગણે છે. તે સોનીએ મિત્રનું કહ્યું માન્યું નહિ અને તેણે અગ્નિનું શરણ કર્યું પણ શ્રાવકની સોબતની કાંઈક અસર તો થાય ને ! અગ્નિમાં બળી તો મૂઓ પણ ચિત્તસ્થૈર્યના કારણે તે નિયાણું કરીને પંચશૈલદ્વીપનો માલીક થયો.

**નાગિલે કરેલી આરાધના.**

જે મનુષ્ય દેખતો હોય તેને વસ્તુનું સ્વરૂપ ખ્યાલમાં આવે, અંધને તેનો ખ્યાલ આવતો નથી. પોતાના સોની મિત્રની આ દશા જોઈ, જગતની વિચિત્રતા વિચારી, કામના કોરડાનું કાતીલપણું લક્ષમાં લઈ નાગિલ-શ્રાવક પોતાના આત્માને અંગે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચારવા લાગ્યોઃ 'મારી પણ આ દશા કાં ન થાય? જે બકરો કસાઇને ઘેર બંધાયેલો છે તેનો વારો બે દિવસ વહેલો કે મોડો આવવાનો તો ખરોજ. કસાઇવાડેથી છટકવું જોઇએ. કુમારનંદિનો વૃતાન્ત દેખી તેને વૈરાગ્ય આવ્યો અને તેણે દીક્ષા લીધી. આરાધી અને પોતે બારમા દેવલોકે દેવતા થયો.

**હાસા–પ્રહાસાનાં આદળીયાં કોટે વળગ્યાં.**

બે મિત્રની આ રીતે ભિન્નભિન્ન ગતિ થઇ. શ્રાવક બારમે દેવલોકે દેવતા થયો અને સોની વિષયની વિડંબનામાં અથડાયો, બારમા દેવલોકે પહોંચેલો જીવ, તે દેવ નંદીશ્વરદ્વીપે યાત્રા કરવા જાય છે, તેમની આગળ હાસા–પ્રહાસા ગાવા ચાલી, તે વ્યંતરદેવીઓ પોતાના સ્વામીને, પંચશૈલના માલીકને, નવીન થયેલા દેવને, સોનીના જીવને, કહેવા લાગી-'હે સ્વામિન્! પડહ (ઢોલ) વગાડો. સોનીના જીવને, અભિમાન આવ્યું કે 'હું વળી ઢોલ વગાડું!' અલબત્ત! પંચશૈલદ્વીપનો તે માલીક ખરો પરન્તુ ઉપરી દેવતા પાસે તો ગુલામજ. તે ઢોલ વગાડવાની આનાકાની કરવા લાગ્યો પણ પાપનો ઉદય કોને છોડે? એ ઢોલજ એને ગળે જઇને વળગ્યો. ઢોલ ગળામાં જઈને ભરાયો પછી હાસા–પ્રહાસા બોલી– 'સ્વામિન્! આ તો કુલનો રિવાજ છે, તેમાં શરમાવાનું શાનું? વગાડો. ઢોલ ગળે વળગ્યો અને દેવીઓનો હુકમ થયો પછી કાંઈ છૂટકો થાય હાસા–પ્રહાસા ગાવા લાગી, નૃત્ય કરવા લાગી અને વિદ્યુન્માલી દેવ (કામાંધ સોનીનો જીવ) ઢોલકી બજાવવા લાગ્યો. આ રીતે એને ઉપરી દેવતાની આગળ ઢોલ વગાડતાં ચાલવું પડે છે.

દુનિયામાં કહેવાય છે કે મિયાં–મહાદેવનો મેળ ન મળે પણ રેલ્વેની મુસાફરીમાં તો ભેટો થાય છે અને મેળ મલે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે રીતે નંદીશ્વરની યાત્રા પ્રસંગે વૈમાનિકદેવનો તથા વિદ્યુન્માલીનો મેળ મળી ગયો. તીર્થયાત્રામાં પંજાબના, ગુજરાતના બધાય મળે ને ? બારમા દેવલોકે ઉત્પન્ન થયેલો દેવ તો યાત્રાએ જતો હતો, તમાશાને તેડું હોય ? નહિ. જો તેણે ઢોલની આનાકાની ન કરી હોત અને સીધે સીધો વર્ત્યો હોત તો તો કોઈને કંઈ જાણ ન થાત પણ પોતેજ ચોળીને ચીકણું કર્યું. ભીંડામાં પાણી પડે તો જેમ હલાવો તેમ ચીકાશ વધે. વિદ્યુન્માલીએ પણ ચોળીને ચીકણું કર્યું. 'ના,' 'ના,' કીધે ગયો એટલે નગારૂં વગાડવા માટેના 'ના' ના નગારાએ બધા દેવોને જગાડયા. દેવોને થયું, 'છે શું ?' નાગિલના જીવ (દેવ)ને પણ એમ થયું, તેણે ઉપયોગ મૂકયો તો તેને જણાયું કે 'અહો ! આ તો કુમારનંદિ.

**સોનું સૌને જોઈએ છે પણ**

**લાલચોળ તપાવેલી લગડી લેવા કોઇ તૈયાર નથી.**

તેણે પરિચય આપી વિદ્યુન્માલીને તે વૈમાનિકદેવતાએ વસ્તુસ્થિતિ જણાવી. દયાનું સ્વરૂપ બરાબર સમજવું જોઇએ. દયામાંથી દાહ ઉભો ન થવો જોઇએ. ભસ્મરોગથી દરદી ખાવા માગે ત્યાં ભૂખ નથી પણ વ્યાધિ છે, છોકરાના હિત માટે, સ્નાનાદિ કરાવતાં છોકરો આડો થાય તો તેને બે ચાર ધોલ મારતા, બલોયાંની કોર વાગી જાય, છોકરા રૂએ, તે ધ્યાનમાં મૂર્ખ માતા લે. નાગિલ-શ્રાવકનો જીવ વૈમાનિકદેવતા તેવી કોટિનો નથી. સોનું બધાને જોઈએ છે પણ લાલચોળ તપાવેલી લગડી લેવા કોઈ તૈયાર નથી, ત્યાં હાથ ધરવા કોઇ તૈયાર નથી તેમ કલ્યાણના વાકયો દુનિયાને જોઈએ છે પણ વચનના અગ્નિથી તપાવીને આપવા માગો તો કોઇ તે ગ્રહણ કરવા તૈયાર નથી સ્વયં ભગવાને તીવ્રધર્માનુરાગી કોણિકને કહ્યું તેની અસર થઇ ?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## હાથકંકણને આરસીની શી જરૂર?

વિજળી ચમકે કે ધારણા ધૂળમાં મળે-તે વખતે આંખ ઉઘાડી રહેવા ન પામે. બારમા દેવલોકનો દેવતા આવીને ઉભો રહે ત્યાં બિચારા વિદ્યુન્માલીની શી ગુંજાશ? વૈમાનિકદેવે તો પરિચય આપ્યો, હિતવચન કહ્યાં છતાં જ્યાં સન્નિપાતજ થયો હોય ત્યાં પાછલી વાતને કે હિતવચનને કોણ સાંભળે? તે વૈમાનિકદેવ વસ્તુને પ્રત્યક્ષ કરીને કહે છે કે-'હે ભદ્ર! તું સોનીના ભવમાં કામાન્ધ થયો તો જોઈ લે તારી દશા, અને તે ભવની તારી કામવિવશ હાલત જોઈને મને વૈરાગ્ય થયો, મેં દીક્ષા લીધી તો મને જે ફલ મળ્યું તે પણ તારી સામે પ્રત્યક્ષ છે ધર્મનું ફળ નિહાળી લે.! હાથ કંકણને આરસીની જરૂર હોતી નથી.'

## દાનો દુશ્મન સારો તો દાના દોસ્તની શી વાત!

વેપારની ખોટ વિચક્ષણ વેપારી જાણે તો સળગી જાય. વિદ્યુન્માલીને તો આખા શરીરે વિજળીનો આંચકો લાગ્યો. એ કહેવા લાગ્યો-'હે મિત્ર! હવે હું શું કરૂં? મારૂં શું થાય?' દુનિયામાં કહેવત છે કે-દાનો દુશ્મન સારો. દાનો દુશ્મન સારો ગણાય તો આ તો દાનો દોસ્ત પછી પૂછવું શું? હવે નાગિલનો જીવ (તે દેવ) આના હિતાર્થે શું બતાવવું તે વિચારવા લાગ્યો. વહુને સાસુ થવાનું ગમે રોજ પણ સાસુની જેમ માંચે બેસાડે તો ન ગમે એમ એક દિવસ ન નભે. સોનીના જીવની આ સ્થિતિ, આ સ્થિતિએ પણ ગૂંચમાંથી ગાડું તો કાઢવું જોઈએ.

## જીવિતસ્વામિની મૂર્તિની ઉત્પત્તિ.

આ સમય દરમ્યાન દેવાધિદેવ ભગવાન્ શ્રીમહાવીરદેવ ચિત્રશાળામાં કાયોત્સર્ગ ધ્યાને રહેલા હતા. વૈમાનિકદેવ તે વિદ્યુન્માલીને ભગવાનની (ગૃહસ્થપણામાં) મૂર્તિ કરાવવાનું કહે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે. અને કહે છે કે 'તેથી તને બોધિ ઉત્પન્ન થશે.' નાગિલના જીવનું તે પ્રત્યક્ષ ચમત્કારવાળું, હિતકર સુંદર વચન વિદ્યુન્માલીએ અંગીકાર કર્યું. ચિત્રશાળામાં કાઉસગ્ગ ધ્યાને રહેલા ભગવાનને તેણે જોયા, જોઈને ગોશીર્ષચંદન લાવી અલંકારયુક્ત એક મૂર્તિ કરી કપિલકેવલી પાસે પ્રતિષ્ઠા કરાવી અને પ્રતિમા પેટીમાં સ્થાપન કરી.

## પ્રતિમાનો પ્રભાવ.

તે વખતે વહાણનો વેપારી દરિયામાં ઉત્પાતના કારણે અટવાયો હતો અને વાત કરતાં છ માસ નીકળી ગયા હતા. દેવે તેણે જોયો, અને તેની પીડા સંહરીને પેટી આપી, અને કહ્યું કે તું ભેરા–નગરે લઈ જજે, ઉદ્ઘોષણા કરજે કે–'આ પરમાત્માની પ્રતિમા જેને લેવી હોય તે લો.' પ્રતિમાના પ્રભાવે દરિયો શાંત થયો અને તે વેપારી ભેરા–નગરે પહોંચ્યો. ઉદ્ઘોષણા સાંભળીને ઘણા બ્રાહ્મણો, તાપસો વગેરે આવ્યા અને સૌ પોતપોતાના ઈષ્ટદેવોને યાદ કરી પેટી ઉઘાડવા મથે છે પરન્તુ પેટી ઉઘડતી નથી. એમ કરતાં કરતાં મધ્યાહ્ન થયો.

## પ્રભાવતી રાણીએ પેટી ઉઘાડી,
## પ્રતિમાને રાજમહાલયના ચૈત્યમાં સ્થાપે છે.

લોકોની મેદની પારાવાર છે. રાજા પણ ત્યાંજ સ્થિત થયેલ છે. બાર વાગ્યા, મહેલમાં રાજા પધાર્યા નહિ, ભોજનનો સમય ઉલ્લંઘન થવા લાગ્યો એટલે રાણીએ થાકીને દાસીને તેડવા મોકલી. રાજા કહે છે–'રાણીને અત્યારે ખાવાનું સૂઝે છે પણ અહીં તો આ હાલત છે. જો અહીંથી જરાક ખસું તો ધડાધડ થઈ જાય.અત્યારે મારાથી અહીંથી ખસી શકાય તેમ નથી.' દાસીએ જઈને રાણીને વાત કરી. રાણી પ્રભાવતી, તે પરમ શ્રાદ્ધવર્ય, ચેડામહારાજાની કુંવરી હ તી.તે પોતાના મનથી વિચારવા લાગી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

'આ લોકો પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણતા નથી અને તેવાઓથી બાર બાર કલાક તો શું પણ તેટલા દિવસો વીતી જાય તો પણ પેટી ઉઘડવાની નથી.' પ્રભાવતી રાણી પોતે જાતે ત્યાં આવી. સિંધુસૌવીર બે દેશો જયાં એકઠાં થાય છે એવા ભેરા-નગરના રાજા કે જેના તાબામાં (રાજ્યમાં) ૩૬૩ શહેરો છે, તેવા રાજાની પટરાણી આ પ્રસંગે, દેવાધિદેવની આ મૂર્તિના પ્રસંગે જનાનામાંથી પોતે જાતે બહાર નીકળીને ત્યાં આવે છે. ત્યાં આવવામાં તે લેશ પણ સંકોચ પામતી નથી. પોતે તે પેટીને ચંદન વિગેરેથી પૂજીને સ્તુતિ કરતાં બોલે છેઃ—

प्रातिहार्याष्टकोपेतः प्रास्तरागादिदूषणः ।
देयान्मे दर्शनं देवा-धिदेवोऽहंस्त्रिकालवित् ॥१॥

( આઠ મહાપ્રાતિહાર્ય સહિત, રાગાદિ દૂષણોનો નાશ કરનારા. ત્રણ કાલને જાણનારા દેવાધિદેવ શ્રીઅરિહંતભગવાન્ અમને દર્શન આપો. ) પેટીમાંથી ભગવાનની મૂર્તિ સ્વયં બહાર આવી. રાણીએ એજ મૂર્તિને રાજદરબારના ચૈત્યમાં સ્થાપન કરી. રાણી ત્રણેય કાલ ભગવાનની પૂજા કરે છે. મૂર્તિપૂજાને અંગે શાસ્ત્રમાં આવા સ્પષ્ટ વૃત્તાન્તો છે. તે ન માને તેને કોણ મનાવી શકે ?

**દ્રવ્યપૂજાનો નિષેધ કરનારા શાસનથી વિરૂદ્ધ છે.**

દ્રવ્યપૂજાનો નિષેધ કરનારાઓ શાસનથી વિરૂદ્ધ છે. ઢૂંઢીઆમાં તો શું સ્ત્રી કે પુરૂષ, બંને માટે મૂર્તિપૂજાનો નિષેધ છે.[1] ખરતરો સ્ત્રીને પૂજાનો વિષેધ કરે છે.[2] દિગમ્બરો કારણને સ્વીકારી કાર્યની (મોક્ષની) 'ના' કહે છે.[3] તેવાઓ માટે[4]'દ્રવ્યપૂજા' શબ્દ વાપર્યો છે. રાણી દ્રવ્યપૂજા કરી હર્ષમાં આવીને ભગવાનની આગળ નાટક કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(१. सत्यार्थ चंद्रार्थक नामग्रन्थमेंसें-लिखती है की-मूर्तिपूजनेमें, षट्कायारंभादि दौष है (पृ ११८),

और ओ ७ सें और दूसरा वडा दोष-मिथ्यात्वका है। क्यों कि-जडको चेतन मानकर मस्तक झूकाना, यह मिथ्या है. (पृ० १२०) ॥

२. संभवइ अकालेऽविहु कुसुमं महिलाण तेण देवाणं।
पूआई अहिगारो न ओघओ सुत्तनिद्दिट्ठो ॥१॥

न छिविंति जहा देहं ओसरणे भावजिणवरिंदाणं।
तह तप्पडिमंपि सया पूअंति न सड्ढनारीओ ॥२॥"

इत्यादि जिनदत्तसूरिकृतस्य कुलकस्य जिनकुशलसूरिकृतायां वृत्तौ,

३ पत्रं दुण्हवि दक्खो समणो निअमेण जेण जिणपूआ।
मुत्तिउवाओ भणिओ० (प्र० प० पृ० ३६६)

४ संकीर्णैषा स्वरूपेण द्रव्याद् भावप्रसक्तितः। (अष्ट० ३० हरि० श्लो० ८).

## રાણી પ્રભાવતીની સાવચેતી.

એક વખત રાજા-રાણી ગીતનૃત્યાદિ કરે છે તેવામાં રાજાએ રાણીનું કબંધ મસ્તકરહિત દેખ્યું, તેથી હાથમાંથી વીણા પડી ગઈ. રાણીને ક્ષોભ થયો. શ્રીજિનેશ્વરના દરબારમાં સાધન તૂટી જાય તેનો અર્થ શો ? રાણીએ કારણ પૂછયું એટલે રાજાને કહેવું પડયું કે-'હે રાણી ! તારું ધડ (શરીર) માથા વગરનું જોવામાં આવ્યું. એવું દૃશ્ય એ મો'તની નિશાની ગણાય.' મૃત્યું જાણીને સાંભળનારને શું થાય ? જેણે આગલનું ભાતું તૈયાર કર્યું હોય તેને મૂંઝવણ થતી નથી. વળી દેવપૂજા માટેના શ્વેતવસ્ત્રોને લાલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ જોયાં. અને તે વખતે દાસી સામે ચાટલું ફેંક્યું તરત જ તે વસ્ત્રો સફેદ જોવામાં આવ્યા. આ દૃશ્યથી હવે મને મારું આયુષ્ય ઓછું જણાય છે. વળી બીન તકસીરવાળી દાસી સામે મેં ચાટલું ફેંક્યું એટલે મારું વ્રત ખંડિત થયું. હવે આ પાપથી કેમ છૂટાય? દીક્ષા વિના પાપથી છૂટવાનો બીજો એક પણ ઉપાય નથી માટે મને પ્રવ્રજ્યા લેવાની રજા આપો.

**શરત મુજબ પ્રતિબોધ.**

રાજાએ પ્રવ્રજ્યાની રજા તો આપી પણ તેને કહ્યું કે–'તું જો સ્વર્ગે જાય, દેવ થાય કે દેવી થાય તો મને પ્રતિબોધ કરવા આવજે.' રાણીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી, સંયમ–પાલન કરી, અંતે અનશનપૂર્વક કાલ કરી પ્રથમ દેવલોકે તેણીનો જીવ દેવ થયો. રાણીના અવસાન બાદ તે મૂર્તિનું પૂજન દેવદત્તા નામની દાસી હંમેશાં કરે છે. રાણીનો જીવ દેવ થયો તેણે હવે રાજાને પ્રતિબોધ કરવાનો વિચાર કર્યો. બીજા ઉપાયો કર્યા બાદ દેવતા રાજસભામાં તાપસ રૂપે આવ્યો અને દિવ્યફલોનો થાળ રાજાને ભેટ કર્યો. રસનેંદ્રિય લુબ્ધ રાજા તેને કહેવા લાગ્યો: 'હે તાપસ! આ ફલ ક્યાં થાય છે તે બતાવ.' તાપસ તેને પોતાના બગીચામાં આશ્રમમાં આવવાનું કહે છે. રાજા તૈયાર થાય છે. આગળ તાપસ અને પાછળ રાજા. વિષયલુબ્ધ મનુષ્ય ગમે ત્યાં જવા તૈયાર થાય છે. દેવતાએ દેવમાયાથી આખો બગીચો તેવા ફળવાળો રચ્યો. આખો બગીચો તેવો જોઈ ને રાજા મનથી વિચારે છે– 'હું તો આ તાપસનો ભક્ત છું એટલે મારે તો જેટલાં ફલ ખાવાં હશે તેટલાં ખાઈ શકીશ.' આમ વિચારી તેણે વાંદરાંની માફક ફળો ઉપર ત્રાપ મારી. બગીચામાંથી દેવમાયાથી વિકુર્વિત એવા તાપસો નીકળ્યા અને રાજાને ખૂબ પીટચો. રાજા તો ત્યાંથી જીવ લઈને ચોરની પેઠે નાઠો. નાસતાં નાસતાં માર્ગમાં મુનિ-

મહારાજ દેખાયા. મુનિએ તેને આશ્વાસન આપ્યું. રાજા એ વખતે મનમાં વિચારવા લાગ્યો. 'અહો ! ક્રૂર એવા તાપસોએ મને છેતર્યો. આ તાપસો કેવા ઘાતકી છે ? ત્યાં તો પ્રભાવતી-રાણીનો જીવ, તે દેવ પ્રત્યક્ષ થયો અને પોતાનો પૂર્વભવનો પરિચય કરાવી તેણે રાજાને જણાવ્યું કે-'તમને પ્રતિબોધ કરવા માટે આ તમામ માયા મેં જ રચી છે.

દેવતા તો પોતાની ફરજ બજાવી પાછો પોતાના સ્થાને ચાલ્યો ગયો. રાજા મહેલે ગયો. સભામાં તેને વિચાર આવ્યો કે-'દેવતાએ પ્રતિબોધ કરવા માટે આ તમામ કર્યું. જૈનધર્મની આરાધનાના પ્રભાવથી દેવતા થવાય છે એ તો નક્કી થયું

**દિવ્યગુટિકાથી કુબ્જિકા સુવર્ણગુલિકા બને છે.**

ગાંધાર નામનો શ્રાવક શાશ્વતી પ્રતિમાને વંદન કરવાની ઈચ્છાએ વૈતાઢયપર્વતની તળેટીએ રહેલો છે. શાસનદેવી તેના પ્રત્યે તુષ્ટમાન થઇ તેનું ઈષ્ટ પૂરું કરે છે. તેણીએ તેને ૧૦૮ ગુટિકાઓ આપી. ગુટિકાનો પ્રભાવ એવો છે કે મોંમાં મૂકી જ્યાં જવાનું ચિંતવવામાં આવે ત્યાં પહોંચી જવાય. તેણે એક ગુટિકા મોંમાં મૂકી અને મનમાં જીવિતસ્વામીની પ્રતિમાને વંદન કરવાની ધારણા કરી. ચિંતવતાંજ દેવતાએ તેને મૂર્તિની પાસે લાવીને મૂકયો. ત્યાં તેણે પ્રસન્નચિત્તે અતિભક્તિપૂર્વક પ્રભુની મૂર્તિની પૂજા કરી. તેને પોતાનું મૃત્યુ નજીક જણાતાં સાધર્મિક એવી કુબ્જિકાને તમામ ગુટિકાઓ આપી અને તેણે દીક્ષા લીધી. દેવદત્તા દાસી કુબ્જિકા હતી તેથી ગુટિકાના પ્રભાવથી તેણીએ રૂપની ઈચ્છા કરી અને રૂપવાળી બની ગઈ. દિવ્યાકાર બનેલી તે દાસીનું નામ સુવર્ણગુલિકા પાડવામાં આવ્યું. તે દાસી બીજી ગુટિકા મોંમાં મૂકી મનથી વિચારે છે-'યોગ્ય વર વિના આ રૂપ શા કામનું ? હાથી વિના અંબાડી શા કામની ?' તેજ રીતિએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

યોગ્ય વરના અભાવથી મારૂં રૂપ નકામું જાય છે. હવે આ ઉદાયનરાજા તો મારે પિતાતુલ્ય છે તેથી ચંડપ્રદ્યોતનરાજા મારો ભર્તાર થાઓ.

## મૂર્તિ અને દાસી ઉપાડનાર ચંડપ્રદ્યોતન.

દેવીએ ચંડપ્રદ્યોતનરાજા પાસે જઈને સુવર્ણગુલિકાના રૂપનું વર્ણન કર્યું. રાજાઓ આમ પણ કાનના કાચા તો હોય અને તેમાં વળી કામી હોય પછી પૂછવું શું ? રાજા વર્ણન સાંભળી વ્યાકુલ થયો. તેણે દાસીની માગણી કરવા ઉદાયનરાજા પાસે દૂત મોકલ્યો. ઉદાયને કહ્યું-'રાજાની આવી માગણી ?' પેલો દૂત તો સુવર્ણગુલિકા પાસે ગયો અને રાજાની વતી પ્રાર્થના કરી. દાસીએ કહ્યું-રાજાને જોયા પછી વાત.' દૂતે પણ પોતાના રાજાની પાસે જઈને બન્યું તે કહી બતાવ્યું.

કામાંધો શત્રુના ઘરમાં પણ ઘૂસે છે. રાત્રે અનિલવેગ-હાથી ઉપર બેસીને તે રાજા ત્યાં આવ્યો. જંગલમાં સંકેત મુજબ તે દાસી તથા રાજા બંને મળ્યાં. ચંડપ્રદ્યોતનરાજા દાસીને કહેવા લાગ્યો-'હે પ્રિયે ! મારી નગરીએ ચાલ અને સ્થાનને શોભાવ.' દાસીએ કહ્યું-'આ મૂર્તિ વિના હું જીવી શકું તેમ નથી માટે આના સદૃશ એક બીજી મૂર્તિ બનાવો તો તે મૂર્તિને અહીં સ્થાપી, આ મૂર્તિ લઈને તમારી સાથે જરૂર આવું.' ચંડપ્રદ્યોતનરાજા પોતાના નગરમાં ગયો, ત્યાં તેણે ચંદનની મૂર્તિ કરાવી તથા પાંચસેં મુનિના પરિવારવાળા કપિલ-ઋષિ પાસે તે મૂર્તિની તેણે પ્રતિષ્ઠા કરાવી. પછી વિધિપૂર્વક તે મૂર્તિ લઈને તે રાજા અનિલવેગ-હાથી ઉપર બેસીને ભેરા-નગરીએ આવ્યો. ત્યાં આવીને તેણે નૂતન પ્રતિમાને સ્થાપન કરી, દાસીએ અસલ મૂર્તિ ઉપાડી. અને તેણી (સુવર્ણગુલિકા) રાજા સાથે અવંતીનગરીએ આવી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**દાસીપતિ.**

दासो दासीवतिओ छेत्तट्ठी जो घरे य वत्तव्वो ।
आणं कोवेमाणो हंतव्वो बंधियव्वो य ॥३१८५॥ निशी० उ० १०

પ્રભાતે ઉદાયનરાજા જિનમન્દિરમાં જઈને જુએ છે તો માલા કરમાયેલી દીઠી તેથી માન્યું કે આ મૂર્તિ મૂલમૂર્તિ નથી. થાંભલે લાગેલી પુતળીની માફક સુવર્ણગુલિકા દાસી પણ જોવામાં ન આવી, અને હાથીઓનો ઝરતો મદ પણ બંધ થયો હતો. આ તમામ જોઈને ઉદાયનરાજાએ વિચાર્યું કે, 'નક્કી ચંડ-પ્રદ્યોતનરાજા કે જેણે દાસીની માગણી કરી હતી, તે કામવિવશ બની આવ્યો હોવો જોઈએ અને તે પ્રતિમા અને દાસીને લઈ ગયેલો હોવો જોઈએ. 'ઉદાયન ક્રોધે ભરાયો, તેણે તેને ચોર ગણ્યો અને સજા કરવા માટે દશ મુકુટબદ્ધ રાજા સાથે તે અવંતી-નગરી ઉપર ચઢાઈ લઇ ગયો. સંગ્રામ થયો, ઉદાયનરાજાએ બાણથી હાથી ઉપરથી તેને નીચે પાડ્યો તથા તપાવેલી લોઢાની સળીઓથી તેના કપાલમાં 'મમ દાસીપતિ' અક્ષરો લખી, તેને કેદમાં નાખ્યો.'

**મૂર્તિ ત્યાં નહિ આવે.**

પછી ઉદાયનરાજા દે'રામાં જઇ, નમન કરી. સ્તુતિ કરી શ્રીજિનેશ્વરદેવને લેવા માંડ્યા પણ મૂર્તિ સ્થાનથી ખસી નહિ એટલે રાજા બોલે છે. 'હે નાથ ! મારો કયો વાંક છે ? કે-જેથી આપ મારી સાથે પધારતા નથી.' તે વખતે મૂર્તિનો અધિ-ષ્ઠાયકદેવ બોલ્યો-'હે રાજન્ ! હવે વ્યર્થ આગ્રહ ન કર, કેમકે તારૂં શહેર ધૂલથી દટાવાનું છે માટે મૂર્તિ ત્યાં નહિ આવે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**ક્ષમાપના.**

રાજા હવે આગળ ચાલ્યો. માર્ગમાં ચોમાસું આવ્યું. રાજાએ ત્યાંજ પડાવ કર્યો, ત્યાં દશપુર (મન્દસોર) વસ્યું. ( આવ૦ હા૦ પૃ૦ ૨૯૬ થી ૩૦૦ આવ૦ ચૂ૦ પૃ૦ ૪૦૧ ) પર્યુષણામાં ઉદાયનરાજાએ પૌષધ કર્યો ત્યારે રસોયાએ ચંડપ્રદ્યોતનને પૂછયું-'આજ આપ શું ભોજન લેશો ?' ચંડપ્રદ્યોતન શંકાશીલ બની વિચારે છે, 'કદી નહિ અને આજે આ પ્રશ્ન કેમ પૂછવામાં આવે છે ?' તે રસોયાને કહે છે : 'આજે આમ પૂછવાનું કાંઇ કારણ ?' રસોયો બોલ્યો: 'રાજન્! પર્યુષણોત્સવના કારણે મારા સ્વામી(રાજા)ને આજે ઉપવાસ છે, તમારા માટે રસોઈ કરવાની છે.' ચંડપ્રદ્યોતને રસોયાને કહ્યું: 'તેં પર્વ સંભારી આપ્યું તે ઘણું સારૂં કર્યું આજે મારે પણ ઉપવાસ છે.' રસોયાએ આ સમાચાર ઉદાયનને આપ્યા એટલે હવે ઉદાયન વિચારે છે, 'અહો ! સાધર્મિક બંદિખાનામાં હોય તો મારાં પર્યુષણ શોભે નહિ.' તેણે ચંડપ્રદ્યોતનને કેદમાંથી કાઢી ખમાવ્યો ડા'મ છુપાવવા રત્નનો પટ્ટો આપ્યો સોનામણિરત્નનો પટ્ટ આપવા પૂર્વક તેને આખો અવંતિદેશ સોંપી દીધો. ( નિશીથ ચૂ૦ પ્ર૦ ખ૦ પૃ૦ ૩૪૫ ) (ચૂર્ણિમાં કુમારનંદિના સ્થાનમાં અણુંગસેણ નામ છે.) ચોમાસું પૂરૂં થયેથી તે વીતભય નગરે આવ્યો. મૂલપ્રતિમાની પૂજા માટે તેણે બાર હજાર ગામ આપ્યા.

હવે રાજા પ્રભાવતીદેવની આજ્ઞાથી નવી મૂર્તિની પૂજા કરે છે. રાજા પોતાની પૌષધશાલામાં મધ્યરાત્રે વિચારે છે-'તે રાજાઓ, શ્રેષ્ઠિવર્યો, અને સાર્થવાહોને ધન્ય છે, તેઓ નમસ્કાર કરવા લાયક છે કે-જેઓએ શ્રીવીરભગવાન્ પાસે દીક્ષા લીધી છે. જો સ્વામી મને પવિત્ર કરે, પધારે તો તેમના ચરણકમલમાં પ્રવ્રજ્યા લઈ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પવિત્ર થાઉં,' તેના મનોગત ભાવ જાણી ભગવાન્ ચંપાથી ચાતુર્માસ કરી ત્યાં આવ્યા. ત્યાંથી રાજગૃહી ચોમાસું કર્યું. 'ભગવાન્ સિદ્ધાચલ આવ્યા નથી' એમ કહેનારાઓએ વિચારવું જોઇએ કે સિંધુસૌવીરમાં એકેય ચોમાસું નથી એનું શું?

### ઉદાયનરાજા, રાજર્ષિ થયા.

ઉદાયનરાજા કોણિકની માફક મહોત્સવપૂર્વક વંદના કરવા નીકળ્યા. ત્યાં આવી વંદના કરી, દેશના શ્રવણ કરી. પોતાના પુત્ર અભીચિને રાજ્ય (અનર્થકર જાણી) ન આપતાં, પોતાના ભાણેજ કેશિને રાજ્ય આપ્યું. ભાણેજે કરેલા મહોત્સવપૂર્વક ઉદાયનરાજાએ દીક્ષા લીધી.

### તીવ્ર તપશ્ચર્યા. વિષ અપાય છે, સંહરાય છે, આખરે વિષવ્યાપે છે, કેવલજ્ઞાન, મોક્ષ.

ઉદાયનરાજા હવે તીવ્ર તપશ્ચર્યા કરે છે. રોગ ઉત્પન્ન થાય છે. વૈદ્યે મુનિને નિદાન કરી કહ્યું કે–'તમારે દહીં લેવું,' મુનિને હવે શરીરની સ્પૃહા નથી. ઉદાયનમુનિ વિહાર કરતાં કરતાં ભેરા તરફ ગયા. દુનિયા કેવી વિલક્ષણ છે. કર્મચંડાલ પ્રધાનોએ પેલા કેશિ (ભાણેજ) રાજાને ભરમાવ્યું: 'આ તારો મામો દીક્ષાથી કંટાળી રાજ્ય લેવા પાછો આવે છે. માટે તેનો વિશ્વાસ કરતો ના' ખાનદાન હૃદયવાળા કેશિએ કહ્યું કે: 'તેનુ જ રાજ્ય છે. ભલેને લે. મંત્રી ભોંઠો પડયો, ફરી બીજી યુક્તિ કરી તે બોલ્યો– 'હે રાજન્! રાજ્ય પુણ્યથી મળે છે. આ રાજ્ય કાંઈ તેણે તને નથી આપ્યું પરન્તુ તારા પુણ્યમાં હતું તો મળ્યું, માટે પુણ્યથી પ્રાપ્ત થયેલા રાજ્યને જવા ન દેવાય.' કર્મચંડાળે બરાબર ચાવી ચડાવી. મુનિને ઝેર આપવાનો માર્ગ બતાવ્યો. કેશિ-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા ઉત્તમકુળનો છતાં પ્રધાને પ્રેર્યો એટલે તેમ કરવા તૈયાર થયોઃ ઢોર પાળવાવાળા પાસે રાજાએ મુનિને દહીં માં વિષ અપાવ્યું પણ દેવતાએ સંહરી લીધું. પછી દહીં ખાવું બંધ કર્યું. રોગ વધવા લાગ્યો. વળી દહીં ખાવા માંડયું, ફરી ઝેર અપાયું, ફરી દેવે સંહર્યું: આખરે દેવના પ્રમાદથી કોઇ વખત વિષ ન સંહરવાથી શરીરમાં ઝેર વ્યાપી ગયું. ઉદાયનમુનિએ અનશન સ્વીકાર્યું. ત્રીશ દિવસ અનશન પાળ્યું, કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને ઉદાયનરાજર્ષિ મોક્ષે ગયા, સિદ્ધિ-સુંદરીના સ્વામી થયા.

**ભેરા-નગર ધૂલથી દટાયું.**

દેવતાને ક્રોધ ચઢચો ધૂલની વૃષ્ટિ કરી, આખા નગરને ધૂલથી દાટી દીધું. ઉદાયનના પુત્ર અભીચિએ વિચાર્યું-'મારા પિતાએ મને રાજ્ય નહિ આપતાં પોતાના ભાણેજને રાજ્ય આપ્યું.' આવી રીતે પોતાના પિતાને ધિક્કારતો, તે કેશિની સેવા તજી, પિતાના અપમાનથી રાજા કોણિક પાસે ગયો. કોઇ વખત ભગવાન્ શ્રીમહાવીરદેવની વાણી સાંભળી તે બોધ પામ્યો, શ્રાવક થયો પણ ઉદાયન પરત્વેનું વેર છૂટતું નથી. કર્મની પ્રકૃતિ વિચિત્ર છે.

અંતે તે પંદર દિવસનું અનશન કરી વેર આલોવ્યા વિના કાલ કરી ભવનપતિમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જઈ મોક્ષ પામશે. (મ૦ સૂ૦ ૪૯૦-૪૯૧) ત્રિ૦ પ૦ ૧૦ સ૦ ૧૧ શ્લોક૦ ૩૨૭ થી ૧૨ શ્લોક૦ ૨૫).

વીરનિર્વાણથી ૧૬૬૯ વર્ષે, ધૂલના ઢગલામાંથી આ મૂર્તિને કુમારપાલરાજા કાઢશે અને પૂજશે, એવું કથન છે.

**પર્વારાધનનું અવશ્ય કર્તવ્ય.**

उत्सृज्य सावद्यमुदायनोऽसौ, श्रीपर्वघस्रेषु निरीहभक्त्या ।
जग्राह धर्मं शुभयोगसंयुतं, तद्वद्विधेयो व्रतिभिर्गृहस्थैः ॥१॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

श्रीपर्वपुण्यकृत्यानि, श्रीलक्ष्मीसूरिणा मुदा ।
श्रीप्रेमविजयाद्यर्थे, व्याख्यानाय स्तुतानि च ॥

પર્યુષણાપર્વમાં પવિત્ર કર્તવ્યો અવશ્યમેવ કરવાં જોઇએ.

આ સમજી જેઓ પૌષધાદિ કરશે તેઓ મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

ઉદાયનરાજાએ સાવદ્યનો ત્યાગ કરીને નિઃસ્પૃહ ભક્તિવડે કરીને પર્વના દિવસોમાં શુભસંયોગસહિત ધર્મને ગ્રહણ કર્યો તેની માફક વ્રતવાળા એવા ગૃહસ્થોએ અર્થાત્ શ્રાવકોએ એ પર્વની આરાધના કરવી જોઇએ.

શ્રીવિજયલક્ષ્મીસૂરિજીએ પ્રેમવિજયાદિ શિષ્યો માટે અને વ્યાખ્યાનને માટે આ રચેલા છે.

卐

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust